અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

10 FEBRUARY-2026 TUESDAY | Vol. : 17 | Issue : 219 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3



પુતિનને પણ હસીનાઓના રવાડે ચઢાવવા માંગતો હતો: એપસ્ટીન પુતિનને પણ ઓફર કરવાના પ્રયાસમાં હતો

4



ચંદ્ર ઉપર માનવ વસાહત બાદ હવે હોટેલ શરૂ કરવાનું સ્વપ્ન

6



જાયન્ટ કિલર નેપાળ પર ક્રિકેટના દિગ્ગજો આફરીન! આ દિગ્ગજે કોચ બનવાની ઓફર આપી

7



G20 દેશોમાં ભારતીય અર્થતંત્રનો વિકાસ સૌથી ઝડપી

# મણિપુરમાં ફરી હિંસા ફાટી નીકળી, 25 ઘર બળીને ખાખ

## તોફાની તત્વોએ રાઈફલથી ગોળીબાર પણ કર્યો, BSF-CRPF અને આસામ રાઈફલ્સના જવાનો તૈનાત

**ઈમ્ફાલ, તા.09**

મણિપુરના ઉખરુલ જિલ્લાના લિટાનમાં તણાવ યથાવત છે. જોકે, ભારે સુરક્ષા તૈનાતી વચ્ચે હાલ માહોલ શાંત છે. પોલીસના જણાવ્યા અનુસાર, તાંગખુલ નાગા અને કુકી સમુદાયો વચ્ચે થયેલી હિંસક અથડામણો બાદ લિટાન અને તેની નજીકના મંગકોટ ગામમાં મોટા પાયે લોકોનું સ્થળાંતર ચાલુ છે. રવિવારે મોડી રાત્રે લગભગ 11:30 વાગ્યે લિટાન બજારમાં હિંસા ફાટી નીકળી હતી. આ દરમિયાન તોફાનીઓએ સ્વયંસંચાલિત હથિયારો અને રાઈફલોથી ગોળીબાર પણ કર્યો હતો, જેના કારણે વિસ્તારમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો. હિંસામાં 25 ઘર અને ચાર સરકારી ક્વાર્ટર બળીને ખાખ થઈ ગયા છે. હિંસાની શરૂઆત 7 ફેબ્રુઆરીની સાંજે લિટાન સરેઈખોંગમાં દારૂના નશામાં થયેલા ઝઘડાથી થઈ હતી, જેમાં તાંગખુલ નાગા સમુદાયના સ્ટર્લિંગ નામના વ્યક્તિ સાથે કથિત રીતે મારપીટ થઈ હતી. બાદમાં તેને સારવાર માટે ઈમ્ફાલની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ઉખરુલના જિલ્લા મેજિસ્ટ્રેટે લિટાનમાં કર્ફ્યુ લગાવી દીધો છે.



### ડેપ્યુટી સીએમ લોસી ડિકો લિટાન પહોંચ્યા

મણિપુરના ઉપ-મુખ્યમંત્રી લોસી ડિકો, જે એક નાગા નેતા પણ છે, રવિવારથી જ અશાંત વિસ્તારમાં પડાવ નાખી રહ્યા છે અને તણાવ ઘટાડવામાં મદદ કરવા માટે સ્થાનિક લોકો સાથે બેઠકો કરી રહ્યા છે. લોસી ડિકોએ વરિષ્ઠ ભાજપ નેતા એલ ન્યુમઈની હાજરીમાં તેમના લેમ્ફેલ ઘરે ફૂટહિલ્સ નાગા કોઓર્ડિનેટિંગ કમિટી (FNCC) અને જોઈન્ટ ટ્રાઈબ્સ કાઉન્સિલ (JTC) ના નેતાઓ સાથે પણ બેઠક કરી.

# 'ગુજરાત સહિત દેશભરમાં લાગુ કરો SOP' ડિજિટલ ફ્રોડ મામલે સુપ્રીમ કોર્ટનો કડક આદેશ

**નવી દિલ્હી, તા.09**

દેશમાં સતત વધી રહેલા ડિજિટલ ફ્રોડના કિસ્સાઓ પર સુપ્રીમ કોર્ટે લાલ આંખ કરી છે. અદાલતે આ પ્રકારની છેતરપિંડીને લૂંટ ગણાવતા અત્યંત ગંભીર ટિપ્પણી કરી છે. ખાસ કરીને ગુજરાત અને દિલ્હી સરકારને આદેશ આપ્યો છે કે, ડિજિટલ અરેસ્ટ જેવા ગંભીર ગુનાઓની તપાસ માટે જરૂરી મંજૂરીઓ (સેન્ક્શન) આપવામાં સહેજ પણ વિલંબ ન કરવામાં આવે, જેથી તપાસ પ્રક્રિયા ઝડપી બની શકે.

સુપ્રીમ કોર્ટે સુનાવણી દરમિયાન જણાવ્યું કે, અત્યાર સુધીમાં સાયબર ઠગ ટોળકી દ્વારા અંદાજે રૂ.54,000 કરોડથી વધુની રકમ પડાવી લેવામાં આવી છે. આ સ્થિતિને કાબૂમાં લેવા માટે કોર્ટે કેન્દ્ર સરકારને આદેશ આપ્યો છે કે, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા તૈયાર કરવામાં આવેલી 'સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસીજર' (SOP)ને સમગ્ર દેશમાં સત્તાવાર રીતે લાગુ કરવામાં આવે.

અદાલતે સ્પષ્ટ કહ્યું છે કે, આવા કિસ્સાઓમાં બેંકોની બેદરકારી અથવા અધિકારીઓની મિલીભગતની શક્યતાને નકારી શકાય નહીં. RBIની SOP મુજબ, જો કોઈ શંકાસ્પદ વ્યવહાર જણાય તો તાત્કાલિક ડેબિટ કાર્ડ હોલ્ડ પર રાખવા જેવી ત્વરિત કાર્યવાહી થવી જોઈએ, જેથી સામાન્ય નાગરિકના નાણાં બચાવી શકાય.

સુપ્રીમ કોર્ટે આ મામલે CBIને દેશભરમાં નોંધાયેલા ડિજિટલ અરેસ્ટના કેસોની ઓળખ કરી તેની વિસ્તૃત તપાસ કરવા સૂચના આપી છે. આ ઉપરાંત ટેલિકોમ વિભાગ (DoT), RBI અને અન્ય એજન્સીઓને ચાર અઠવાડિયામાં સંયુક્ત બેઠક યોજીને એક ડ્રાફ્ટ તૈયાર કરવા જણાવાયું છે. આ સમન્વયનો મુખ્ય હેતુ એજન્સીઓ વચ્ચે માહિતીની આપ-લે અને છેતરપિંડી રોકવાનો છે. કોર્ટે માનવીય અભિગમ અપનાવતા કહ્યું કે, ડિજિટલ અરેસ્ટનો શિકાર બનેલા લોકો ઘણીવાર માનસિક અને આર્થિક રીતે તૂટી જતા હોય છે. આવા પીડિતોને વળતર આપવા માટે એક અસરકારક માળખું તૈયાર કરવું જરૂરી છે.

# 'FIR નોંધીને ધરપકડ કરો..', PM મોદી સાથે 'અપ્રિય ઘટના'ની આશંકા મુદ્દે રાહુલ ગાંધીનો જવાબ.....

**નવી દિલ્હી, તા.09**



સંસદના બજેટ સત્રમાં સતત હંગામો જોવા મળી રહ્યો છે. આજે સવારે 11 વાગ્યે સંસદ શરૂ થતાં જ ભારે ઉહાપોહ મચાવવામાં આવ્યો જે બાદ મંગળવાર સુધી સંસદની કાર્યવાહી સ્થગિત કરી દેવામાં આવી. આજે ફરી રાહુલ ગાંધી પૂર્વ સેના પ્રમુખ નરવણે પર બોલવા માંગતા હતા પણ તેમણે બજેટ પર જ બોલવા માટેની મંજૂરી આપવામાં ન આવતા વિપક્ષે ફરી સંસદમાં ભારે વિરોધ કર્યો હતો. જે બાદ રાહુલ ગાંધીએ લોકસભા સ્પીકરની મુલાકાત કરી હતી અને વિવિધ મુદ્દા પર વિપક્ષનો પક્ષ રાખ્યો હતો. સૂત્ર તરફથી એ પણ માહિતી મળી છે કે વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ ઈન્ડિ ગઠબંધનના નેતાઓ સાથે લોકસભા સ્પીકર ઓમ બિરલા સાથે મુલાકાત કરી હતી. જેમાં મુખ્યત્વે ત્રણ મુદ્દા ઉઠાવ્યા હતા, જેવા કે, રાષ્ટ્રપતિના અભિભાષણ પર વિપક્ષને બોલવાની જ મંજૂરી આપવામાં આવી નથી, બીજો મુદ્દો એ મૂક્યો કે સત્તા પક્ષ દ્વારા ઘણી વખત પુસ્તકને ટાંકીને વિપક્ષ પર આરોપો મૂકવામાં આવે છે, તો બીજી તરફ કેમ વિપક્ષ પુસ્તકની વાતને ટાંકીને સંસદમાં રજૂ કરે તો તેને મંજૂરી આપવામાં આવતી નથી, છેલ્લે રાહુલ ગાંધીએ આઠ સાંસદોને સત્રમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા તે પર પણ પોતાનો પક્ષ મૂક્યો હતો, છેલ્લે PM મોદી પર લોકસભામાં અપ્રિય થવાની શક્યતા હતી તે વાતને નકારી કાઢી હતી અને સવાલ કર્યો હતો કે તો ફરિયાદ કેમ નોંધવામાં આવી નથી? રાહુલ ગાંધીએ કહ્યું કે, અમે ખૂબ જ પરેશાન છીએ કે એ ફેલાવવામાં આવી રહ્યું છે કે લોકસભા વિપક્ષી સભ્યો વડા પ્રધાનને ધમકાવવાના હતા. તેવો કોઈ સવાલ ઊભો જ થતો નથી, સત્ય સાફ છે, વડા પ્રધાન સંસદમાં આવવાથી ડરી રહ્યા છે. કેમ કે તેઓ સત્યનો સામનો કરી શકતા નથી. અમારા સભ્યો વડા પ્રધાન પર હુમલો કરે તેવો કોઈ સવાલ જ ન હતો. તેમનામાં આવવાની હિંમત હોવી જોઈએ. જો વડા પ્રધાન પર હુમલો થવાની શક્યતા હતી તો તાત્કાલિક FIR નોંધવી જોઈએ અને જવાબદારોની ધરપકડ થવી જોઈએ. તમે કેમ એવું કરી રહ્યા નથી? 5 ફેબ્રુઆરીના રોજ ઓમ બિરલાએ કહ્યું હતું કે, હું ખૂબ દુખી થઈને કહી રહ્યો છું કે મારી ચેમ્બરમાં કેટલાક સદસ્યો જે વ્યવહાર કર્યો તેવું ભૂતકાળમાં ક્યારેય નથી થયું. વિપક્ષના સદસ્યોએ જે કર્યું તે કલંક સમાન છે. PM મોદી રાષ્ટ્રપતિના અભિભાષણ પર જવાબ આપવાના હતા. તે પહેલા મારી પાસે જાણકારી આવી કે કોંગ્રેસના સાંસદો વડાપ્રધાન સાથે અપ્રિય ઘટના કરી શકે છે. જે બાદ મેં PM મોદીને આગ્રહ કર્યો કે તમે સદનમાં ન આવશો.



# અમદાવાદમાં ગુજરાતનું પ્રથમ આધુનિક 'શ્વાન મુક્તિધામ' શરૂ, પેટ ડોગ્સને મળશે સન્માનભેર અંતિમ વિદાય....



**અમદાવાદ, તા.09**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સીએનસીડી વિભાગ દ્વારા ગુજરાતમાં પેટ ડોગ ઓનર્સ માટે સૌપ્રથમવાર કોર્પોરેશન સંચાલિત CNG બેઝ્ડ ક્રિમેટોરિયમ મશીન પેટ ડોગ્સની અંતિમવિધિની સુવિધા માટે કાર્યરત કરવામાં આવ્યું છે. સમગ્ર દેશમાં કોર્પોરેશન સંચાલિત શહેરી વિસ્તારમાં પણ આ પ્રથમ પેટ ડોગ ક્રિમેટોરિયમ છે.

ભારત સરકાર દ્વારા પ્રસિદ્ધ થયેલા એબીસી રૂલ્સ-2023 તથા NAPRE-2030 મુજબ રખડતા શ્વાનના રસીકરણ અને ખસીકરણ, પેટ ડોગ રજિસ્ટ્રેશન, બીમાર શ્વાનની તબીબી સારવાર, ડેડીકેટ ફીડીંગ સ્પોટ, વેલ્ફેર પ્રવૃત્તિઓ, સારવાર તથા સાર-સંભાળ જેવી વિવિધ કામગીરી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સતત અમલમાં મુકાઈ રહી છે. આ જ નિયમોના અનુસંધાને મૃત પેટ ડોગ્સના અંતિમ સંસ્કાર વૈજ્ઞાનિક પદ્ધતિથી કરી સદગત જીવાત્માને સન્માનપૂર્વક અંતિમ વિદાય આપવાની સુવિધા AMC દ્વારા શરૂ કરવામાં આવી છે.

અમદાવાદ શહેરમાં સીએનસીડી એબીસી સેન્ટર, જમાલપુર ચાર રસ્તાથી ખોડિયારનગર ચાર રસ્તા રોડ, સુએઝ પંપિંગ સ્ટેશન કેમ્પસ, બહેરામપુરા ખાતે નોર્થ ઈસ્ટ મશીન કરમસદ એજન્સી દ્વારા રૂ.30 લાખના ખર્ચે CNG ગેસ સંચાલિત ડોગ ક્રિમેટોરિયમ (એનિમલ ક્રિમેટર) કાર્યરત કરાયું છે. આ ઉપરાંત, શ્વાનના ખસીકરણ ઓપરેશન દરમિયાન નીકળતા ઓર્ગનના નાશ માટે નાનું ઓર્ગન ક્રિમેટર મશીન છેલ્લા બે વર્ષથી સફળતાપૂર્વક કાર્યરત છે.

આ ગેસ ફાયર્ડ ડોમેસ્ટિક ડોગ ક્રિમેટર એક સમયે ત્રણ ડોગના અંતિમ સંસ્કાર કરવાની ક્ષમતા ધરાવે છે. તેમાં પ્રાઈમરી અને સેકન્ડરી ચેમ્બર હોવાથી દહન પ્રક્રિયા દરમિયાન ચિમનીમાંથી કોઈ દુર્ગંધ બહાર આવતી નથી. મશીનમાં મહત્તમ 850 ડિગ્રી સેન્ટિગ્રેડ તાપમાન સુધી કામગીરી શક્ય છે અને સામાન્ય રીતે 800Cથી 900C તાપમાને દહન પ્રક્રિયા થાય છે. બે ડોગના અંતિમ સંસ્કાર માટે આશરે 14 યુનિટ નેચરલ ગેસનો ઉપયોગ થાય છે, જ્યારે એક ડોગ માટે અંદાજે રૂ.700 જેટલો ખર્ચ આવે છે. આ મશીન પર્યાવરણીય માપદંડોને અનુરૂપ, સ્મોક ઓડરલેસ અને કલરલેસ તેમજ એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી છે. મશીનમાં ઓટોમેટ ટ્રોલી સિસ્ટમ દ્વારા મૃત પ્રાણીને અડ્યા વગર પ્લેટફોર્મ સિસ્ટમથી ક્રિમેટર મશીન સુધી લઈ જવાની સુવિધા ઉપલબ્ધ છે.

હ્યુમન ક્રિમેટોરિયમના ધોરણે અહીં અંતિમવિધિ માટે માનવસંવેદનશીલ વ્યવસ્થાઓ પણ કરવામાં આવી છે. CCTV સુવિધા હોવાના કારણે પેટ ડોગ ઓનર પોતાના ઘરે બેઠા પોતાના પેટ ડોગની અંતિમવિધિ જોઈ શકે છે. મૃત શ્વાનના પરિવારજનો માટે 6 સિટિંગ બાકડાની વ્યવસ્થા છે, તેમજ પેટ ડોગની અંતિમવિધિ પૂર્ણ થયા બાદ પેટ ડોગની અસ્થિ/રાખને માટલીમાં ભરી લાલ કપડામાં મૂકીને સન્માનપૂર્વક પેટ ડોગ ઓનરને તેમના ઘરે સુધી આપવાની સુવિધા છે.

આ ક્રિમેટેરિયમના ઉપયોગની પ્રક્રિયા સરળ છે, જેમાં પેટ ડોગનાં મૃત્યુ અંગે 155303 પર ફોન કરી જાણ કરવાની હોય છે, તેમજ પેટ ડોગના રજિસ્ટ્રેશનની રસીદ મોકલવાની રહે છે. આ ઉપરાંત ખાતાની અંતિમ ધામ જીવ સેવા રથ, ફુલહાર, પૂજા સામગ્રી સાથે મૃત ડોગ્સનાં સ્થળ પર માલિકની મુલાકાત લઈ પેટ ડોગ્સની વિધિવત માલિક દ્વારા તેના ઘરે પૂજા વિધિ, ફુલહાર કરી પેટ ડોગને સન્માનપૂર્વક ક્રિમેટોરિયમ ખાતે લાવવામાં આવે છે. માલિક ઈચ્છે તો ક્રિમેશનની વિધિમાં સામેલ રહી શકે છે. જો પેટ ડોગનું રજિસ્ટ્રેશન થયેલ ન હોય તો તેવા માલિકો માટે ઓનલાઈન માધ્યમથી રજિસ્ટ્રેશન/શ્વાન સેવા ડોનેશન કરવા માટેની સુવિધા ઉપલબ્ધ કરાઈ છે. પરિવારજનો માટે ફોટો અથવા વીડિયો તેમજ પેટ ડોગના મૃત્યુનું પ્રમાણપત્ર અને વાર્ષિક પુણ્યતિથિ નિમિતે યાદગીરી સંદેશ આપવાની વ્યવસ્થા પણ રાખવામાં આવી છે.

આ ગેસ ફાયર્ડ ડોગ ક્રિમેટર અપનાવવાનું મુખ્ય કારણ એ છે કે, અકસ્માતથી કે કુદરતી રીતે શ્વાનનું મૃત્યુ થવા પર જમીનમાં દફનાવવાથી જમીન પ્રદૂષિત થાય છે અને વિવિધ રોગો ફેલાવાનો ભય રહે છે, તેમજ પૂરતી જગ્યા પણ ઉપલબ્ધ હોતી નથી. પાલતુ તેમજ શેરીનાં કુતરાઓમાં કેનાઈન ડિસ્ટેમ્પર વાઈરસ, હડકવા જેવા વાઈરસ જોવા મળતા હોય છે. ત્યારે આ ક્રિમેશન પ્રક્રિયા દ્વારા કેનાઈન ડિસ્ટેમ્પર જેવા વાઈરસનો નાશ થતો હોવાથી અન્ય ડોગ્સમાં સંક્રમણનો ખતરો પણ ટળે છે.

આ ઉપરાંત પેટ ડોગ માલિકો કે જે પોતાના ડોગને માટે ખુબ જ લાગણી રાખે છે અને તેને પરિવારના સભ્યની જેમ રાખતા હોવાથી તેમના અવસાન સમયે સન્માનપૂર્વક અંતિમ સંસ્કારની વ્યવસ્થા ખૂબ જ જરૂરી બની છે. આ જરૂરિયાતને ધ્યાને લઈ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ સુવિધા ઉભી કરવામાં આવી છે. ભવિષ્યમાં તેની ઉપયોગિતા અને માંગને ધ્યાનમાં રાખી વધુ બે નવા ડોગ ક્રિમેટોરિયમ સ્થાપવાનું આયોજન પણ કરવામાં આવશે. શહેરમાં 16843 પેટ ડોગ માલિકો દ્વારા 19162 પેટ ડોગ્સની નોંધણી કરાયેલી છે, જેમની સુવિધા માટે આ પ્રોજેક્ટ તૈયાર કરાયો છે. આ અબોલ અને અણમોલ જીવને માનવીય સંવેદનાથી અંતિમ વિદાય આપવાનું ઉત્તમ જીવસેવા કાર્ય સીએનસીડી વિભાગની આ પહેલ ગણાશે.

# નડિયાદમાં રખડતા ઢોરનો ત્રાસ યથાવત: લાખોના કોન્ટ્રાક્ટ છતાં ઢોર એજન્સીની કામગીરી પર સવાલ

**નડિયાદ, તા.09**

નડિયાદ શહેરના મુખ્ય માર્ગ સંતરામ રોડ પર રખડતા ઢોરોનો ત્રાસ યથાવત છે. સંતરામ મંદિર તરફ જતા આ વ્યસ્ત માર્ગ પર ગાયોના ટોળાં અડિંગો જમાવીને બેસતા વાહનચાલકો અને રાહદારીઓ માટે મુશ્કેલી સર્જાઈ છે. આ સ્થિતિ જીવના જોખમે મુસાફરી કરવા સમાન બની છે.



મહાનગરપાલિકા દ્વારા રખડતા પશુઓને પકડવા માટે લાખો રૂપિયાના કોન્ટ્રાક્ટ આપવામાં આવે છે. જોકે, વાસ્તવિકતામાં ઢોર પકડતી એજન્સીની કામગીરી માત્ર કાગળ પર જ સીમિત હોવાનું જણાઈ રહ્યું છે. સંતરામ મેળો પૂર્ણ થયા બાદ પણ રસ્તાઓ પર પશુઓનું સામ્રાજ્ય યથાવત રહેતા નગરજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સંતરામ રોડ જેવા વ્યસ્ત વિસ્તારમાં પશુઓ રસ્તાની વચ્ચોવચ બેસતા ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે અને અકસ્માતનો ભય સતત તોળાયા કરે છે. તંત્રની આ ઢીલી નીતિ પશુપાલકોને જાણે ખુલ્લું પ્રોત્સાહન આપી રહી હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે.

ભૂતકાળમાં નડિયાદમાં રખડતા પશુઓના હુમલાને કારણે અનેક લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે, જ્યારે કેટલાક કિસ્સામાં લોકોએ જીવ પણ ગુમાવ્યા છે. આટલી ગંભીર ઘટનાઓ છતાં મહાનગરપાલિકાના સત્તાધીશો દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી. સ્થાનિક રહીશોનો આરોપ છે કે તંત્ર દ્વારા માત્ર દેખાડા ખાતર જ પશુઓ પકડવાની કામગીરી કરવામાં આવે છે.

શહેરના માત્ર મુખ્ય માર્ગો જ નહીં, પરંતુ રહેણાંક વિસ્તારોમાં પણ રખડતા પશુઓનો ત્રાસ વ્યાપક છે. સાંજના સમયે વૃદ્ધો અને બાળકોને લટાર મારવામાં પણ રખડતા પશુઓના હુમલાનો ભય સતાવે છે, જેના કારણે તેઓ ઘરમાં પુરાઈ રહેવા મજબૂર બન્યા છે. મ્યુનિસિપલ કોર્પોરેશનની એજન્સી અને અધિકારીઓની નિષ્ક્રિયતાને કારણે નડિયાદના નાગરિકો પોતાના જ શહેરમાં અસુરક્ષિત અનુભવી રહ્યા છે.

પશુઓના ત્રાસને નાથવામાં નિષ્ફળ ગયેલી મહાનગરપાલિકા અને ઢોર એજન્સી વચ્ચે મિલીભગત હોવાની શંકા પણ હવે જનતામાં પ્રવર્તી રહી છે. રખડતા ઢોરોને પકડવા માટે ફાળવવામાં આવતા ભંડોળનો સદુપયોગ થાય છે કે કેમ તે એક મોટો પ્રશ્ન છે. જો એજન્સી યોગ્ય રીતે કામ ન કરતી હોય તો તેને બ્લેકલિસ્ટ કરવાને બદલે શા માટે છાવરવામાં આવી રહી છે, તેવા સવાલો નડિયાદના કરદાતા નાગરિકો ઉઠાવી રહ્યા છે. લોકમુખે ચર્ચાઈ રહ્યું છે કે તંત્ર માત્ર નોટિસ આપીને સંતોષ માની લે છે, પરંતુ પશુપાલકો સામે કોઈ કડક ફોજદારી કાર્યવાહી કરવામાં આવતી નથી. રસ્તા પર અડિંગો જમાવીને બેસતા પશુઓને કારણે રસ્તાઓ સાંકડા બની જાય છે, જેનાથી પીક અવર્સમાં એમ્બ્યુલન્સ જેવા ઈમરજન્સી વાહનો પણ ફસાઈ જાય છે.આ પરિસ્થિતિ તંત્રની વહીવટી અણઆવડતનો ઉત્તમ નમૂનો છે. હવે સમય પાકી ગયો છે કે નડિયાદ મહાનગરપાલિકા કુંભકર્ણની નિદ્રામાંથી જાગે અને એજન્સી પાસેથી સખત હાથે કામ લે. જો આગામી દિવસોમાં રખડતા પશુઓના કારણે કોઈ મોટી હોનારત સર્જાશે, તો તેની સંપૂર્ણ જવાબદારી પાલિકા તંત્રની રહેશે. સ્થાનિકોની માંગ છે કે માત્ર કાગળ પર આંકડા બતાવવાને બદલે રસ્તાઓ પરથી પશુઓ દૂર થાય તેવી નક્કર અને કાયમી કામગીરી કરવામાં આવે.

# અમદાવાદ બાળ તસ્કરી કેસમાં મોટો ઘટસ્ફોટ: બાળકની સાથે બર્થ સર્ટિફિકેટ પણ અપાતું, એજન્ટોનું મોટું નેટવર્ક સક્રિય....

**અમદાવાદ, તા.09**

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે એક એવા મસમોટા બાળ તસ્કરી રેકેટનો પર્દાફાશ કર્યો છે, જે નિઃસંતાન દંપતીઓની સંતાન પ્રાપ્તિની ભાવનાનો દુરુપયોગ કરી લાખો રૂપિયા પડાવતું હતું. આ ટોળકી ખાસ કરીને આર્થિક રીતે સદ્ધર હોય તેવા દંપતીઓને શોધી તેમની પાસેથી 'નોન-રિફંડેબલ' એડવાન્સ રકમ વસૂલતી હતી. હાલમાં પોલીસે હૈદરાબાદ જઈ રહેલા વંદના પંચાલ, રોશન અગ્રવાલ અને સુમિત યાદવ નામના એજન્ટોની ધરપકડ કરી તેમની પાસેથી 15 દિવસનું બાળક છોડાવ્યું છે. આ સાથે જ બનાસકાંઠાના મુખ્ય સપ્લાયર યુનુસ સિંધિને પણ દબોચી લેવામાં આવ્યો છે.



મળતી માહિતી અનુસાર, ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં બહાર આવ્યું છે કે આ રેકેટ પ્લાનિંગ સાથે ચાલતું હતું. જેમાં એજન્ટો ગરીબ અથવા મજબૂર માતા-પિતાને શોધી તેમની પાસેથી દોઢેક લાખ રૂપિયામાં નવજાત બાળક ખરીદી લેતી હતી. ત્યારબાદ આ બાળકનું પોષણ કરી, તેના ફોટા પાડી એજન્ટોના ગ્રૂપમાં વાયરલ કરવામાં આવતા હતા. નિઃસંતાન દંપતી પાસેથી બાળક દીઠ 10થી 15 લાખ રૂપિયા વસૂલવામાં આવતા હતા. એકવાર સોદો નક્કી થયા પછી દંપતીને બાળક પસંદ ન આવે તો પણ એડવાન્સ પેટે લીધેલી રકમ પરત કરવામાં આવતી નહોતી.

બાળક સોંપ્યા બાદ તેને કાયદેસરનું સંતાન બતાવવા માટે આ ટોળકી નર્સિંગ હોમ સાથે મળીને કાળાબજાર કરતી હતી. એજન્ટોની સલાહ મુજબ દંપતી બાળક આવવાના થોડા સમય પહેલા જ અન્ય શહેરમાં રહેવા જતા રહેતા હતા. ત્યારબાદ દલાલો દ્વારા ચોક્કસ નર્સિંગ હોમમાં બાળકનો જન્મ થયો હોવાની ખોટી એન્ટ્રી કરાવાતી હતી. આ ખોટી વિગતોના આધારે જન્મનું પ્રમાણપત્ર અને અન્ય સરકારી દસ્તાવેજો તૈયાર કરી આપવામાં આવતા હતા, જેથી ભવિષ્યમાં કોઈ કાનૂની મુશ્કેલી ન નડે.

ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં યુનુસ સિંધિ અને સ્થાનિક એજન્ટ ગોવિંદ જેવા નામો સામે આવ્યા છે. પોલીસને શંકા છે કે આ રેકેટના તાર અન્ય રાજ્યો સાથે પણ જોડાયેલા હોઈ શકે છે અને અનેક અજાણી વિગતો બહાર આવી શકે છે. અત્યાર સુધી કેટલા બાળકોનો આ રીતે સોદો થયો છે અને કયા કયા નર્સિંગ હોમ આ પાપમાં સામેલ છે, તે દિશામાં પોલીસે તપાસ તેજ કરી છે. આગામી દિવસોમાં આ મામલે વધુ ધરપકડ અને મોટા ખુલાસા થવાની પૂરેપૂરી શક્યતા છે.

## રોડ રસ્તા અને બ્રિજ નિર્માણના કામોથી ટ્રાફિકજામમા ફસાતા વાહન ચાલકો

# પૂર્વમાં ટ્રાફિક સમસ્યાને લઈ અરાજકતાનો માહોલ

■ રોડ - રસ્તા સહિતની સુવિધા મામલે પૂર્વ સાથે ઓરમાયું વર્તન



### શહેરના વિવિધ વિસ્તારમાં ચાલતાં કામો

- નરોડા જંક્શન પર બ્રિજ નિર્માણ નું કામ
- સારંગપુર વિસ્તારમાં ચાલતુ બ્રિજ નિર્માણનું કામ
- ખોખરા વિસ્તારમાં ચાલતુ બ્રિજ હટાવવાનું કામ
- ખારીકટ કેનાલ પર ચાલતુ રોડનું કામ
- વાડજ સર્કલ પર ચાલતુ રોડનું કામ
- એલિસબ્રિજ પર ચાલતુ રિનોવેશનનું કામ

**અમદાવાદ, તા.09**

અમદાવાદ શહેરના વાહન ચાલકો અને રાહદારીઓને રોડ - રસ્તા અને ફુટપાઠની શ્રેષ્ઠ સુવિધા ઉપલબ્ધ કરાવવા મ્યુનિ કોર્પોરેશન દ્વારા કરોડો રૂપિયાના ખર્ચ એક નહી પણ અનેક પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા છે. જો કે વર્ષોથી ચાલતા રોડ-રસ્તા અને બ્રિજ સહિતની સુવિધા ના કાર્યો નાગરિકો માટે માથાનો દુખાવા રૂપ બની રહ્યા છે. જેથી લોકોના કિંમતી સમય સાથે મોંઘા ઈંધણનો વ્યય થઈ રહ્યો છે.

અ.મ્યુનિ. કોર્પોરેશન દ્વારા હાલ શહેરના વિભિન્ન વિસ્તારોમાં રોડ- રસ્તા નિર્માણ અને રિશરફેઈસ ની કામગીરી કરવામાં આવી રહી છે. આ સાથે ટ્રાફિકજામની સમસ્યા નિવારવા બ્રિજ નિર્માણ ના પ્રોજેક્ટ પણ જોર શોર થી હાથ ધરવામાં આવ્યા છે. તંત્ર દ્વારા રોડ-રસ્તા અને બ્રિજ નિર્માણની સાથે સાથે સ્ટ્રોમ વોટર લાઈન, ડ્રેનેજ લાઈન અને ફુટપાથ બનાવવાની કામગીરી પણ કરવામાં આવી રહી છે. જો કે તંત્ર દ્વારા એક સાથે અનેક કામગીરી કરવામાં આવી રહી હોય વાહનચાલક અને રાહદારીઓ માટે સમયસર ઓફીસ કે ઘરે પહોચવું સાત કોઠા વિંધવા સમાન બની રહ્યું છે. આમ પૂર્વ વિસ્તારમા ટ્રાફિક સમસ્યાને લઈ અરાજકતાનો માહોલ બન્યો છે.

શહેરના મેમ્કો, નરોડા, બાપુનગર, કાલુપુર, અમરાઈવાડી, મણિનગર, ખોખરા, નારોલ, સરસપુર, રખિયાલ, શાહીબાગ, ગોમતીપુર સહિતના અનેક ભાગોમાં ટ્રાફિક જામની સ્થિતિ થી નાગરિકો ત્રાહિમામ પોકારી ઉઠ્યાં છે. જેના પગલે કોર્પોરેશન દ્વારા પુર્વ વિસ્તાર સાથે ઓરમાયુ વર્તન ગુજારાતુ હોવાની રાવ ઉઠી છે. પૂર્વના મોટાભાગના વિસ્તારમાં સવાર સાંજના પિક અર્વસ દરમિયાન ટ્રાફિકજામની સમસ્યા વકરી છે. એમા પણ મોટાભાગના ટ્રાફિક સિગ્નલ પર બેરોકટોક પણે ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવે છે. જેના પગલે નાના- મોટો અકસ્માતો ની દહશત સર્જાય છે.

મ્યુનિ. કોર્પોરેશન દ્વારા હાલ નરોડા, સારંગપુર, સુભાષબ્રિજ, ખોખરા, સહિતના વિસ્તારોમાં બ્રિજની લગતી કામગીરી કરવામાં આવી રહી છે. જ્યાકે કેટલાક વિસ્તારોમાં ડ્રેનેજલાઈન તથા સ્ટ્રોમ વોટર લાઈન નાંખવાની કામગીરી કરવામાં આવી રહી છે. બીજીબાજુ ખાનગી સંસ્થાઓ દ્વારા પણ બિલ્ડીંગ નિર્માણ તથા અન્ય કામગીરી કરવામાં આવી રહી છે. જોકે એક સાથે હાથ ધરવામાં આવતી આ પ્રકારની કામગીરી ઓથી વાહન ચાલકો અને રાહદારીઓ મુશ્કેલીમાં મુકાયા છે. આ પ્રકારની કામગીરીથી કેટલાક રોડ રસ્તા બંધ કરવામાં આવ્યા છે. જેની સીધી અસર મધ્યમવર્ગીય પરિવારો પર થઈ રહી છે. જેમાં નોકરી કરતા કર્મચારીઓ સમયસર ઓફીસ પહોચી શકતા નથી જ્યારે અન્ય વેપાર ધંધા કરતા લોકો પણ કામના સ્થળે પહોચવામાં મુશ્કેલી વેઠી રહ્યા છે. વિદ્યાર્થીઓ માટે પણ શાળા-કોલેજ પહોચવુ દુષ્કર બની રહ્યુ છે.

ઠેર - ઠેર ચાલી રહીલા કામો થી ફક્ત ટ્રાફિકની નહી પરંતુ સ્વાસ્થની સમસ્યા પણ ઉદભવી રહી છે. સતત ઉડતી ધુળ-રજકણો અને ખાડા ટેકરા વાળા રોડ રસ્તાથી વાહન ચાલકો ને આંખ અને શ્વાસની તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે. જેમાં પ્રદુષણ પણ પોતાની ભુમિકા ભજવી રહ્યુ છે. બીજીબાજુ ખાડા-ટેકરા ધરાવતા રસ્તાથી કમરના દર્દીઓ પણ વધી રહ્યા છે. તંત્ર દ્વારા રોડ રસ્તાના નિર્માણ બાદ ફરી અન્ય કામગીરી માટે ખોદકામ કરવામાં આવે છે. જેથી ઉંચા નીચા રોડના પગલે વાહન ચાલકો માટે વાહન ચલાવવુ મુશ્કેલ બને છે.

શહેરમાં વાહન વ્યવાહરની સુવિધા ઝડપી બનવવા અ.મ્યુનિ. કોર્પોરેશન દ્વારા બીઆરટીએસનો પ્રોજેક્ટ અમલી બનાવાયો છે. એ.એમ.ટી.એસ.ની બસ સુવિધા માફક મ્યુનિ દ્વારા બી.આર. ટી.એસની બસ સુવિધા શરૂ કરવામાં આવી છે. આ હેતુ શહેરના વિભિન્ન વિસ્તારોમાં રોડ રસ્તાની મધ્યે બી.આર.ટી. એસ. કોરિડોર બનાવવામાં આવેલ છે. જોકે આ સુવિધા શહેરીજનો માટે દુવિધા બની ઉભરી આવી છે. બી.આર.ટી. એસ કોરીડોરના પગલે રોડ રસ્તા સાંકળા થતા ટ્રાફિકની સમસ્યા વધી છે. બીજી બાજુ બી.આર.ટી.એસ. કોરિડોરમાં અન્ય વાહનો પ્રવેશે નહી એ હેતુ તંત્રને સિક્યુરીટીની વ્યવસ્થા રાખવી પડે છે. તેમ છતા અનેક કોરીડોરમાં મીક્ષ વાહન વ્યવહાર જોવા મળે છે. આથી આ પ્રોજેક્ટ પણ શહેરીજનો માટે ફાયદાકારક થયો નથી.

# તારાપુર મોટી ચોકડી પર વાહનોના આડેધડ પાર્કિંગથી ટ્રાફિકને અવરોધ

**આણંદ, તા.09**

તારાપુર મોટી ચોકડી ખાતે ભાવનગર-બગોદરા હાઈવે પર આવેલા તારાપુર સર્કલ પાસે ટ્રાફિકની સમસ્યા હજુ પણ યથાવત રહેતા વાહનચાલકો અને સ્થાનિક લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. નોંધનીય બાબત એ છે કે ગત વર્ષે જ આ રોડ પહોળો કરવામાં આવ્યો હતો તેમજ સર્કલનું પણ નિર્માણ કરવામાં આવ્યું હતું. છતાં ટ્રાફિકની સમસ્યા હલ થવાને બદલે વધુ ગંભીર બનતી જઈ રહી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ રોડ પહોળો થયા પછી વાહનોની ગતિ વધવી જોઈએ હતી, પરંતુ રોડની બંને પડખે દુકાનો હોવાથી ત્યાં સતત વાહનોનું આડેધડ પાર્કિંગ થાય છે. પરિણામે રોડની પહોળાઈનો લાભ જ મળતો નથી અને ટ્રાફિક વારંવાર જામ થઈ જાય છે.સર્કલ પાસે દિવસભર નાના-મોટા વાહનો ઉભા રહેતા હોવાથી રસ્તો સાંકડો બની જાય છે.



આ સ્થિતિમાં ભારે વાહનો પસાર થાય ત્યારે ટ્રાફિક અટકી જાય છે. ખાસ કરીને સવાર અને સાંજના સમયે પરિસ્થિતિ વધુ વિકટ બની જાય છે. જેને લઈ રોડ ક્રોસ કરવા જતા રાહદારીઓને ભારે તકલીફ પડે છે. ઉપરાંત આસપાસ શાળાઓ હોવાથી રોજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ આ સર્કલ પરથી પસાર થાય છે. પરંતુ સતત ટ્રાફિક અને પાર્કિંગની અવ્યવસ્થામાં વિદ્યાર્થીઓ માટે સર્કલ પાર કરવું જોખમી બન્યું છે.

સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે પોલીસ ચોકી નજીક જ ગેરરીતિસર પાર્કિંગ થાય છે. છતાં કાર્યવાહી ન થવાને કારણે લોકોમાં તંત્રની લાપરવાહી સામે રોષ વધી રહ્યો છે. સ્થાનિકોએ માંગ કરી છે કે તંત્ર દ્વારા રોડની બાજુમાં પાર્કિંગ માટે અલગ વ્યવસ્થા કરવામાં આવે અને ગેરકાયદે પાર્કિંગ કરનાર સામે દંડાત્મક કાર્યવાહી થાય. સાથે જ ટ્રાફિક નિયંત્રણ માટે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે જેથી રોજિંદી અવ્યવસ્થા દૂર થઈ શકે.જો વહેલી તકે યોગ્ય પગલાં નહીં લેવાય તો અહીં અકસ્માતની સંભાવના સતત વધી રહી છે.

## હેરિટેજ સિટીના દરજ્જા સામે

# કોટ વિસ્તારની અનેક ઈમારતો જર્જરિત થતા દહેશતનો માહોલ

**અમદાવાદ, તા.09**

શહેરના પૂર્વ વિસ્તારમાં વર્ષો જૂના જર્જરિત મકાનો સ્થાનિક રહીશો માટે જીવલેણ સાબિત થઈ રહ્યા છે જેમાં તાજેતરમાં ઘી કાંટા વિસ્તાર માં સ્થિત એક જર્જરિત મકાન અચાનક ધરાશાયી થતા ભારે અફરાતફરી મચી ગઈ હતી. આ કરુણ ઘટના માં એક વ્યક્તિ નુ મોત નીપજ્યું હતું જ્યારે અન્ય લોકો દટાયા હતા.

અમદાવાદ શહેર નો કોટ વિસ્તાર એક સમયે વસવાટ માટે શહેરીજનોની પ્રથમ પસંદગી હતું. જો કે હવે વર્ષો જુનો આ કોટ વિસ્તાર સ્થાનિકો માટે વસવાટ હેતુ દહેશત રૂપ બની રહયો છે. કોટ વિસ્તાર મા વર્ષો જુના મકાનો રિનોવેશન અને જાળવણી ના અભાવે ભયજનક બન્યા છે. લાલ દરવાજા, કાલુપુર, ખાડિયા શાહપુર દરિયાપુર સહિતના વિસ્તારો કે જે હેરિટેજ બાંધકામો માટે પ્રસિધ્ધ છે. તથા જેના લીધે



શહેર નો હેરિટેજ સિટીમાં સમાવેશ કરાયો છે તેમાં હવે ગેરકાયદે બાંધકામો, ટ્રાફિક જામ, પ્રદૂષણ, ગીચતા, ગંદકી જેવી વિભિન્ન સમસ્યાઓ થી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

કોટ વિસ્તાર નો હેરિટેજ વારસો નિહાળવા દેશ વિદેશથી સહેલાણીઓ આવે છે. ત્યારે સ્થાનિક સ્તર ની વિભિન્ન સમસ્યાઓ લોકો ના માનસ પર પ્રતિકૂળ પ્રભાવ ઉભો કરે છે. શહેરના કોટ વિસ્તાર ની જાળવણી અર્થે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સમયાંતરે કરોડો રૂપિયા નો ખર્ચ કરવામાં આવે છે. જેમાં કોટની જૂની દિવાલ, ચબુતરા, ઐતહાસિક વર્ષો જૂની ઈમારતો, પ્રવેશદ્વાર, રોડ રસ્તા, લાઈટિંગ વગેરે પાછળ તબક્કા વાર ખર્ચો કરવામાં આવે છે. જોકે નક્કર આયોજન તથા સુપર વિઝન ના અભાવે તંત્રનો ખર્ચ વ્યર્થ સાબિત થઈ રહ્યો છે. જેના પગલે અન્ય વિસ્તાર માંથી કોટ વિસ્તાર માં આવતા નાગરિકો ખચકાટ અનુભવે છે બીજી બાજુ કોમર્શિયલ પ્રવૃત્તિઓનો વ્યાપ પણ કોટ વિસ્તારમાં વધ્યો છે. જેથી ગીચતા અને ટ્રાફિકજામ ની સમસ્યા મા વધારો થયો છે.

# બિલ્ડરોની દાદાગીરી સામે ગ્રામજનોમાં આક્રોશ: આમરોલ ગામના રસ્તાઓ પર ન્યાય માંગતા બોર્ડ લાગ્યા

**આણંદ, તા.09**

આંકલાવ તાલુકાના આમરોલ ગામે સ્મશાનના રસ્તા પર થયેલા અતિક્રમણનો વિરોધ હવે રસ્તા પર જોવા મળી રહ્યો છે. ગામના મુખ્ય ચોક અને જાહેર સ્થળો પર બિલ્ડરો વિરુદ્ધ ઉગ્ર લખાણ સાથેના બોર્ડ અને બેનરો લગાવીને ગ્રામજનોએ પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો છે.



આ બોર્ડ દ્વારા ગ્રામજનોએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, મહીસાગર નદી કિનારે આવેલ સ્મશાનનો વર્ષો જૂનો રસ્તો અને સરકારી જમીન (સર્વે નં. 610) પર બિલ્ડરો દ્વારા કરવામાં આવેલું ગેરકાયદેસર બાંધકામ કોઈ પણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહીં.

ગામમાં લાગેલા આ બોર્ડ આ કર્ષણનું કેન્દ્ર બન્યા છે અને લો ક ચર્ચા જાગી છે કે કેવી રીતે વગ દાર બિલ્ડરોએ જાહેર સુવિધાના માર્ગ પર ફેન્સિંગ કરીને સા માન્ય જનતા માટે મુશ્કેલી ઊભી કરી છે.

ગ્રામજનોના મતે, આ માત્ર જમીનનો વિવાદ નથી પરંતુ ગામની અસ્મિતા અને પૂર્વજોના સમયથી ચાલ્યા આવતા સ્મશાન માર્ગની પવિત્રતાનો સવાલ છે.

આ બોર્ડ યુદ્ધના મંડાણ સમાન છે, જેની અસર આગામી સોમવારે જોવા મળશે જ્યારે ગામ એકત્ર થઈને મામલતદારને આવેદનપત્ર આપી આ ગેરકાયદેસર ફેન્સિંગ અને બાંધકામ દૂર કરવા માટે રજૂઆત કરશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# પુતિનને પણ હસીનાઓના રવાડે ચઢાવવા માંગતો હતો: એપસ્ટીન પુતિનને પણ ઓફર કરવાના પ્રયાસમાં હતો

વોશિંગ્ટન, તા.09

અમેરિકાના જસ્ટિસ ડિપાર્ટમેન્ટ (DOJ) ના નવા દસ્તાવેજો પરથી ખુલાસો થયો છે કે યૌન અપરાધી જેફ્રી એપસ્ટીન રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની નજીક જવાનો પ્રયાસ કરી રહ્યો હતો. એપસ્ટીને અનેક પ્રસંગોએ પુતિન અને તેમના નજીકના અધિકારીઓ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો.

એપસ્ટીન 2018માં રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવ મારફતે પુતિન સુધી પોતાની વાત પહોંચાડવા માંગતો હતો. તેણે આ માટે નોર્વેના પૂર્વ પીએમ થોર્બજોર્ન યાગલેન્ડનો સંપર્ક કર્યો હતો.

જૂન 2018ના એક ઈમેલમાં એપસ્ટીને નોર્વેના પૂર્વ પીએમ થોર્બજોર્ન યાગલેન્ડને કહ્યું હતું કે તે પુતિનને સૂચન કરે કે રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લવરોવ તેની સાથે વાતચીત કરે.

દસ્તાવેજો અનુસાર, એપસ્ટીન પોતાને એક એવા પ્રભાવશાળી વ્યક્તિ તરીકે રજૂ કરી રહ્યો હતો, જે આંતરરાષ્ટ્રીય રાજકારણ અને રોકાણ જેવા મુદ્દાઓ પર રશિયાને મદદ કરી શકે છે.

CNNના રિપોર્ટ અનુસાર દસ્તાવેજો પરથી ખુલાસો થયો છે કે એપસ્ટીન ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્રમાં રશિયાના તત્કાલીન રાજદૂત વિટાલી ચુરકિનના નિયમિત સંપર્કમાં હતો.

વિટાલી ચુરકિન 2006 થી 2017 સુધી સંયુક્ત રાષ્ટ્રમાં રશિયાના કાયમી પ્રતિનિધિ રહ્યા હતા. આ સમયગાળા દરમિયાન એપસ્ટીનની તેમની સાથે ન્યૂયોર્કમાં મુલાકાતો અને વાતચીત થતી હતી.

એપસ્ટીને ચુરકિનના પુત્ર મેક્સિમને ન્યૂયોર્કની એક વેલ્થ મેનેજમેન્ટ ફર્મમાં નોકરી અપાવવામાં મદદ કરવાની ઓફર પણ કરી હતી. આ વાત એપસ્ટીનના ઈમેઈલ્સમાં સામે આવી છે.

એપસ્ટીને ચુર્કિન વિશે એવો પણ દાવો કર્યો કે તે તેની વાતચીત પછી અમેરીકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને વધુ સારી રીતે સમજવા લાગ્યો હતો. જોકે, દસ્તાવેજોમાં આ દાવાનો કોઈ પુરાવો મળ્યો નથી. ફેબ્રુઆરી 2017માં વિટાલી ચુર્કિનનું ન્યૂયોર્કમાં અચાનક મોત થયું હતું.

આ પછી, એપસ્ટીને 2018ના એક ઈમેલમાં લખ્યું કે હવે તે રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લવરોવ દ્વારા ફરીથી સંપર્ક કરવા માંગે છે.

દસ્તાવેજો દર્શાવે છે કે મે 2013માં એપસ્ટીને ઈઝરાયેલના પૂર્વ વડાપ્રધાન એહુદ બરાકને ઈમેલ કરીને કહ્યું હતું કે યાંગલેન્ડ પુતિનને મળવાના છે અને તેમણે પૂછ્યું છે કે શું એપસ્ટીન પણ પુતિનને મળી શકે છે.

એપસ્ટીને દાવો કર્યો હતો કે તે રશિયાને પશ્ચિમી દેશો પાસેથી રોકાણ મેળવવાના રસ્તાઓ પર



સલાહ આપી શકે છે. અન્ય એક ઈમેલમાં તેણે કહ્યું કે જો પુતિન મળવા માંગતા હોય તો તેમને બે થી ત્રણ કલાકનો સમય આપવો પડશે.

મે 2013ના જ એક ઈમેલમાં એપસ્ટીને પુરાવા વગર દાવો કર્યો કે તેણે સેન્ટ પીટર્સબર્ગમાં એક આર્થિક સંમેલન દરમિયાન પુતિનને મળવાની વિનંતી ફગાવી દીધી હતી. જોકે, દસ્તાવેજોમાં એ સ્પષ્ટ નથી કે પુતિને ખરેખર આવી કોઈ મુલાકાત માંગી હતી કે નહીં.

પોલેન્ડમાં જેફ્રી એપસ્ટીનના રશિયા સાથેના કથિત સંબંધોને લઈને તપાસ શરૂ કરવામાં આવી છે. પોલેન્ડના વડાપ્રધાન ડોનાલ્ડ ટસ્કે કહ્યું છે કે એપસ્ટીન અને રશિયન ગુપ્તચર એજન્સીઓના સંભવિત સંબંધોને લઈને ગંભીર સવાલ ઉભા થઈ રહ્યા છે.

કેબિનેટ બેઠકમાં ટસ્કે કહ્યું કે આંતરરાષ્ટ્રીય મીડિયામાં સામે આવી રહેલી માહિતીઓ એ તરફ ઈશારો કરે છે કે આ યૌન શોષણ કાંડ કોઈ સંગઠિત ગુપ્તચર ઓપરેશનનો ભાગ હોઈ શકે છે. તેમણે તેને પોલેન્ડની રાષ્ટ્રીય સુરક્ષા માટે ગંભીર ખતરો ગણાવ્યો.

રશિયાએ એપસ્ટીનના રશિયન ગુપ્તચર એજન્સીઓ સાથે જોડાયેલા હોવાના આરોપોને સંપૂર્ણપણે નકારી કાઢ્યા છે. ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે કહ્યું કે એપસ્ટીનને લઈને ચાલી રહેલી જાસૂસી થિયરીને ગંભીરતાથી લેવાની જરૂર નથી.

જેફ્રી એપસ્ટીન ન્યૂયોર્કનો કરોડપતિ ફાઈનાન્સર હતો. તેની મોટા નેતાઓ અને સેલિબ્રિટીઝ સાથે મિત્રતા હતી.

તેના પર 2005માં સગીર છોકરી સાથે યૌન શોષણનો આરોપ લાગ્યો હતો. 2008માં તેને સગીર સાથે સંબંધ બંધવાની માંગણી કરવા બદલ દોષિત ઠેરવવામાં આવ્યો હતો. તેને 13 મહિનાની જેલ થઈ હતી. 2019માં જેફ્રીને સેક્સ ટ્રાફિકિંગના આરોપોમાં ધરપકડ કરવામાં આવી હતી. પરંતુ કેસ ચાલતા પહેલા જ તેણે જેલમાં આત્મહત્યા કરી લીધી હતી.

તેની પાર્ટનર ગિસ્લીન મેક્સવેલને 2021માં તેની મદદ કરવાના આરોપોમાં દોષિત ઠેરવવામાં આવી હતી. તે 20 વર્ષની સજા ભોગવી રહી છે.

તેની શરૂઆત 2005માં ત્યારે થઈ જ્યારે ફ્લોરિડામાં એક 14 વર્ષની છોકરીની માતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી. તેમાં કહેવામાં આવ્યું હતું કે એપસ્ટીનના આલીશાન ઘરમાં તેની દીકરીને 'મસાજ' કરવાના બહાને બોલાવવામાં આવી હતી, પરંતુ ત્યાં પહોંચ્યા પછી તેના પર સંબંધ બાંધવાનું દબાણ કરવામાં આવ્યું.

જ્યારે તેણે ઘરે પાછા ફરીને આ વાત તેના માતા-પિતાને કહી, ત્યારે તેમણે તરત જ પોલીસમાં ફરિયાદ કરી. ત્યારે પહેલીવાર જેફ્રી એપસ્ટીન વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધાઈ. પોલીસ તપાસ દરમિયાન સામે આવ્યું કે આ એકલો કેસ નથી.

ધીમે ધીમે લગભગ 50 સગીર છોકરીઓની ઓળખ થઈ, જેમણે એપસ્ટીન પર આવા જ આરોપો લગાવ્યા હતા. પામ બીચ પોલીસ ડિપાર્ટમેન્ટે આ મામલાને ગંભીરતાથી લીધો અને ઘણા મહિનાઓ સુધી તપાસ કરી. ત્યારબાદ એપસ્ટીન વિરુદ્ધ ક્રિમિનલ તપાસ શરૂ થઈ.

કેસની તપાસમાં જાણવા મળ્યું કે એપસ્ટીન પાસે મેનહટન અને પામ બીચમાં ભવ્ય વિલા હતા. એપસ્ટીન અહીં હાઈ-પ્રોફાઈલ પાર્ટીઓ કરતો હતો, જેમાં ઘણી મોટી હસ્તીઓ સામેલ થતી હતી.

એપસ્ટીન પોતાના ખાનગી જેટ 'લોલિતા એક્સપ્રેસ'થી પાર્ટીઓમાં નાની ઉંમરની છોકરીઓને લાવતો હતો. તે છોકરીઓને પૈસા-દાગીનાની લાલચ અને ધમકી આપીને મજબૂર કરતો હતો. આમાં એપસ્ટીનની ગર્લફ્રેન્ડ અને પાર્ટનર ગિસ્લીન મેક્સવેલ તેને મદદ કરતી હતી.

# ઈરાને કહ્યું- યુરેનિયમ કાર્યક્રમ બંધ નહીં કરીએ: અમને ડરાવીને પરમાણુ પોલિસી બદલી શકાશે નહીં

તેહરાન, તા.09

ઈરાને અમેરિકાના દબાણને સખત રીતે નકારી કાઢતા કહ્યું છે કે તે પોતાનો યુરેનિયમ સંવર્ધન (યુરેનિયમ એનરિચમેન્ટ) કાર્યક્રમ કોઈપણ ભોગે બંધ કરશે નહીં, ભલે તેને સૈન્ય ધમકીઓ મળે કે નવા પ્રતિબંધો લાદવામાં આવે.

રવિવારે તેહરાનમાં એક જાહેર કાર્યક્રમમાં ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ કહ્યું કે ઈરાનને ડરાવીને તેની પરમાણુ નીતિ બદલી શકાતી નથી અને અમેરિકાના ઈરાદા પર અમને ભરોસો નથી.

આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ઘણા વર્ષો પછી ઈરાન અને અમેરિકા વચ્ચે ઓમાનમાં વાતચીત ફરી શરૂ થઈ છે. ઈરાન ઈચ્છે છે કે તેના પર લાગેલા કડક આર્થિક પ્રતિબંધો હટાવવામાં આવે, જ્યારે અમેરિકા ઈરાનના પરમાણુ કાર્યક્રમ પર રોક લગાવવા માંગે છે.

અરાઘચીએ સ્પષ્ટપણે કહ્યું કે યુરેનિયમ સંવર્ધન ઈરાન માટે કોઈપણ સંજોગોમાં સમજૂતીનો મુદ્દો નથી. તેમણે કહ્યું કે કોઈપણ દેશને એ અધિકાર નથી કે તે ઈરાનને કહે કે તેણે શું કરવું જોઈએ, ભલે યુદ્ધની ધમકી કેમ ન આપવામાં આવે.

તેમણે એમ પણ કહ્યું કે ક્ષેત્રમાં અમેરિકન સૈન્ય તહેનાતી, જેમ કે USS અબ્રાહમ લિંકન એરક્રાફ્ટ કેરિયરની હાજરી, ઈરાનને ડરાવવામાં નિષ્ફળ રહેશે.

ઈરાનના વિદેશ મંત્રીએ કહ્યું કે



અમેરિકા પર ભરોસો કરવો મુશ્કેલ છે અને તે સ્પષ્ટ નથી કે વોશિંગ્ટન ખરેખર રાજદ્વારી ઉકેલ ઈચ્છે છે કે નહીં.

તેમણે જણાવ્યું કે ઈરાન કોઈ એવો કરાર કરશે નહીં જે તેની સ્વતંત્રતા અને સન્માનની વિરુદ્ધ હોય. સાથે જ તેમણે કહ્યું કે જો પ્રતિબંધોમાં રાહત મળે છે તો ઈરાન વિશ્વાસ વધારનારા કેટલાક પગલાંઓ પર વિચાર કરી શકે છે, પરંતુ આ બધું પરસ્પર સન્માન પર નિર્ભર રહેશે.

પશ્ચિમી દેશો અને ઈઝરાયેલ લાંબા સમયથી આરોપ લગાવતા રહ્યા છે કે ઈરાન પરમાણુ હથિયારો બનાવવા માંગે છે, પરંતુ ઈરાન આ વાતનો ઈનકાર કરે છે. અરાઘચીએ કહ્યું કે ઈરાન કોઈ પરમાણુ બોમ્બની શોધમાં નથી અને તેની અસલી તાકાત મોટી શક્તિઓને 'ના' કહેવાની ક્ષમતા છે.

આ દરમિયાન અમેરિકા, ઈરાનની આસપાસ સતત પોતાની સૈન્ય તાકાતનું પ્રદર્શન કરી રહ્યું છે. ઈરાન સાથે અમેરિકી વાટાઘાટકાર સ્ટીવ વિટકૉફ અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના સલાહકાર જેરેડ કુશનરે થોડા સમય પહેલાં USS અબ્રાહમ લિંકન એરક્રાફ્ટ કેરિયરની મુલાકાત લીધી હતી.

અમેરિકાની સેનાએ કહ્યું કે આ તૈનાતી સુરક્ષા માટે છે અને ટ્રમ્પની 'શાંતિ માટે તાકાત'ની નીતિનો એક ભાગ છે.

ઈરાન અને અમેરિકા વચ્ચે ઓમાનમાં ન્યુક્લિયર મુદ્દે 6 ફેબ્રુઆરીએ વાતચીત થઈ હતી. ટ્રમ્પે તેને 'ખૂબ સારું' ગણાવ્યું હતું, જ્યારે ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પજશકિયાને તેને શાંતિ માટે 'એક પગલું આગળ' ગણાવ્યું હતું.

પરંતુ ટ્રમ્પે વાતચીત પછી તરત જ એક આદેશ જારી કરીને ઈરાન સાથે વેપાર કરતા દેશો પર નવા ટેરિફ લગાવવાની વાત કહી. આ ઉપરાંત ઈરાની તેલ નિકાસ સાથે સંકળાયેલી કંપનીઓ અને જહાજો પર નવા પ્રતિબંધો પણ લાદવામાં આવ્યા.

અરાઘચીએ કહ્યું કે આવા પગલાં અમેરિકાની ગંભીરતા પર સવાલ ઉભા કરે છે અને ઈરાન આ જ સંકેતો જોઈને નક્કી કરશે કે વાતચીત આગળ ચાલુ રાખવી કે નહીં.

આ આખી પ્રક્રિયા એવા સમયે ચાલી રહી છે જ્યારે ઈરાનની અંદર પણ સ્થિતિ તણાવપૂર્ણ છે. ડિસેમ્બરના અંતથી આર્થિક સ્થિતિ અને રાજકીય મુદ્દાઓને લઈને વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે, જેમાં હિંસા થઈ છે.

ઈરાનની સરકારનું કહેવું છે કે આ ઘટનાઓમાં 3,117 લોકોના મોત થયા છે, જેમાં મોટાભાગના સુરક્ષાકર્મીઓ અને સામાન્ય નાગરિકો હતા.

# વિદ્યાર્થીઓની ઘર સંબંધિત સમસ્યાઓ દૂર કરી, આવા બાળકોના માર્ક્સ વધ્યા, ડ્રોપઆઉટ ઘટ્યો, સારી નોકરી પણ મેળવી....

વોશિંગ્ટન, તા.09

અમેરિકાના ટેક્સાસ પ્રાંતમાં સેન માર્કોસની ઓવેન ગુડનાઈટ મિડલ સ્કૂલમાં ઠંડી સવાર છે. ગાઈડન્સ કાઉન્સેલર ટેરેસા રિવાસ એક બાળક માટે જાડું, વોટરપ્રૂફ જેકેટ પસંદ કરી રહી છે. તે માત્ર રિપોર્ટ કાર્ડ જ નથી જોતી, પણ એ પણ જુએ છે કે બાળકોના ઘરનું ફ્રિજ ભરેલું છે કે નહીં, ભાડું જમા છે કે નહીં, સારવાર કરાવવા માટે પૈસા છે કે નહીં. રિવાસ કોમ્યુનિટીઝ ઈન સ્કૂલ્સ (CIS)ની 'નેવિગેટર' છે.

'કોમ્યુનિટી સ્કૂલ મોડેલ'એ સાબિત કર્યું કે શિક્ષણ સુધારણા વર્ગખંડની બહાર, જીવનના સહારેથી શરૂ થાય છે. વિચાર એ છે કે જો બાળક ઘરે સંઘર્ષ કરી રહ્યું હોય- ગરીબી, હિંસા, માનસિક તણાવ અને બેઘર હોય તો ભણવામાં રસ ન હોઈ શકે. કોમ્યુનિટી સ્કૂલોમાં કાઉન્સેલર/નેવિગેટર બાળકોના અભ્યાસની સાથે ઘર-પરિવાર, સ્વાસ્થ્ય, માનસિક તણાવ અને આર્થિક સંકટ પર કામ કરે છે. સરકારી યોજનાઓ સાથે જોડવું, ભાડા-સારવારમાં મદદ, ભોજનની વ્યવસ્થા- આ બધું અભ્યાસનો ભાગ બની જાય છે.

હાર્વર્ડ ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ એજ્યુકેશનના રૉબ વૉટસન જણાવે છે, '12મા ધોરણ સુધી બાળકો



પોતાનો માત્ર 20% સમય ક્લાસમાં વિતાવે છે. જો તેમનો અભ્યાસ સુધારવો હોય, તો બાકીની 80% જિંદગીને પણ જોવી પડશે.' સ્કૂલ પ્રિન્સિપાલ જો મિશેલ કહે છે, 'ઘણા બાળકો માટે ઘરની સ્થિતિ તેમની પરીક્ષા કરતાં પણ મોટી પડકાર હોય છે.' કોર્નેલ યુનિવર્સિટીના અર્થશાસ્ત્રી બેન્જામિન ગોલ્ડમેન અને હાર્વર્ડના સંશોધક જેમી ગ્રેસીએ ટેક્સાસના 1.6 કરોડ વિદ્યાર્થીઓનો બે દાયકા સુધી અભ્યાસ કર્યો. તેમણે વસતિ ગણતરી બ્યુરો અને શિક્ષણ રેકોર્ડ્સનું વિશ્લેષણ કર્યું. તેના ચોંકાવનારા પરિણામો સામે આવ્યા. CISના બાળકોના ટેસ્ટ સ્કોર વધ્યા. ગેરહાજરી અને સસ્પેન્શન ઘટ્યા, હાઈ-સ્કૂલ ગ્રેજ્યુએશન 5.2% વધ્યું. બે-વર્ષીય કોલેજમાં પ્રવેશ 9.1% વધ્યો. સારી નોકરીઓ મેળવી. 27 વર્ષની ઉંમરે સીઆઈએસ શાળાઓના વિદ્યાર્થીઓ વાર્ષિક 95,000થી વધુ કમાવા લાગ્યા. યુનિસેફ અને વિશ્વ બેંકના અહેવાલો દર્શાવે છે કે ગરીબી, પોષણ અને માનસિક સ્વાસ્થ્ય શિક્ષણ પર ઊંડી અસર કરે છે. જો શાળાઓ સામાજિક સહાયનું કેન્દ્ર બને, તો ડ્રોપઆઉટ ઘટાડવામાં અને શીખવાના સ્તરમાં સુધારો કરવામાં મોટી છલાંગ શક્ય છે. હાર્વર્ડ યુનિવર્સિટીમાં પોસ્ટડોક્ટરલ ફેલો જેમી ગ્રેસી અનુસાર, CIS પર આશરે 90 હજાર રૂપિયા ખર્ચ કરવાથી 27 વર્ષની ઉંમરે વિદ્યાર્થીઓની આવકમાં 36 હજાર રૂપિયાથી વધુનો વધારો જોવા મળ્યો.

# જાપાન ચૂંટણી- PM તાકાઈચીનો પ્રચંડ વિજય: અત્યાર સુધીમાં 465માંથી 310થી વધુ બેઠકો જીતી

ટોક્યો, તા.09

જાપાનમાં રવિવારે યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં વડાપ્રધાન સાને તકાઈચીની લિબરલ ડેમોક્રેટિક પાર્ટી (LDP) એ ભવ્ય વિજય મેળવ્યો છે. NHK વર્લ્ડના અહેવાલ મુજબ અત્યાર સુધીમાં LDP એ 465 માંથી 310થી વધુ બેઠકો પર જીત મેળવી છે, જે બહુમતી માટે જરૂરી 233 બેઠકો કરતાં ઘણી વધારે છે.

તકાઈચીની જીત પર ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને અભિનંદન પાઠવ્યા છે. તેમણે X પર પોસ્ટ કરીને કહ્યું કે મને વિશ્વાસ છે કે તમારા કુશળ નેતૃત્વ હેઠળ આપણે ભારત-જાપાન મિત્રતાને નવી ઊંચાઈઓ પર લઈ જઈશું.

LDP ના નેતૃત્વ હેઠળનું ગઠબંધન સહયોગી જાપાન ઈનોવેશન પાર્ટી (ઈશિન) સાથે મળીને 366 બેઠકો જીતી શકે છે. ગઠબંધનને 310 બેઠકો મળતા જ ઉપલા ગૃહમાં વિપક્ષના નિયંત્રણ છતાં કાયદા પસાર કરવાની સત્તા મળી જશે.

તકાઈચીએ ચીન વિરુદ્ધ મજબૂત વલણ અપનાવીને લશ્કરી ખર્ચ વધાર્યો છે, આર્થિક પેકેજ અને ટેક્સ કપાતની જાહેરાત કરી છે. તેમણે ખાદ્ય પદાર્થો પરના 8% સેલ્સ ટેક્સને બે વર્ષ માટે સ્થગિત કરવાનું વચન આપ્યું છે જેથી વધતી મોંઘવારીમાંથી લોકોને રાહત મળે.

વ્યૂહાત્મક સલાહકાર કંપની FGS ગ્લોબલના મેનેજિંગ ડિરેક્ટર સેઈજી ઈનાડાના મતે, 'જો તકાઈચી મોટી જીત નોંધાવે છે, તો તેમને ટેક્સમાં ઘટાડા જેવા મહત્વના નિર્ણયો લાગુ કરવાની સ્વતંત્રતા મળશે.'

ડોનાલ્ડ ટ્રમ્પે 5 ફેબ્રુઆરીના રોજ એક પોસ્ટમાં સાને તકાઈચીને સંપૂર્ણ સમર્થન આપ્યું છે. તેમણે તકાઈચીને મજબૂત, શક્તિશાળી અને બુદ્ધિશાળી નેતા કહ્યા, જે પોતાના દેશને સાચો પ્રેમ કરે છે અને જાપાનના લોકોને નિરાશ નહીં કરે.

ટ્રમ્પે જણાવ્યું કે તેઓ 19 માર્ચ 2026 ના રોજ વ્હાઈટ હાઉસમાં તકાઈચીને મળશે. આ સમર્થન જાપાનની 8 ફેબ્રુઆરી 2026 ની ચૂંટણીના બરાબર બે દિવસ પહેલા આવ્યું છે. આ પહેલીવાર છે જ્યારે કોઈ અમેરિકી રાષ્ટ્રપતિએ જાપાનના કોઈ નેતાને ચૂંટણીમાં ખુલ્લેઆમ સમર્થન આપ્યું હોય.

સોશિયલ મીડિયા પર સાને તકાઈચીને લઈને 'સાનાકાત્સુ'



નામનો ટ્રેન્ડ પણ ચર્ચામાં છે. તેમાં તેમની ઉપયોગમાં લેવાયેલી વસ્તુઓ, જેમ કે હેન્ડબેગ અને સંસદમાં ઉપયોગમાં લેવાતી ગુલાબી પેન, યુવાનોમાં લોકપ્રિય બની ગઈ છે.

એક તાજેતરના સર્વેમાં 30 વર્ષથી ઓછી ઉંમરના 90% થી વધુ મતદારોએ તકાઈચીની તરફેણમાં ઝુકાવ દર્શાવ્યો, જોકે આ વર્ગ સામાન્ય રીતે ઓછું મતદાન કરે છે.

રવિવારે મતદાન દરમિયાન ઘણા વિસ્તારોમાં બરફીલા તોફાન જેવી સ્થિતિ રહી. પરિવહન મંત્રાલય અનુસાર, ડઝનબંધ ટ્રેન સેવાઓ રોકવામાં આવી અને 230 સ્થાનિક ફ્લાઈટ્સ રદ કરવી પડી.

ઘણા મતદાન મથકોને સમય પહેલા બંધ કરવા પડ્યા. તેમ છતાં લોકો બરફ અને કડકડતી ઠંડીમાં મતદાન કરવા પહોંચ્યા.

ખાનગી અખબાર નિક્કેઈ અનુસાર, મતદાન સમાપ્ત થવાના ચાર કલાક પહેલા સુધી મતદાન 21.6% રહ્યું, જે 2024ની ચૂંટણી કરતાં 2.65 ટકા પોઈન્ટ ઓછું હતું. છેલ્લી કેટલીક ચૂંટણીઓમાં લોઅર હાઉસનું મતદાન લગભગ 55% ની આસપાસ રહ્યું છે. જો આ વખતે મતદાન વધુ ઘટે છે, તો સંગઠિત વોટિંગ બ્લોક્સની અસર વધુ વધી શકે છે.

મતદાન 289 સિંગલ-સીટ બેઠકો પર સીધા મુકાબલાથી થશે, જ્યારે બાકીની બેઠકો પ્રપોશનલ રિપ્રેઝન્ટેશનથી નક્કી થશે.

આ ચૂંટણી એટલા માટે ખાસ છે કારણ કે તે માત્ર જાપાનની આંતરિક રાજનીતિને જ નહીં, પરંતુ ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં સુરક્ષા, આર્થિક નીતિઓ અને આંતરરાષ્ટ્રીય સંબંધો પર પણ ઊંડી અસર કરશે.

2024ની ચૂંટણીમાં LDPને ભારે નુકસાન થયું હતું અને પૂર્વ વડાપ્રધાન શિગેરુ ઈશિબાની સરકાર લઘુમતીમાં આવી ગઈ હતી. ત્યારબાદ 2025માં LDPની પ્રેસિડેન્શિયલ ચૂંટણીમાં તકાઈચીએ જીત મેળવી અને જાપાન ઈનોવેશન પાર્ટી સાથે ગઠબંધન કરીને સરકાર બનાવી. જાન્યુઆરી 2026માં જ્યારે સંસદ સત્ર શરૂ થવાનું હતું, ત્યારે તકાઈચીએ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સને ભંગ કરી દીધું અને 8 ફેબ્રુઆરીએ ચૂંટણીની જાહેરાત કરી. આ નિર્ણય તે સમયે લેવામાં આવ્યો જ્યારે તેમની મંજૂરી રેટિંગ 70 ટકાથી ઉપર હતી.

તકાઈચીનો દાવો છે કે આ ચૂંટણી તેમના રૂઢિચુસ્ત એજન્ડા માટે જનાદેશ મેળવવાનું માધ્યમ છે, જેમાં રાષ્ટ્રીય સુરક્ષા મજબૂત કરવી, ઈમિગ્રેશન સુધારા અને ચીન પર નિર્ભરતા ઘટાડવાનો સમાવેશ થાય છે.

ઉમેદવારોની વાત કરીએ તો LDPએ 285 સિંગલ-સીટ ડિસ્ટ્રિક્ટ્સ અને 52 પ્રોપોશનલ રિપ્રેઝન્ટેશન બેઠકો પર ઉમેદવારો ઉતાર્યા છે. તેમના ગઠબંધન સાથી ઈશિન નો કાઈએ 33 બેઠકો પર દાવ લગાવ્યો છે.

તકાઈચી પોતે ટોક્યોથી ચૂંટણી લડી રહ્યા છે અને તેમની લોકપ્રિયતાનો ફાયદો આખી પાર્ટીને મળવાની અપેક્ષા છે. વિપક્ષમાં સેન્ટ્રિસ્ટ રિફોર્મ એલાયન્સ (CRA) પ્રમુખ છે, જેમાં કોન્સ્ટિટ્યુશનલ ડેમોક્રેટિક પાર્ટી (CDP) અને કોમેઈતો (જે પહેલા LDPનો સાથી હતો) શામેલ છે.

# એપસ્ટીનની 'વાઈલ્ડ ડિનર' પાર્ટીમાં ઝકરબર્ગ-મસ્ક દેખાયા: સિલિકોન વેલીમાં એકસાથે ડિનર કર્યું

લંડન, તા.09

એપસ્ટીન ફાઈલ્સમાં ટેસ્લાના માલિક ઈલોન મસ્ક અને મેટાના CEO માર્ક ઝકરબર્ગની તસવીર સામે આવી છે. આ તસવીરમાં સિલિકોન વેલીના મોટા ટેક દિગ્ગજો સાથે ડિનર કરતા જોવા મળી રહ્યા છે.

આમાં પેપાલના કો-ફાઉન્ડર પીટર થીલ અને MIT મીડિયા લેબના પૂર્વ ડિરેક્ટર જોઈ ઈતો પણ દેખાઈ રહ્યા છે. આ ફોટો વર્ષ 2015નો હોવાનું કહેવાય છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ તે જ ડિનર પાર્ટી છે, જેને યૌન અપરાધી જેફ્રી એપસ્ટીને 'વાઈલ્ડ ડિનર' કહ્યું હતું. એપસ્ટીને આ તસવીર ઓગસ્ટ 2015માં પોતાને ઈમેઈલ કરી હતી અને તેને ફ્રેમ કરાવીને પોતાના ન્યૂયોર્ક સ્થિત એપાર્ટમેન્ટમાં લગાવી રાખી હતી.

અમેરિકી જસ્ટિસ ડિપાર્ટમેન્ટે 30 જાન્યુઆરીએ એપસ્ટીન ફાઈલ્સના 30 લાખ દસ્તાવેજો સાર્વજનિક કર્યા હતા, ત્યારથી આ મામલે સતત નવા ખુલાસા થઈ રહ્યા છે.

જસ્ટિસ ડિપાર્ટમેન્ટની ફાઈલો અનુસાર, 2 ઓગસ્ટ 2015ના રોજ એપસ્ટીને તેના મિત્ર પીટર એટિયાને ઈમેલ મોકલીને લખ્યું હતું કે તે રાત્રે ઈલન મસ્ક, પીટર થીલ અને માર્ક ઝકરબર્ગ સાથે ડિનર છે. જવાબમાં એટિયાએ લખ્યું હતું કે આ શાનદાર ડિનર લાગી રહ્યું છે.

તેના થોડા દિવસો પછી, 20 ઓગસ્ટ 2015ના રોજ એપસ્ટીને અબજોપતિ ટોમ પ્રિટ્ઝકરને બીજો એક ઈમેલ મોકલ્યો, જેમાં તેણે આ ડિનરને 'વાઈલ્ડ' ગણાવ્યું.

ઈલોન મસ્કનું નામ અગાઉ પણ એપસ્ટીન ફાઈલોમાં આવી ચૂક્યું છે. 2012ના એક ઈમેલમાં મસ્કે એપસ્ટીનને પૂછ્યું હતું કે તેના આઈલેન્ડ પર સૌથી 'વાઈલ્ડ પાર્ટી' કયા દિવસે હશે. આ મેલ તે પ્રશ્નના જવાબમાં હતો, જેમાં એપસ્ટીને આઈલેન્ડ પર જનારાઓની સંખ્યા પૂછી હતી.

બ્રિટનથી લઈને અમેરિકા સુધી એપસ્ટીન ફાઈલોના નવા ખુલાસાઓ સામે આવ્યા પછી હવે ફરી એકવાર સવાલો ઉઠી રહ્યા છે કે દુનિયાના સૌથી શક્તિશાળી અને ધનિક લોકોના એપસ્ટીન સાથેના સંબંધો કેટલા ઊંડા હતા.

જ્યારે કે એપસ્ટીન ફાઈલને કારણે બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મરની સરકાર મુશ્કેલીમાં ફસાઈ ગઈ છે. એપસ્ટીન ફાઈલ સંબંધિત વિવાદે એટલો વેગ પકડ્યો કે તેમના સૌથી ભરોસાપાત્ર સહયોગી અને ડાઉનિંગ સ્ટ્રીટના ચીફ ઓફ સ્ટાફ મોર્ગન મેકસ્વીનીને રાજીનામું આપવું પડ્યું.

મેકસ્વીની પર આરોપ છે કે તેમણે યૌન અપરાધી જેફ્રી એપસ્ટીનનું સમર્થન કરનાર પીટર મેન્ડેલસનને અમેરિકામાં બ્રિટનના રાજદૂત બનાવીને મોકલ્યા હતા. મેકસ્વીનીએ કહ્યું કે આ નિમણૂક ખોટી હતી.

મેકસ્વીનીએ સ્વીકાર્યું કે તેમને ખબર હતી કે મેન્ડેલસને જેફ્રી એપસ્ટીન જેલમાં ગયા પછી પણ તેમનું સમર્થન કર્યું હતું. મેન્ડેલસન પર એ પણ આરોપ છે કે તેમણે બ્રિટનના બિઝનેસ સેક્રેટરી તરીકે ફરજ બજાવતી વખતે એપસ્ટીનને બજાર સંબંધિત સંવેદનશીલ માહિતી શેર કરી હતી.

મેકસ્વીનીએ કહ્યું કે આ નિર્ણયથી પક્ષ, દેશ અને રાજકારણ પર લોકોનો વિશ્વાસ નબળો પડ્યો છે. જ્યારે કે વિપક્ષનું કહેવું છે કે



પીએમ સ્ટાર્મરે આ મામલાની જવાબદારી લઈને રાજીનામું આપવું જોઈએ.

મેકસ્વીનીને સ્ટાર્મરનો સૌથી મજબૂત આધાર માનવામાં આવતો હતો. તેમને વડાપ્રધાનનું 'મગજ' કહેવામાં આવે છે અને સત્તા સુધી પહોંચાડવામાં તેમની મોટી ભૂમિકા રહી છે. તેમના ગયા પછી લેબર પાર્ટીના સાંસદો પૂછી રહ્યા છે કે હવે સ્ટાર્મર કેટલા દિવસ ટકી શકશે.

પાર્ટીના વામપંથી જૂથે સીધા વડાપ્રધાન પાસેથી રાજીનામાની માંગ કરી છે. લેબર પાર્ટીના પૂર્વ કેમ્પેન પ્રમુખ જોન ટ્રિકેટે કહ્યું કે જવાબદારી ઉપર સુધી જાય છે.

સાંસદ બ્રાયન લીશમેને કહ્યું કે પાર્ટીની દિશા બદલવી પડશે અને તેની શરૂઆત વડાપ્રધાનથી થવી જોઈએ. સાંસદ કિમ જોન્સને સ્વીકાર્યું કે સ્ટાર્મર માટે પરિસ્થિતિ સંભાળવી મુશ્કેલ બની ગઈ છે, જ્યારે રેચલ માસ્કેલે કહ્યું કે આ તો માત્ર શરૂઆત છે.

આ સમગ્ર વિવાદ વચ્ચે પીએમ સ્ટાર્મર દેશને સંબોધિત કરવાની તૈયારી કરી રહ્યા છે. તેઓ રાજકારણને સ્વચ્છ કરવાની વાત રજૂ કરશે અને સંકેત આપશે કે તેઓ રાજીનામું આપવાના નથી. સરકારનું કહેવું છે કે નીતિઓમાં કોઈ ફેરફાર થશે નહીં. વડાપ્રધાન આજે લેબર સાંસદોની બેઠકમાં પણ વાત રજૂ કરશે.

અહીં, પાર્ટીની અંદર નેતૃત્વની રેસ તેજ બની ગઈ છે. ઉપપ્રધાન એન્જેલા રેનર અને સ્વાસ્થ્ય મંત્રી વેસ સ્ટ્રીટિંગના નામ ચર્ચામાં છે. વિદેશ મંત્રી ડેવિડ લેમીએ સ્પષ્ટ કર્યું છે કે તેમણે મેન્ડેલસનની નિમણૂકનો વિરોધ કર્યો હતો. ઊર્જા મંત્રી એડ મિલિબેન્ડને સંભવિત કિંગમેકર ગણાવવામાં આવી રહ્યા છે.

સ્ટાર્મરના સમર્થકો ચેતવણી આપી રહ્યા છે કે મોટી ચૂંટણી જીતના માત્ર 18 મહિના પછી વડાપ્રધાનને હટાવવાથી દેશ અને પાર્ટી બંનેમાં ભારે અસ્થિરતા આવી શકે છે. વર્ક એન્ડ પેન્શન સેક્રેટરી પેટ મેકફેડને કહ્યું કે આનાથી આર્થિક અને રાજકીય અરાજકતા ફેલાઈ શકે છે.

આ પહેલા સ્ટાર્મરે 5 ફેબ્રુઆરીએ મેન્ડેલસનને જૂઠા ગણાવ્યા હતા. તેમણે કહ્યું કે તેમને મેન્ડેલસને જૂઠું કહ્યું હતું અને તેમણે તે જૂઠ પર ભરોસો કરીને તેમને રાજદૂત બનાવ્યા. મને આ નિર્ણય પર ઊંડો અફસોસ છે.

સ્ટાર્મરે પોતાના ભાષણમાં કહ્યું કે હવે તેમને સમજાયું છે કે મેન્ડેલસન અને એપસ્ટીનના સંબંધો કેટલા ઊંડા અને અંધારા હતા. તેમણે લેબર સાંસદો અને એપસ્ટીનના પીડિતોની માફી માંગતા કહ્યું કે તેમને આ નિમણૂક પર અફસોસ છે.

સ્ટાર્મરે એમ પણ કહ્યું કે તેઓ સુરક્ષા તપાસ સંબંધિત માહિતી સાર્વજનિક કરવા માંગે છે, પરંતુ પોલીસ તપાસને કારણે તેમ કરી શકતા નથી. તેમણે કહ્યું કે રાજકીય ફાયદો ગમે તેટલો મોટો કેમ ન હોય, તેઓ પીડિતોને ન્યાય મળવાના માર્ગમાં કોઈ પગલું ભરશે નહીં.

આ સમગ્ર વિવાદ બાદ બ્રિટનની ઉધાર ખર્ચ પણ વધી ગયો છે, કારણ કે રોકાણકારોને ડર છે કે સ્ટાર્મર સરકાર ટકી શકશે કે નહીં.

વિપક્ષી કન્ઝર્વેટિવ નેતા કેમી બેડેનોકે કહ્યું કે સાચી જવાબદારી વડાપ્રધાનની છે. તેમનો આરોપ છે કે સ્ટાર્મર દર વખતે ભૂલનો દોષ બીજા પર ઢોળી દે છે.

PM સ્ટાર્મરના કાર્યકાળમાં બીજા ચીફ ઓફ સ્ટાફનું રાજીનામું છે. આ પહેલા 2024ની ચૂંટણી પછી સૂ ગ્રેને હટાવવામાં આવ્યા હતા.

મેકસ્વીનીના રાજીનામા પછી જિલ કાથબર્ટસન અને વિદ્યા અલકેસનને કાર્યકારી ચીફ ઓફ સ્ટાફ બનાવવામાં આવ્યા છે.

જ્યારે, મેકસ્વીનીના નજીકના લોકો માને છે કે તેમને હટાવવા એ મોટી ભૂલ હતી. એક નેતાએ કહ્યું, આ પોતાની જ ટીમના સૌથી મજબૂત ખેલાડીને બહાર કાઢવા જેવું છે. કેટલાક સાંસદોને ડર છે કે તેમના જવાથી પાર્ટી વધુ વામપંથી માર્ગે જતી રહેશે.

જેફ્રી એપસ્ટીન ન્યૂયોર્કનો કરોડપતિ ફાઈનાન્સર હતો. તેની મોટા નેતાઓ અને સેલિબ્રિટીઝ સાથે મિત્રતા હતી.

તેના પર 2005માં સગીર છોકરી સાથે યૌન શોષણનો આરોપ લાગ્યો. 2008માં તેને સગીર સાથે સેક્સની માંગ કરવા બદલ દોષિત ઠેરવવામાં આવ્યો. તેને 13 મહિનાની જેલ થઈ. 2019માં જેફ્રીને સેક્સ ટ્રાફિકિંગના આરોપોમાં

## તંત્રી લેખ

# ઉત્તર પ્રદેશમાં સવા ત્રણ કરોડ મતદારોને મળશે નોટીસ

દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તર પ્રદેશમાં થોડા સમય પછી વિધાનસભાની ચૂંટણી થવાની છે. બીજા રાજ્યોની જેમ ઉત્તર પ્દેશમાં પણ એસઆઈઆરની પ્રક્રિયા ચાલી રહી છે. મતદાર યાદીમાં સુધારા વધારા થઈ રહ્યા છે. વિશાળ રાજ્ય હોવાને કારણે ઉત્તર પ્રદેશમાં ચૂંટણી કમિશનનું કામ પણ સરળ હોતું નથી. હવે એસઆઈઆર અભિયાનની મુદત વધારીને છઠ્ઠી માર્ચ કરવામાં આવી છે. જે મતદારોને ફરિયાદ હોય તેઓ છઠ્ઠી માર્ચ સુધી પોતાની ફરિયાદ નોંધાવી શકશે. આ સિવાય મેપીંગ સાથે જોડાયેલી તમામ નોટીસોની છેલ્લી તારીખ ૨૭ ફેબુરઆરીને બદલે ૨૭ માર્ચ કરવામાં આવી છે. અંતિમ મતદાર યાદી ૧૦મી એપ્રિલે પ્રકાશીત થશે. મુખ્ય ચૂંટણી કમિશનર નવનીત રીણવાના જણાવ્યા પ્રમાણે ફોર્મ ૬ની અરજીઓ વધતી જાય છે. આ સિવાય મેપીંગ માટે મોટી સંખ્યામાં નોટીસ મોકલવામાં આવી છે. મોટી સંખ્યામાં એવા લોકો છે કે જેમનું નામ મતદાર યાદીમાં નથી. મતદાર યાદીમાં નામ નહી હોય એવા ૩૭,૮૦,૪૧૪ અરજીઓ મળી છે. નામમાં વીસંગતતા કે બીજી ભુલો માટે ૩.૨૬ કરોડ લોકોને નોટીસ મોકલવામાં આવશે.

તેલંગાણામાં ૧૧મી ફેબ્રુઆરીએ નગરપાલિકા અને નગર નિગમની ચૂંટણીઓ થવાની છે. અસદુદ્દીન ઓવૈસીના પક્ષ એઆઈએમઆઈએમએ મહારાષ્ટ્રની નગરપાલિકા અને નગર નિગમની ચૂંટણીઓમાં સારો દેખાવ કર્યો હોવાથી બધાની નજર ઓવૈસી પર છે. કેટલાક રાજકીય નીરિક્ષકો માને છે કે, ઓવૈસીનો પક્ષ ભાજપની બી ટીમ છે. જોકે કમસેકમ તેલંગાણામાં તો ઓવૈસીની આગવી ઓળખ છે. ભૂતકાળમાં ઓવૈસીએ કદી રાહુલ ગાંધીની વાતને સીધો કે આડકતરો ટેકો આપ્યો નથી. તેલંગાણાની ચૂંટણી સભાઓમાં ઓવૈસી જોકે રાહુલ ગાંધીના આક્ષેપને આડકતરી રીતે ટેકો આપી રહ્યા છે. ઓવૈસીએ પણ કેન્દ્ર સરકારની ટીકા કરી છે કે, ચીનનું લશ્કર લદ્દાખમાં અંદર સુધી આવી ગયું હોવા છતાં કેન્દ્ર સરકાર સુતી રહી હતી. ઓવૈસીએ કદાચ પહેલી વખત ભાજપ અને આરએસએસ પર સીધા પ્રહારો કરતા કહ્યું હતું કે, ભાજપ સરકાર સૈન્યને સીધો આદેશ આપવાની હીમત કરી શકી નહોતી.

કર્ણાટક વિધાનસભામાં ભાજપ અને જનતા દળના એક્સાઈઝ મીનીસ્ટર આર બી તીમ્માપુર વચ્ચે જામી પડી છે. ભાજપ અને એના સાથીપક્ષ જનતાદળ (સેક્યુલર)એ એક્સાઈઝ વિભાગમાં થયેલા ભ્રષ્ટાચાર બાબતે મંત્રી તીમ્માપુરનું રાજીનામું માગ્યુ છે. વિધાનસભાની બહાર ભાજપના ધારાસભ્યોએ આખી રાત વિરોધ પ્રદર્શન કર્યું હતું. ભાજપનો આક્ષેપ છે કે, રાજ્યના એક્સાઈઝ ખાતામાં ભ્રષ્ટાચાર થયો છે. લીકરનું લાયસન્સ આપવા માટે લાંચ માંગવામાં આવે છે. આ કૌભાંડ ૬ હજાર કરોડ રૂપિયાને આંબી ગયું છે. આક્ષેપ છે કે કોંગ્રેસ આ પૈસાનો ઉપયોગ જે રાજ્યોમાં ચૂંટણી હોય એના ફંડીંગ માટે કરે છે. લીકર માટે લાયસન્સ જરૂરી છે અને લાયસન્સ આપવા માટે કેટલાક અધિકારીઓ લાંચ લેતા પકડાયા છે. જોકે મંત્રીએ આક્ષેપોનો જવાબ આપતા વિધાનસભામાં કહ્યું હતું કે, ભ્રષ્ટાચાર કોઈ નવી વાત નથી. ખાસ કરીને મારા વિભાગમાં તો આવા આક્ષેપ થતા જ રહે છે.


દિલ્હી – એનસીઆરનું કુખ્યાત પાર્ટી હબ 'ગાર્ડન ગેલેરિયા મોલ' ફરીથી ચર્ચામાં છે. આ મોલમાં વારંવાર મારામારી થતી રહે છે. ભૂતકાળમાં પણ અહીં સિક્યુરીટી માટે રખાયેલા બાઉન્સરોએ ગુંડાગીરી કરી હતી. મોલના ઈમ્પલ્સ બારમાં કેટલીક વ્યક્તિઓ વચ્ચે સામાન્ય બોલચાલ થતા વાત વધીને મારામારી સુધી પહોંચી ગઈ હતી. પહેલા એવા સમાચાર બહાર આવ્યા હતા કે, બારમા આવેલા ગેસ્ટ સાથે બાઉન્સરને ઝઘડો થઈ ગયો હતો. બે જૂથો વચ્ચે પણ વાત મારામારી સુધી પહોંચી ગઈ ત્યારે બાઉન્સરોએ પહોંચી જઈ વાત વધારી હતી. આરોપ છે કે બાઉન્સરોએ બે યુવાનોને ઘેરી લઈ એમને જમીન પર સુવડાવી ક્રૂરતાથી માર માર્યો હતો. પોલીસે અત્યાર સુધી ૭ વ્યક્તિઓની ધરપકડ કરી છે. આ ઘટનાનો વિડિયો દિલ્હીમાં વાયરલ થઈ રહ્યો છે.

ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને એક જમાનામાં ખમતીધર દલીત નેતા ગણાતા માયાવતી છેલ્લા કેટલાક સમયથી રાજકીય રીતે પાછળ રહી ગયા છે. એમના પક્ષ બીએસપીનો દેખાવ છેલ્લી ઘણી ચૂંટણીઓમાં ખૂબ જ નબળો રહ્યો છે. હવે માયાવતી ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી માટે નવેસરથી તૈયારી શરૂ કરી રહ્યા છે. તેઓ સંગઠનમાં મોટા ફેરફાર કરશે એવી શક્યતા છે.

જીઆરયુ સ્પેસ કંપનીએ દાવો કર્યો છે કે, તે ચંદ્ર ઉપર પહેલી સ્થાયી હોટેલ શરૂ કરવાની છે. જો આ યોજના સફળ રહી તો પહેલી વખત પૃથ્વીની બહાર કોઈ ગ્રહ ઉપર બનાવવામાં આવેલું માનવીય માળખું અને બાંધકામ હશે. જાણકારોના મતે કંપની દ્વારા 2032થી મહેમાનોને ચંદ્ર ઉપરની હોટેલમાં રોકાણ માટે લઈ જવામાં આવશે: ઈન્ફ્લેટેબલ લિવિંગ મોડ્યુલ્સ અને એક ઓટોમેટિક ટેક્નોલોજીના સંયોજનથી ચંદ્ર ઉપરની માટીનો ઉપયોગ કરીને ઈંટો જેવા સખત પદાર્થ તૈયાર કરવામાં આવશે. તેના દ્વારા હોટેલની બહારની દીવાલો અને માળખું તૈયાર કરવામાં આવશે

# ચંદ્ર ઉપર માનવ વસાહત બાદ હવે હોટેલ શરૂ કરવાનું સ્વપ્ન

## કેલિફોર્નિયાની એક સ્પેસ કંપનીએ પાંચ વર્ષ બાદ હોટેલ શરૂ કરવાનો પ્લાન રજૂ કર્યો, તેણે એડવાન્સ બુકિંગ પણ શરૂ કરી દીધાના અહેવાલ



દુનિયાભરના લોકોને હોલિવૂડની સાઈફાઈ ફિલ્મોએ અવકાશમાં જવાની, અવકાશમાં રહેવાની અને એલિયન્સ તથા અન્ય ગ્રહના લોકો સાથે વસવાટ કરવાની જાતભાતની કલ્પનાઓ કરતા કરી દીધા છે. આ ફિલ્મોમાં લોકોને મોટી મોટી કોલોનીમાં પૃથ્વીથી દૂર આવેલા ગ્રહો, ચંદ્ર અને અન્ય સ્થળોએ વસતા બતાવ્યા છે. તેમાંય ખાનગી સ્પેસ કંપનીઓ દ્વારા સ્પેસ ટૂરિઝમ શરૂ કરાયા બાદ લોકોની કલ્પના અને ઈચ્છા શક્તિ પણ રોકેટગતિએ ઉડવા લાગ્યા છે. લોકો હવે ચંદ્ર ઉપર વસવાટ કરવાના અને ફરવા જવાના સપનાં જોવા લાગ્યા છે. લોકોના આ સપનાં ભવિષ્યમાં પૂરા થાય તેવું લાગી રહ્યું છે. અમેરિકાની એક કંપનીએ જાહેરાત કરી છે કે ટૂંક સમયમાં જ ચંદ્ર ઉપર બનનારી હોટેલમાં રોકાણ માટે લોકો બુકિંગ કરાવી શકશે.

અહેવાલો પ્રમાણે કેલિફોર્નિયાની જીઆરયુ સ્પેસ નામની એક સ્પેસ કંપની દ્વારા ચંદ્ર ઉપર હોટેલ બનાવવાની યોજાના જાહેર કરવામાં આવી છે. તેણે જણાવ્યું કે, હોટેલ બનાવવાની શરૂઆત કરાવ્યા બાદ તે પ્રારંભિક તબક્કામાં ચાર લોકોને ત્યાં રોકાવા દેશે. મોટાભાગે આ લોકો ટેક્નોલોજી અને સ્પેસ સાયન્સના જાણકારો હશે જે આગમી વિકાસ માટે મદદ કરી શકે. તેમની મદદથી નવી ટેક્નોલોજી અને સુવિધાઓ વિકાસવવામાં આવશે જેથી હોટેલ મોટી કરી શકાય અને વધારે લોકો તેમાં રોકાઈ શકે. કહેવાય છે કે, કંપની દ્વારા તેના માટે એડવાન્સ બુકિંગ પણ શરૂ કરી દેવામાં આવ્યું છે. જીઆરયુ સ્પેસ કંપનીએ દાવો કર્યો છે કે, તે ચંદ્ર ઉપર પહેલી સ્થાયી હોટેલ શરૂ કરવાની છે. જો આ યોજના સફળ રહી તો પહેલી વખત પૃથ્વીની બહાર કોઈ ગ્રહ ઉપર બનાવવામાં આવેલું માનવીય માળખું અને બાંધકામ હશે. જાણકારોના મતે કંપની દ્વારા ૨૦૩૨થી મહેમાનોને ચંદ્ર ઉપરની હોટેલમાં રોકાણ માટે લઈ જવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, જીઆરયુ સ્પેસ કેલિફોર્નિયા ખાતે આવેલી એક ખાનગી સ્પેસ સ્ટાર્ટઅપ કંપની છે. તેણે ચંદ્ર ઉપર હોટેલ શરૂ કરવાની યોજના રજૂ કરી છે. ખાસ વાત એ છે કે, ભવિષ્યમાં મહેમાનોને આવકારવા માટે તેણે અત્યારથી બુકિંગ પણ શરૂ કરી દીધું છે. આ હોટેલ હાલમાં પૃથ્વી ઉપર બનતા ઈન્ફ્લેટેબલ લિવિંગ મોડ્યુલ્સ અને એક ઓટોમેટિક ટેક્નોલોજીના સંયોજનથી ચંદ્ર ઉપરની માટીનો ઉપયોગ કરીને ઈંટો જેવા સખત પદાર્થ તૈયાર કરવામાં આવશે. તેના દ્વારા હોટેલની બહારની દીવાલો અને માળખું તૈયાર કરવામાં આવશે. તેનો સીધો અર્થ એ છે કે, પૃથ્વી ઉપરથી સિમેન્ટ, માટી, કપચી કે અન્ય બિલ્ડિંગ મટિરિયલ લઈ જવાની કે ભારે ભરખમ માળખા લઈ જવાની જરૂર નથી. સ્પેસ એન્જિનિયરિંગમાં હાલમાં આવી વસ્તુઓ જ સૌથી મોટો પડકાર છે અને તેની જ બાદબાકી કરવામાં આવી છે.

જાણકારોના મતે શરૂઆતમાં માત્ર એવા યાત્રીઓને જ હોટેલમાં રોકવા મળશે કે જવા મળશે જેમને ભૂતકાળમાં કામર્શિયલ સ્પેસફ્લાઈટનો અનુભવ હશે. ત્યારબાદ જેમ જેમ હોટેલ અને તેની સુવિધાઓ વિકસતી જશે તેમ તેમ આ બ્રહ્માંડમાં રજાઓ માણવા જવાની ઈચ્છા રાખનારા લોકોને મોકલવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે જ ૨૨ વર્ષિય સ્કાયલર ચાન નામના એક યુવાન દ્વારા આ કંપનીની સ્થાપના કરવામાં આવી હતી. યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયાથી ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ અને કમ્પ્યૂટર સાયન્સનો અભ્યાસ કરનારા સ્કાયલરે ગેલેક્ટિક રિસોર્સ યુટિલાઈઝેશન એટલે કે જીઆરયુ સ્પેસ નામની કંપની શરૂ કરી હતી. તેણે અત્યારથી બુકિંગ લેવાના પણ શરૂ કરી દીધા છે. સ્કાયલરે જણાવ્યું કે, તેઓ આ સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ ઘણી કંપનીઓને પસંદ આવ્યો હતો. તેના આ સ્ટાર્ટઅપમાં સ્પેસએક્સ અને ઓટોનોમસ ડિફેન્સ સિસ્ટમ વિકસાવનારી કંપની એન્ડુરિલ સાથે સંકળાયેલા રોકાણકારો દ્વારા પણ રોકાણ કરવામાં આવ્યું છે. સ્કાયલર માને છે કે, આગામી યુગ આંતરગ્રહીય જીવન અને વસવાટ તથા ટ્રાવેલિંગ તરફ આગળ વધી રહ્યો છે. ચંદ્ર અને મંગળ ઉપર માનવ વસવાટની શક્યતાઓ દેખાઈ રહી છે. તેને ધ્યાનમાં રાખીને જ સ્પેસ ટૂરિઝમ સેક્ટરમાં તેણે ઝંપલાવ્યું અને ચંદ્ર ઉપર એક સ્થાયી હોટેલ શરૂ કરીને સ્પેસ ઈકોનોમીનો નવો આયામ ખોલ્યો છે.

જાણકારો માને છે કે, આ કંપની દ્વારા જે પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે તે ખરેખર ઐતિહાસિક છે. જો તે પ્રોજેક્ટ કામ કરી જશે તો દુનિયામાં અદ્વિતિય રીતે સ્પેસ ટ્રાવેલિંગ અને હોસ્પિટાલિટીનો એક નવો જ યુગ શરૂ થઈ જશે. જાણકારોના મતે ચંદ્ર ઉપર જવું, ત્યાં ફરવું કે રોકાવું તે માત્ર સ્વપ્ન સમાન જ છે. અવકાશમાં જવું અને રોકાવું તે તોતિંગ રકમનો ખર્ચ, મજબૂત સ્વાસ્થ્ય અને અન્ય બાબતો માગી લે છે. આ સંજોગોમાં સુપરરીચ લોકો જ આ ખર્ચ ભોગવી શકે તેમ છે. અવકાશમાં લટાર મારવા માટે કરોડો રૂપિયા ખર્ચ કરતા ધનાઢય લોકો માટે જ આ સ્પેસ ટૂરિઝમ વિકસાવાયું છે. તેમાંય જાણવા જેવી બાબત એ છે કે, અત્યાર સુધી ચંદ્ર ઉપર બધા દેશો પહોંચી શક્યા નથી. તેમાંય જે દેશો પહોંચ્યા તેમાંથી બધાના અવકાશયાત્રીઓએ ચંદ્ર ઉપર પગ પણ મુક્યો નથી. અત્યાર સુધીમાં ૧૨ લોકો જ ચંદ્રની ધરતી ઉપર પગ મુકીને આવ્યા છે. આ ઘટનાને પણ ઘણા વર્ષો પસાર થઈ ગયા છે. હાલમાં અમેરિકા, ચીન, ભારત દ્વારા ચંદ્ર ઉપર માણસો મોકલવાના અભિયાન ઉપર કામ કરવામાં આવી રહ્યું છે. આ દેશો દ્વારા પણ ક્યારે અવકાશયાત્રીઓ મોકલવામાં આવશે તે નક્કી નથી. આ સંમજોગોમાં કેલિફોર્નિયાની આ સ્પેસ ટેક કંપની દ્વારા લોકોમાં ભારે ઉત્સુકતા જન્માવામાં આવી છે.

જીઆરયુ સ્પેસ દ્વારા જે હોટેલ વિકસાવવાની વાત કરવામાં આવી છે અને હોટેલમાં જો રોકાણ કરવાની વ્યવસ્થા છે તે ખૂબ જ ખર્ચાળ પણ છે. જાણકારોના મતે લોકોએ પોતાના સપનાને પૂરું કરવા માટે મોટી રકમ ચુકવવી પડશે. જીઆરયુ સ્પેસ દ્વારા એડવાન્સ બુકિંગ શરૂ કરવામાં આવ્યું છે. તેમાં તેઓ હાલમાં એક પેસેન્જર પાસેથી અંદાજે ૧૦ લાખ ડોલર એટલે કે ૯.૨૫ કરોડ રૂપિયા ડિપોઝિટ પેટે લઈ રહ્યા છે. તે ઉપરાંત જે લોકો આ હોટેલમાં બુકિંગ કરાવે છે તેમણે એક ફોર્મ ભરવાનું હોય છે. આ ફોમ નોન રિફન્ડેબલ ફી સાથે ભરવાનું હોય છે. તેની ફીની રકમ પણ ૧૦૦૦ ડોલર એટલે કે અંદાજે ૯૨,૦૦૦ રૂપિયા રાખવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ટ્રિપની ફાઈનલ રકમ હજી સુધી નક્કી કરવામાં આવી નથી. તેમ છતાં એવી માહિતી મળી રહી છે કે, અહીંયા એક રૂમમાં રહેવાની કિંમત ૧ કરોડ ડોલર એટલે કે અંદાજે ૯૨ કરોડ રૂપિયા હશે. બીજી ખાસ વાત એવી છે કે, મહેમાનાઓ આ યાત્રા ઉપર જતા પહેલાં પોતાની મેડિકલ, પર્સનલ, ફાઈનાન્સિયલ ફિટનેસ પણ સિદ્ધ કરવી પડશે. તેની સાથે સંકળાયેલા તમામ દસ્તાવેજો પણ જમા કરાવવા પડશે. કંપનીના સ્પેસ પ્રોજેક્ટ અંગે એવા અહેવાલો છે કે, જીઆરયુ સ્પેસ દ્વારા નાસાની મદદથી ૨૦૨૯થી ચંદ્ર ઉપર કન્સ્ટ્રક્શન સાથે સંકાળાયેલા પરીક્ષણ શરૂ કરવામાં આવશે. સૌથી પહેલાં એક નાનકડું ઈનફ્લેટેબલ સ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવશે. ચંદ્ર ઉપર તે કેટલું ટકે છે અને ત્યાંના વાતાવરણ સાથે કેટલું સાયુજ્ય સાધે છે અને ત્યાં કેટલું ઉપયોગી સાબિત થાય છે તે જોવામાં આવશે. આ કામગીરીમાં જો કંપની સફળ થશે તો ત્યાંના મોટા મોટા ખાડાઓ એટલે કે લ્યૂનર પીટમાં હોટેલનું નિર્માણ શરૂ કરવામાં આવશે. જાણકારો માને છે કે, ચંદ્ર ઉપર સપાટ જમીન કરતા તેના વિશાળ ખાડાઓ અને ક્રેટર વધારે મજબૂત અને સખત જણાય છે. તેના કારણે આ જગ્યાઓમાં જ હોટેલ બનાવવા અંગે વિચાર ચાલી રહ્યો છે. બીજી તરફ ચંદ્રની જ માટીનો ઉપયોગ કરીને ઈંટો બનાવવાનું પરીક્ષણ પણ કરવામાં આવશે. ચંદ્રની માટીનો જ ઉપયોગ કરીને હોટેલની બહારની દીવાલો બનાવવામાં આવી હશે તો ત્યાંના રેડિયેશન અને તાપમાનમાં થતા આકસ્મિક ફેરફારથી માળખાને બચાવી શકાશે.

અહેવાલો પ્રમાણે આ હોટેલના નિર્માણ અને રોકાણનો અંતિમ તબક્કો ૨૦૨૩૨માં શરૂ કરવામાં આવશે. ચંદ્રની માટીમાંથી એક નાનું માળખું તૈયાર કરાયા બાદ તેને ઈનફ્લેટેબલ સ્ટ્રક્ચર સાથે જોડીને વિકસીત કરવામાં આવશે. આ રીતે જીઆરયુ સ્પેસ દ્વારા પોતાના હોટેલ મોડલનું પહેલું સ્થાયી સ્ટ્રક્ચર તૈયાર કરાશે. ત્યાં શરૂઆતમાં ચાર જ લોકોને રોકાવાની વ્યવસ્થા કરવામાં આવશે. કંપની દ્વારા આ હોટેલને એક બુટીક હોટેલ તરીકે વિકસાવવાની વિચારણા કરવામાં આવી છે. અહીંયા મહેમાનોને સાવા જુદી જ દુનિયાનો અનુભવ થશે. લોકો ચંદ્ર ઉપર રહીને ચંદ્રને જોઈ શકશે અને પૃથ્વી તથા અવકાશનો આનંદ માણી શકશે. ચંદ્રની માટીમાંથી જ તૈયાર કરાયેલી ઈંટોનું માળખું અને ઈન્ફ્લેટેબલ સ્ટ્રક્ચર દ્વારા લોકોને કેમ્પિંગનો આનંદ આપી શકાશે. જાણકારો માને છે કે, એક વખત આ પ્રયોગ સફળ સાબિત થયો ત્યારબાદ ચંદ્ર ઉપર રજાઓ માણવા જવા લોકોની લાઈનો લાગશે. દુનિયાભરના ધનિકો આ હોટેલ માટે બુકિંગ કરાવતા જોવા મળશે. બધું જ આયોજન પ્રમાણ ચાલશે તો, આગામી દોઢ દાયકામાં આ હોટેલ માનવ ઈતિહાસનું એક નવું જ ચેપ્ટર સાબિત થશે.

# યોગેશ્વર કહે છે, જે કોઈનો દ્વેષ ન કરે, કશાયની આકાંક્ષા ન કરે, તેને સદા સંન્યાસી સમજવાં



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. જ્ઞેયઃ સ નિત્યસંન્યાસી યો ન દ્વેષ્ટિ ન કાઙ્ક્ષતિ, નિર્દ્વન્દ્વો હિ મહાબાહો સુખં બન્ધાત્પ્રમુચ્યતે. ઝૂંપડામાં રહેતો સામાન્ય માણસ હોય એને કંઈ બહુ લાંબું વિચારવાનું ન્હોય, જેમ કે એની પાસે બે કે ત્રણ જોડ વસ્ત્ર છે, તો રોજ સવારે શું પહેરવું? એ વિચારવાનું ન્હોય. બદલીને જે ધોયેલાં હોય એ વસ્ત્ર પહેરી લેવાનાં, થાળીમાં રોટલો અને શાક આવે તો એ જમી લેવાનું, આ ખાવું કે તે ખાવું? એવી દ્વિધા એને નથી, આ ઉપરાંત પરિવારનાં ભરણપોષણ માટે જે કંઈ કામ મળે એ કરી લેવું, એમાં પણ એ વિકલ્પ શોધી શકે નહીં! કે ના હો આ કામ હું નહીં કરું! એ જ રીતે આપણાં જીવન જોઈએ તો જરૂરિયાતો વધારીને આપણે સમસ્યાઓ ખડકી છે, એવું ચોખ્ખું દેખાય. જરૂરિયાતના નામે કે ફેશન એસેસરી નાં નામે કબાટોનાં કબાટો ભર્યા હોય, એટલે શું પહેરવું? ખાવામાં પણ વિવિધ વ્યંજન હોય એટલે શું ખાવું? એવા પ્રશ્નો આપણને સતાવે. છતાં એ બધું તો ઠીક છે! ચાલો ભોગી જીવ છીએ, એટલે એને આપણે છોડી શકવાનાં પણ નથી, અને નજર અંદાજ પણ કરી શકવાનાં નથી. તો પછી આપણે ભગવાન કૃષ્ણની વાતો કઈ રીતે માની શકીએ? કે ભગવત ગીતાનો બોધ કઈ રીતે ગ્રહણ કરી શકીએ? એ પણ એક પ્રશ્નાર્થ છે! ઉપરથી ઘડીકમાં ભગવાન કર્તવ્ય કર્મ એ જ તારો ધર્મ છે, એમ કહે છે. તો ઘડીકમાં કર્મયોગ શ્રેષ્ઠ, અકર્તા બનીને કર્મ કરવું એ જ ધર્મ અને જ્ઞાન. સંન્યાસ યોગ તેમજ કર્મ સંન્યાસ યોગની વાતો પણ કરે છે. આવી જાણકારી ને નામે પણ આપણાં મગજમાં એટલી બધી વાતો પડી છે કે, આપણે કેને અનુસરવું? એ એટલું ઝડપથી નક્કી કરી શકતાં નથી, અને ક્યારેક એવું થાય કે આવું અધકચરું જ્ઞાન એટલે કે માત્ર જાણકારી હોય, એ અહમ વધારીને, આપણો વ્યવહાર રુઢ કરી શકે, અન્ય પર રોફ જમાવી શકે, વારેવારે કોઈની ભૂલ દેખાડી એને નીચાં દેખાડવાની ચેષ્ટા થાય! આમ જાણે અજાણે આપણાથી હિંસા થાય, એટલે કે ધર્મનાં આચરણની વાત તો એક બાજુ રહી, પણ અધર્મનું આચરણ થઈ જાય! શ્રીમદ્ ભગવત ગીતાનાં પાંચમાં અધ્યાયનાં ત્રીજા શ્લોકમાં ભગવાન યોગ યોગેશ્વર શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે, હે મહાબાહુ ! જે માણસ ન તો કોઈનો દ્વેષ કરે છે કે, ન તો કશાયની આકાંક્ષા કરે છે, તે કર્મયોગીને સદા સંન્યાસી જ સમજવા. એટલે કે નિત્ય સંન્યાસી સમજવા, કેમ કે રાગ દ્વેષ વગેરે દ્વન્દ્વ વિનાનો માણસ સુખપૂર્વક સંસારનાં બંધનમાંથી મુક્ત થઈ જાય છે.

આ નિત્ય સંન્યાસી શબ્દ એવો છે કે, એને સાંભળીને આપણને એમ થાય કે, આપણે સંન્યાસી કઈ રીતે થવું! અને પાછી નિત્યની વાત છે, એટલે શું ભોગને ત્યજી દેવા? સંસારને ત્યજી દેવો?: સબંધો ભૂલી જવા? આવાં કંઈક ભાવો અંતરમાં ઉદ્ભવવાના શરૂ થાય, જે આપણાં બસની વાત નથી. પણ ભગવાન કહે છે હે અર્જુન સંસારમાં રહીને જ જે રાગ દ્વેષ નામનાં દ્વન્દ્વથી મુક્ત રહી શકે, કોઈ પણ વસ્તુ પદાર્થ, વ્યક્તિ, કે લાગણીની પણ આકાંક્ષા રાખે નહિ, એ નિત્ય સંન્યાસી છે, અને એ સુખપૂર્વક સંસારનાં બંધનમાંથી મુક્ત થઈ જાય છે. એટલે કે મૃત્યુ એને ડરાવતું નથી, કે સમય સંજોગો તેની સ્થિરતાને તોડી શકતાં નથી, તેની અચલતાં દ્રઢ હોય છે.જે કોઈ વસ્તુ પદાર્થ કે અન્ય કોઈ સાધન પ્રસાધનોમાં રચ્યો પચ્યો રહે નહીં, કે અન્ય કોઈ ભોગ વૃત્તિ પ્રત્યે ખેંચાણ થતું નથી, પણ નિરસતા પણ ન હોય.

તો નિત્ય સંન્યાસી થવું એ કંઈ અઘરું નથી! જો સ્થિરતા, શાંતિ, અને સંતોષની પ્રાપ્તિ કરવી હોય, તો ગીતામાં બતાવ્યાં મુજબ નિત્ય સંન્યાસીની ઉપલબ્ધિ મેળવવી પડે, અને એમાં આમ જુઓ તો કંઈ કરવાનું જ નથી. આમ પણ વગર કારણે આપણે રાગ દ્વેષ કરતાં હોઈએ છીએ, જેનો દ્વેષ કરીએ છીએ, એની કરતાં તો અનેક ગણું આપણી પાસે વધુ હોય છે, અને ક્યારેક એવી વસ્તુના રાગમાં એટલે કે મમતા વશ ઘેરાઈ જઈએ છીએ કે, જે આગળ જતાં એને કારણે આપણને પસ્તાવો પણ થાય. દાખલા તરીકે ચાઈલ્ડ પેરેન્ટિંગ એ આજની બહુ મોટી સમસ્યા છે. સૌથી પહેલા કહ્યું તેમ સામાન્ય માણસોને પોતાના બાળકોને ઉછેરવામાં બહુ વિકલ્પ મળતાં નથી, જ્યારે સાધન સંપન્ન લોકો બાળકોની અપેક્ષાઓ એટલી હદે પૂરી કરે છે કે, આગળ જતાં કોઈ વસ્તુ ન મળે તો એ મનોવિકૃત પણ બની શકે છે. આ રીતે જોઈએ તો સમાજના વર્ગ પડવાનું કારણ આ રીતની આપણી મેન્ટાલીટી જ છે કે, એ તો એનું કર્મ જાણે, એમાં આપણે શું કરી શકીએ! મારી મહેનતનું છે! મારા પ્રારબ્ધનું છે! કે પછી મારા હકનું છે! એમ કરી એકલું એકલું ભોગવવાની વૃત્તિ વધતી જાય છે, જે આપણને નિત્ય સંન્યાસીથી ઊંધી દિશામાં ગતિ કરાવે છે. સફળતા મેળવવા માટે આવો કોઈ માર્ગ પસંદ કરવો નહીં,કે જે આપણા મનમાં રાગ દ્વેષનું સતત દ્વંદ યુદ્ધ કરાવે, અને જે શાશ્વત નથી, તેનું સુખ ક્ષણિક હોય છે. માટે આ વસ્તુ પદાર્થ પાછળની આપણી જે ભોગવૃત્તિ છે, એ આપણને ક્યારેય કાયમી સુખ આપી શકવાની નથી, શાંતિ આપી શકવાની નથી, સંતોષ આપી શકવાની નથી. એટલે આકાંક્ષાઓ ઘટવાનો તો સવાલ જ નથી! જ્યારે નિત્ય સંન્યાસી તો કશાયની આકાંક્ષા રાખતો નથી. એટલે જો અને તો નાં આ દ્વંદ્વમાં જો ભોગવૃત્તિ માટે થઈને એકવાર આવું બધું નજર અંદાજ કરતાં ગયાં, તો આપણે ક્યારેય નિત્ય સંન્યાસી થઈ શકીશું નહીં, અને જ્યાં માત્ર ને માત્ર સુખની શોધનું શૂળ જ છે. ભગવાને આપણે આસાનીથી કરી શકીએ એવો માર્ગ બતાવ્યો છે , છતાં એની તરફ દુર્લક્ષ સેવીએ, તો આપણા જેવો મૂર્ખ બીજો કોઈ નથી.

હજી સૂક્ષ્મચિંતન કરીએ તો રાગ દ્વેષ વધવા પાછળ કોઈ વાર કોઈ વસ્તુનો અભાવો, તો કોઈ વાર લાગણીનો અભાવો, કે પછી આપણા અહમની પુષ્ટિ થતી નથી એવું લાગે, અને એને કારણે લઘુતાગ્રંથીની પીડા અથવા તો કંઈક ખાસ સિદ્ધિ મળી ગઈ છે, અને એને કારણે અતિ અહંકારી માનસ સૌને નમાવવા ઈચ્છે! પણ એ શક્ય હોતું નથી, માટે ગુરુતાગ્રંથીની પીડા. તો આ રીતે સૂક્ષ્મચિંતન કરીને આપણા માનસને ફંફોસીએ તો, શેને કારણે આપણા અંતરમાં રાગદ્વેષ વધી રહ્યાં છે, એ મૂળિયુ મળી જાય, તો એને જડમૂળથી કાપવાના પ્રયત્ન કરીને આપણે ભગવાન યોગ યોગેશ્વરનાં કહેવા મુજબ નિત્ય સન્યાસી બની, અને આ સંસાર બંધનમાંથી મુક્ત થઈ શકીએ, સૌ કોઈ આત્મ ચિંતન કરે એવી એક અન્ય પ્રાર્થના રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# પરમાત્મા ભાગ્ય નથી લખતા જિંદગીમાં દરેક પગથિયે આપણા વિચાર,આપણી બોલી,આપણા કર્મોથી જ આપણું ભાગ્ય લખાય છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આજે ચિંતનાત્મકલેખમાં આપણે જોઈએ તો સિંહે જંગલમાં એક ફેક્ટરી બનાવી,તેમાં ફક્તકીડીઓ જ કામ કરતી હતી.જે સમયસર આવતી અને જતી હતી અને ફેક્ટરીમાં બધું કામ કરતી હતી. સિંહનો ધંધો ખૂબ જ વ્યવસ્થિત રીતે ચાલી રહ્યો હતો.

એક દિવસ સિંહે વિચાર્યું કે આ કીડીઓ ખૂબ જ સુંદર કામ કરી રહી છે,જો હું તેમને કોઈનિષ્ણાત ની દેખરેખ હેઠળ મૂકીશ તો તેઓ વધુ સારું કામ કરી શકશે.આ વિચાર આવતાની સાથે જ સિંહે એક મધમાખીને મેનેજર તરીકે નિયુક્ત કરી. મધમાખીને કામમાં ઘણો અનુભવ હતો અને તે રિપોર્ટ લખવામાં પણ ખૂબ જ હોશિયાર હતી. મધમાખીએ સિંહને કહ્યું કે સૌ પ્રથમ આપણે કીડીઓના કામ માટે સમયપત્રક બનાવવું પડશે. પછી પોતાના બધા કામનો યોગ્ય રેકોર્ડ રાખવા માટે,મને એક અલગ સેક્રેટરીની જરૂર પડશે. સિંહે સસલાને તેના સેક્રેટરી તરીકે નિયુક્ત કર્યો. સિંહને મધમાખીનું કામ ગમ્યું.તેણે તેણીને કીડીઓએ અત્યાર સુધી કરેલા બધા કામનો અહેવાલ આપવા અને એક સુંદર ગ્રાફ બનાવીને કરેલી પ્રગતિ બતાવવા કહ્યું. મધમાખીએ કહ્યું, 'ઠીક છે,પણ આ માટે મને એક કમ્પ્યુટર, લેસરપ્રિન્ટર, પ્રોજેક્ટરની જરૂર પડશે. 'આ બધા માટે, સિંહે એક કમ્પ્યુટર વિભાગ બનાવ્યો અને બિલાડીને તેના વડા તરીકે નિયુક્ત કરી.હવે,પોતાનું કામ કરવાને બદલે, કીડીએ ફક્ત કાગળના અહેવાલો બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનું શરૂ કર્યું, જેના કારણે તેનું કામ ધીમું થવા લાગ્યું અને અંતે ઉત્પાદન ઘટ્યું. સિંહે કંપનીમાં એક ટેકનિકલ નિષ્ણાત રાખવાનું નક્કી કર્યું જે મધમાખીના સૂચનો પર પ્રતિક્રિયા આપી શકે. આ વિચારને ધ્યાનમાં રાખીને, તેણે વાંદરાને ટેકનિકલ નિષ્ણાત તરીકે નિયુક્ત કર્યા.હવે, કીડીને જે પણ કાર્ય સોંપવામાં આવે, તે તેની બધી શક્તિથી કરશે પરંતુ જોતે અધૂરું રહેશે તો તેને તે અધૂરું છોડીને ઘરે પાછા ફરવાની ફરજ પડશે. સિંહનેસતત નુકસાન થવા લાગ્યું અને તે વધુને વધુ બેચેન થવા લાગ્યો. બીજો કોઈ ઉકેલ ન જોઈને તેણે કારણ ની તપાસ કરવા માટે ઘુવડને રાખ્યો. ત્રણ મહિના પછી,ઘુવડે સિંહને એક વિગત વાર અને અત્યંત ગુપ્ત અહેવાલ રજૂ કર્યો જેમાં જણાવાયું કે ફેક્ટરીમાં વધુ પડતો સ્ટાફ છે અને કંપનીના નુક્સાનને ઘટાડવા માટે કર્મચારી ઓને સસ્પેન્ડ અથવા બરતરફ કરવા પડશે.અભિમાન જ્યાં આવે ત્યાં દુર્ગણ આવે છે. પ્રભાવતી એમ કે કોઈ પકડી શકતું નથી એ લાલાને મેં પકડયો છે એટલે તે લાલાને છોડતી નથી. મનુષ્ય સાધના કરે એટલે ઈશ્વર સાધના આવે છે.પછી તે સાધના માં ગર્વ પેદા થાય તો ઈશ્વર છટકી જાય છે.

પ્રભાવતી લાલાનો હાથ પકડીને લઈ જતી હતી,તેવામાં સામેથી વૃદ્ધ વ્રજવાસી આવતા દેખાયા, એટલે પ્રભાવતીએ લાજ કાઢી. કનૈયો પ્રભાવતીને કહે,મારા,હાથ માં દુઃખે છે. તું મારો બીજો હાથ પકડ!હાથ બદલાવતાંકનૈયા એ તેના એક ચેલકાને ઈશારો કર્યો આવી જા આ બાજુઅને પોતાના બદલે પેલા ચલકાને પ્રભાવતીના હાથમાં સોંપી દીધો.પ્રભાવતી ઊમંગમાં બૂમો પાડતી આવી,મા જુઓ જુઓ!તમારા છોકરાને હું ચોરી કરતો પકડી લાવી છું. યશોદા કહે.અલી,મારો કનૈયો તો ઘરમાં છે.વાત પણ ખરી હતી. કનૈયો ક્યારનો આવીને ડાહ્યો ડમરો બની ઘરમાં બેસી ગયોહતો

ઈશ્વરને અંદર શોધો!જે અંદર છે તેને બહાર શોધે તે દુઃખી થાય છે. ઈન્દ્રિયરૂપી ગોપી કહે છેકે,આનંદ અંદર છે.નિષ્કામ બુદ્ધિ-યશોદા ઈશ્વરને હ્રદયમાં-ઘરની અંદર નિહાળે છે,તેથી તેને આનંદ મળે છે.ઈન્દ્રિયો આનંદને બહાર શોધે છે, તેથી તેને આનંદ મળતો નથી. ઈશ્વર એટલે આનંદ. આનંદને બહાર પકડવા જાય તેને આનંદ મળતો નથી.આનંદ બહાર નથી. તે સ્ત્રીમાં નથી,પુરુષમાં નથી,કોઈ પદાર્થમાં નથી.આનંદ અંદર છે. આનંદ આત્માનું સ્વરૂપ છે. આનંદ બહારથી આવતો નથી. આનંદ આત્મામાંથી નીકળે છે. જે આનંદને બહાર સંસારના વિષયોમાં શોધવા જાય છે,તેની પ્રભાવતી ગોપી જેવી ફજેતીથાય છે.તેને છેવટે થાપ ખાવી પડે છે. યશોદામાં કહે છે કે,અલી પ્રભાવતી, તું જો તો ખરી, તું કોને પકડી લાવી છે?પ્રભાવતી જુએ તો પોતાનો જ ચેલકો!પ્રભાવતી વિચારમાં પડી ગઈ.કહે છે,મા, રસ્તામાં કાંઈ ગરબડ થઈ હશે. બાકી કનૈયાને જ મેં પકડેલો.

પ્રભાવતી અભિમાની છે,ઘમંડ વાળી બુદ્ધિ એ પ્રભાવતી છે. એવી બુદ્ધિ ઈશ્વરને પકડી શકતી નથી. નિષ્કામ બુદ્ધિ જ ઈશ્વરને પકડી શકે છે.સકામ બુદ્ધિ ઈશ્વર ને પકડી શકતી નથી.

ઈશ્વર હાથમાં આવ્યા પછી અભિમાન થાય કે ઈશ્વર મારા હાથમાં છે,તો ઈશ્વર છટકી જશે. સાધકને પરમાત્મા મળે છે એટલે સાવધ થાય છે.મને ભગવાન મળ્યા છે,થોડીક ઠસક આવે છે. તેથી સાધનામાં ઉપેક્ષા થાય છે. પરિણામે હાથમાંઆવેલાભગવાન છટકી જાય છે.સાધના કરો પણ સાધનાનું અભિમાન ન કરો.ગોપી ઓએ યશોદાને કહ્યું,મા,તમે ગણપતિની બાધા રાખો.ગણપતિ બુદ્ધિ-સિદ્ધિના માલિક દેવ છે. કનૈયાની બુદ્ધિને સુધારશે યશોદા એ ગણપતિની બાધા રાખી કનૈયા એ વિચાર્યું કે,મારે ગણપતિનો મહિમા વધારવો છે.એણે બધાં બાળકોને કહી દીધુ કે, આપણે હમણાં કોઈ પ્રવૃત્તિ કરવી નથી. લાલો બહાર પણ નીકળતો નથી. યશોદા માને છે, ગણપતિ દાદાએ મારા લાલાની બુદ્ધિ સુધારી.

વાચક ચાહક મિત્રો,હવે ગંભીરતા થી વિચારો આપણી શિક્ષણ કે અન્ય તંત્રમાં પણ આવ્યું જ કંઈક બન્યું છે.ઉપરના કિસ્સામાં કોને સસ્પેન્ડ કરવામાં આવશે, નોટિસ આપવામાંઆવશે કે બર તરફ કરવામાં આવશે?કીડીઓ કારણ કે ખરેખર તેઓ જ કામ કરતી હતી.'માણસો આવું જ કરે છે.'વાચક ચાહક મિત્રો,સૌને જય માતાજી બસ આજે આપણે અહીં અટકીએ.

# અદાણી ઈન્ટરનેશનલ સ્કૂલના યજમાનીમાં આયોજીત IRIS રાષ્ટ્રીય મેળામાં ભારતની ઉભરતી STEM પ્રતિભાનું પ્રદર્શન

**અમદાવાદ, તા.09**

અમદાવાદના શાંતિગ્રામમાં આવેલી અદાણી ઈન્ટરનેશનલ સ્કૂલના યજમાનપદે તા. ૬ થી ૮ ફેબ્રુઆરી દરમિયાન યોજાયેલા IRIS રાષ્ટ્રીય મેળો ૨૦૨૫-૨૬ કોહોર્ટ- ૨એ અમદાવાદને વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત (STEM) વિષયોમાં શાળાકીય કક્ષાના સંશોધન અને નવીનતા માટેનું એક રાષ્ટ્રીય પ્લેટફોર્મ તરીકે સ્થાપિત કર્યું છે.




ત્રણ દિવસના આ રાષ્ટ્રીય કાર્યક્રમમાં ૧૨ રાજ્યો અને ૨૪ શહેરોના મળી ૭૫ વિદ્યાર્થી અન્વેષકો, શિક્ષકો, સંશોધકો અને માર્ગદર્શકોએ ભાગ લીધો હતો. શિક્ષણને વર્ગખંડો અને પાઠ્ય પુસ્તકોથી ઉપર ઉઠીને આગળ વધવાના હેતુથી રચાયેલ અને સહભાગીઓને વાસ્તવિક દુનિયાની વૈજ્ઞાનિક પૂછપરછ અને સમસ્યાના નિરાકરણ સાથે જોડવા સક્ષમ બનાવતા આ મેળામાં વિદ્યાર્થીના સંશોધન પ્રદર્શનો, માળખાગત માર્ગદર્શન, પરિસંવાદ અને સાર્વજનિક જોડાણ જેવી વિષય વસ્તુનો સમાવેશ કરવામાં આવ્યો હતો

આ મેળાના સમાપન સમારોહમાં ભાગ લેતા ગુજરાતના શિક્ષણ રાજ્યમંત્રી શ્રીમતી રીવાબા રવિન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે મોદી સરકારની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ સાથે સુસંગત રહીને પ્રારંભિક સંશોધન અને તેનો ઉઘાડ, વૈજ્ઞાનિક સ્વભાવ અને અનુભવલક્ષી શિક્ષણના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો છે.

તેમણે કહ્યું હતું કે સંશોધન ફક્ત યુનિવર્સિટીઓની પ્રયોગશાળાઓ સુધી મર્યાદિત ન રહેતા તે હવે અદાણી ઈન્ટરનેશનલ સ્કૂલ જેવી સંસ્થાઓમાંથી આરંભાય છે. વિદ્યાર્થીઓ વહેલા સવાલો કરવાનું શરૂ કરીને વિચારોનું પરીક્ષણ અને નિષ્ફળતામાંથી શીખે છે ત્યારે તેઓ વૈજ્ઞાનિક સ્વભાવનો પાયો નાખતા હોવાથી શાળાઓએ ફક્ત શિક્ષણ કેન્દ્રો જ નહીં બની રહેતા વિચારો અને ઉકેલોના ઈન્ક્યુબેટર બનવું જોઈએ.

અદાણી ઈન્ટરનેશનલ સ્કૂલના પ્રયોજક અને અદાણી સમૂહના નોન એક્ઝિક્યુટીવ ડિરેક્ટર શ્રીમતી નમ્રતા અદાણીએ આ દ્રષ્ટિકોણને પ્રતિબિંબિત કરતા જણાવ્યું હતું કે અદાણી ઈન્ટરનેશનલ સ્કૂલ જિજ્ઞાસાને વહેલી કેળવવવામાં અને શિક્ષણને પાઠ્ય પુસ્તકોથી ઉપર ઉઠીને આગળ વધવાની હિમાયત કરે છે.IRIS જેવા રાષ્ટ્રીય મેળાવડાઓ પ્લેટફોર્મ બની વિદ્યાર્થીઓને વાસ્તવિક દુનિયાના પડકારો પર સવાલો કરવા, પ્રયોગ કરવા અને જ્ઞાન લાગુ કરવાની મોકળાશ આપે છે. આચાર્યો અને શિક્ષકોના પરિસંવાદ સાથે આરંભ થયેલા કાર્યક્રમમાં સમગ્ર અમદાવાદની શાળાઓના અગ્રણીઓને પૂછપરછ-આધારિત STEM શિક્ષણશાસ્ત્ર અને અનુભવ આધારિત વર્ગખંડ પ્રણાલીઓને મજબૂત બનાવવા વિષે છણાવટ કરવા માટે એકત્ર કરવામાં આવ્યા હતા. ક્યુરેટેડ પ્રદર્શનો મારફત વિદ્યાર્થીઓએ નિષ્ણાત મૂલ્યાંકન અને માર્ગદર્શન દ્વારા સમર્થિત મૂળ સંશોધન પ્રદર્શિત કર્યું હતુ.

તા. ૭મી ફેબ્રુઆરીના રોજ સ્પર્ધાત્મક મૂલ્યાંકનની શરૂઆત સાથે આ મેળો ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન અને ઈજનેરી મેળા (ISEF)૨૦૨૬ માટે ક્વોલિફાઈંગ પ્લેટફોર્મ તરીકે સેવા આપતા આ મેળાના સમાપનમાં ૧૫ પ્રોજેક્ટ્સને સુવર્ણ અને ૧૦ને રજત પદક એનાયત કરાયા હતા. આ સાથે સુવર્ણ પદક વિજેતાઓ વિશ્વ સ્તરે રાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કરવાની અંતિમ પસંદગી માટેના રાઉન્ડમાં ભાગ લેશે..

સમાપન સમારોહમાં અદાણી સમૂહના આંતર રાષ્ટ્રીય વ્યવસાયના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી અમિત સિંહે વૈવિધ્યસભર સમૂહ વતી ઉપસ્થિત વરિષ્ઠ અગ્રણીઓ વતી પ્રાસંગિક પ્રવચન કર્યું હતું

રાજ્યના વિકાસશીલ શિક્ષણ ઈકોસિસ્ટમમાં યોગદાન આપી રહેલી અમદાવાદ અને ગુજરાતમાં સર્વાંગી શિક્ષણ માટે પ્રતિબદ્ધ સંસ્થા તરીકે STEM સંશોધન, વૈશ્વિક સ્પર્ધાઓ, રમતગમત, કલા અને નેતૃત્વ વિકાસ સહિતના સહ-અભ્યાસક્રમ અને અભ્યાસેતર ક્ષેત્રોમાં સિદ્ધિઓ હાંસલ કરવા સાથે શૈક્ષણિક જૂસ્સાને સતત જોડનાર શૈક્ષિણક સંસ્થા તરીકે અદાણી ઈન્ટરનેશનલ સ્કૂલની પ્રતિષ્ઠાને IRIS રાષ્ટ્રીય મેળાના આયોજનથી પુષ્ટી મળી છે.

પ્રારંભિક તબક્કાના સંશોધન, સહયોગ અને નવીનતા માટે ઉત્પ્રેરક તરીકે શાળાઓની વધતી જતી ભૂમિકાને કેન્દ્રમાં રાખી IRIS રાષ્ટ્રીય મેળો ૨૦૨૫-૨૬નું સફળ આયોજન ભારતની આગામી પેઢીના વૈજ્ઞાનિક વિચારકો માટેનો પાયો મજબૂત બનાવશે.

ભારતભરમાં ધો.૫થી ૧૨ના વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક સંશોધન પ્રત્યે પ્રેરીત કરવા સાથે યુવાનોમાં વૈજ્ઞાનિક સંશોધન સંવર્ધન અને વૃધ્ધિ માટેની EXSTEMPLAR Education Linkers Foundation અંતર્ગત IRIS કાર્યક્રમની પહેલ થકી એક રાષ્ટ્રીય મંચ પુરો પાડી આંતરરાષ્ટ્રીય કક્ષાએ વૈજ્ઞાનિક સંશોધન અને અભિનવ ખોજમાં સક્રિય રસ ધરાવતી ભારતીય યુવા પ્રતિભાઓના ISEF ખાતે પ્રતિનિધિત્વ માટે કેડી કંડારે છે.

# 6,000 મેગાવોટ સંકલિત ગ્રીન એનર્જી કોરિડોર થકી ભારતની ગ્રીન એનર્જીની કરોડ રજ્જુને મજબૂત કરતી અદાણી એનર્જી સોલ્યુશન્સ

**અમદાવાદ, તા.09**

ભારતની સૌથી મોટી ખાનગી ઉર્જા સેવા કંપની અદાણી એનર્જી સોલ્યુશન્સ લિ. (AESL)એ સમગ્ર ઉત્તર ભારતમાં નવીનીકરણીય ઉર્જાના પ્રવાહને મજબૂત બનાવવા માટે રચાયેલ એક ગ્રીન ઈવેક્યુએશન કોરિડોર થકી તેના મુખ્ય હાઈ-વોલ્ટેજ ડાયરેક્ટ કરંટ (HVDC) ટ્રાન્સમિશન પ્રકલ્પ માટે જાપાની બેંકોના બનેલા કોન્સોર્ટિયમ પાસેથી લાંબા ગાળાનું ધિરાણ હસ્તગત કર્યું છે.

રાજસ્થાનના સૌર-સમૃદ્ધ પ્રદેશોમાંથી નવીનીકરણીય ઉર્જાને બહાર કાઢી અને તેને ભારતના રાષ્ટ્રીય ગ્રીડમાં લઈ જઈ દેશની વધતી જતી સ્વચ્છ ઉર્જા માંગને ટેકો આપવામાં આ પ્રકલ્પ કેન્દ્રિય ભૂમિકા ભજવશે.

૬,૦૦૦ મેગાવોટની ઈવેક્યુએશન ક્ષમતા સાથે ઉંચી-ક્ષમતા ધરાવતા ૮૦૦થી વધુ કિલોવોટની ક્ષમતાના હાઈ-વોલ્ટેજ ડાયરેક્ટ કરંટ માળખા તરીકે સ્થપાયેલો ૯૫૦-કિલોમીટરનો ૨૦૨૯ સુધીમાં નિશ્ચિતપણે કાર્યાન્વિત થનાર પ્રસ્તાવિત કોરિડોર રાજસ્થાનના ભાડલાને ઉત્તર પ્રદેશના ફતેહપુર સાથે જોડશે. ભારતના કેટલાક સૌથી વધુ ઉર્જાથી સભર શહેરી અને ઔદ્યોગિક કેન્દ્રો માટે ગ્રીડ સ્થિરતાને મજબૂત કરતી વેળાએ મોટા પાયે નવીનીકરણીયના એકીકરણને આ લિંક એક સક્ષમ અને મહત્વની ગ્રીન ટ્રાન્સમિશન ધમની બની રહેશે તેવી ભરપૂર અપેક્ષા છે. અદાણી ગ્રુપના સંકલિત સ્વચ્છ ઉર્જા પ્લેટફોર્મનો એક ભાગ એવી આ અસ્ક્યામત રાજસ્થાન અદાણી ગ્રીન એનર્જી લિ. માટે એક મુખ્ય ઉત્પાદન કેન્દ્ર રહ્યું છે. કંપનીના પ્રકલ્પો પહેલાથી જ તેની પેટાકંપની અદાણી ઈલેક્ટ્રિસિટી મુંબઈ લિ. (AEML) ને સ્વચ્છ ઉર્જાનો પૂરવઠો પૂરો પાડે છે. નોંધપાત્ર ટકાઉ વીજ પ્રવેશ સાથે વિશ્વના સૌથી મોટા શહેરોમાં મુંબઈને સ્થાન આપતી AEML હાલ પુરવઠાના તેના મિશ્રણમાં ૪૦% થી વધુ નવીનીકરણીય ઉર્જાને એકીકૃત કરે છે. જાપાનના બેંકિંગ ભાગીદારો MUFG બેંક અને સુમિટોમો મિત્સુઈ બેંકિંગ કોર્પોરેશન દ્વારા આપવામાં આવેલું આ ધિરાણ ભારતના નવીનીકરણીય માળખાગત બાંધકામમાં આંતરરાષ્ટ્રીય વિશ્વાસને અકબંધ રાખતા આ પ્રકલ્પને ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ લિ.(BHEL) ના સહયોગથી હિટાચીની આધુનિક HVDC ટેકનોલોજીનો મળેલા મજબૂત ટેકાનો ફાયદો ભારતના સ્થાનિક ઉત્પાદનની ઈકોસિસ્ટમ ઉઠાવે છે. મહત્વપૂર્ણ ટ્રાન્સમિશન ટેકનોલોજીમાં જાપાનનું પ્રભુત્વ અને મેક-ઈન-ઈન્ડિયાના તેના પુશ હેઠળ સ્થાનિક ઉત્પાદનને વધુ સુદ્રઢ બનાવવાના ભારતના પ્રયાસને સાથે મળીને આ ભાગીદારી પ્રતિબિંબિત કરે છે.

ભારત-જાપાન નાણાકીય અને ઔદ્યોગિક કોરિડોરને મજબૂત બનાવવાનો નિર્ધાર, એ જાપાની એજન્સી JCR દ્વારા તાજેતરના BBB+ (સ્થિર) ક્રેડિટ રેટિંગમાં પણ પ્રતિબિંબિત થાય છે, જે ભારતના સાર્વભૌમ રેટિંગ સાથે સંરેખિત અને દેશના નીતિ માળખા અને કંપનીની બેલેન્સ શીટ બંનેમાં સમાંતર વિશ્વાસનો સંકેત આપે છે. ભારતના ગ્રીન ટ્રાન્સમિશનની કરોડરજ્જુ બનાવવા માટે આ પ્રકલ્પને એક નિર્ણાયક કદમ ગણાવતા છે. કંપનીના મુખ્ય કારોબારી અધિકારી કંદર્પ પટેલે જણાવ્યું હતું કે અગ્રણી બેંકો અને હિટાચી સહિતના અમારા જાપાની સહયોગીઓ તરફથી મળી રહેલા સતત અનુમોદનમાં ભારત-જાપાનની ગહન ભાગીદારી અને ટકાઉ ઊર્જાના ભવિષ્યને સક્ષમ બનાવવા માટેની અમારી સહિયારી પ્રતિબદ્ધતાનો પડઘો પડે છે. તેમણે ઉમેર્યું હતું.

### ખેડાજિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને સુદ્રઢ બનાવવા "નવીનીકરણ ઝુંબેશ" અંતર્ગત કયાકલ્પ

# ખેડા જિલ્લાના 1468 આંગણવાડીમાં સ્વચ્છતા અને સૌંદર્યીકરણ તથા 116 આંગણવાડી કેન્દ્રોમાં નવીનીકરણની ઝુંબેશની કામગીરી

**ખેડા, તા.09**

"રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા સમગ્ર ગુજરાતમાં આંગણવાડી નવીનીકરણ ઝુંબેશે હાથ ધરવામાં આવી છે. જેનો મુખ્ય હેતુ રાજ્યમાં કાર્યરત આંગણવાડી કેન્દ્રોને વધુ સ્વચ્છ, સુંદર, સુરક્ષિત બનાવવા, રંગરોગાન, માળખાકીય સુવિધાઓનું સુદ્રઢીકરણ, નાનું-મોટું સમારકામ કરવાનું છે. જે માટે આંગણવાડી કેન્દ્રોને જર્જરિત થતા અટકાવવાનાં હેતુસર વાર્ષિક મરામત, જાળવણી, તથા રિનોવેશન માટે ગ્રાંટની રાજ્ય સ્તરેથી જિલ્લા સ્તરે જોગવાઈ કરવામાં આવી છે. ઉપરાંત અન્ય સરકારી ગ્રાન્ટ, csr અને લોક ભાગીદારી થકી નવીનીકરણ હાથ ધરવામાં આવશે.

ખેડા જિલ્લા માં પ્રોગ્રામ ઓફિસરશ્રી મનિષાબેન બારોટના માર્ગદર્શન હેઠળ ખેડા જિલ્લા ના ૧૪૬૮ આંગણવાડીમાં સ્વચ્છતા અને સૌંદર્યીકરણ તથા ૧૧૬ આંગણવાડી કેન્દ્રોમાં નવીનીકરણની ઝુંબેશની કામગીરી આઈ.સી.ડી.એસ શાખા દ્વારા શરૂ કરવામાં આવેલ છે. ૨૫ આંગણવાડી કેન્દ્રોમાં કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે ૭ આંગણવાડી કેન્દ્રો ને CSR ફંડ માં સ્માર્ટ આંગણવાડી માં કન્વર્ટ કરવામાં આવ્યા છે અન્ય આંગણવાડી માં મોટા સમારકામમાં આંગણવાડીની માળખાકીય સુવિધામાં જરૂરિયાત મુજબ સ્લેબ રિપેરિંગ ભોય તળીયું, કલરકામ, ભીતચિત્રો વગેરે અને વાર્ષિક મરામતની ગ્રાંટમાંથી નાના સમારકામો, કલરકામ, ભીતચિત્રો, પાણી, શૌચાલય સુવિધા વગેરે નાના સમારકામો, બારીબારણા રીપેરિંગ, ભોયતળીયું વગેરેની કામગીરી ચાલી રહી છે.

### આરોગ્ય શાખા ખેડા જિલ્લા પંચાયત ખાતે

# પીએનડીટી એડવાઈઝરી કમિટીની મીટીંગ યોજાઈ

**ખેડા, તા.09**

જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી વી. એસ. ધ્રુવેની અધ્યક્ષતામાં આરોગ્ય શાખા ખેડા જિલ્લા પંચાયત ખાતે પીસી પીએનડીટી એક્ટ એડવાઈઝરી કમિટીની મીટીંગ યોજાઈ.

આ બેઠક અંતર્ગત પીએનડીટી એક્ટ હેઠળ રજીસ્ટર્ડ સંસ્થા અને ક્લિનિકના નવીન રજીસ્ટ્રેશન માટેની દરખાસ્તો, રીન્યુઅલ રજીસ્ટ્રેશન દરખાસ્ત, કંપની રજીસ્ટ્રેશન દરખાસ્ત અને સેક્સ રેસીયો સંતુલિત કરવા બાબતે ચર્ચા કરવામાં આવી.

આ પ્રસંગે આર.સી.એચ.ઓ શ્રી ડો.એ.એ.પઠાણ, નડિયાદ સિવિલ સર્જન ડો. કવિતા શાહ, સ્ત્રી રોગ નિષ્ણાંત ડો. અશ્વિન ઘોરી, બાળ રોગ નિષ્ણાંત ડો. ચાંદની વાણિયા અને સામાજિક કાર્યકર શ્રી ભૌતિક પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# કચ્છને મોટી રેલ ભેટ: ગાંધીધામ-આદિપુર ચૌહરીકરણ અને 'Y' કનેક્ટિવિટીનું કામ પૂર્ણ

**અમદાવાદ, તા.09**

અમદાવાદ મંડળ તેના રેલ નેટવર્કને વધુ સક્ષમ, સુરક્ષિત અને ભવિષ્યની આવશ્યકતાઓને અનુરૂપ વિકસાવવા માટે સતત પ્રયત્નશીલ છે. આ ક્રમમાં ગુજરાતના ગાંધીધામ-આદિપુર રેલખંડ વચ્ચે ચૌહરીકરણ તથા આદિપુર સ્ટેશન પર 'વાય' કનેક્ટિવિટીનું મહત્વપૂર્ણ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે. આ ખંડનું 9 ફેબ્રુઆરી 2026ના રોજ શ્રી ઈ. શ્રીનિવાસ, રેલ સુરક્ષા આયુક્ત (CRS), પશ્ચિમ સર્કલ દ્વારા ટ્રોલી નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. નિરીક્ષણ ટીમમાં અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ, મુખ્ય વહીવટી અધિકારી (નિર્માણ) શ્રી પ્રદીપ ગુપ્તા, મુખ્ય ટ્રેક ઈજનેર, મુખ્ય સંચાલન પ્રબંધક (જી) તેમજ નિર્માણ અને ઓપન લાઈન વિભાગના વરિષ્ઠ અધિકારીઓ સામેલ હતા. આ પ્રોજેક્ટ અંતર્ગત 17 કિમી ટ્રેક લિંકિંગ, 8 નાના પુલોના નિર્માણ તેમજ 2.60 લાખ



ઘન મીટર અર્થવર્ક કરવામાં આવ્યું છે. આદિપુર સ્ટેશન પર સિગ્નલ તથા ટેલિકોમ્યુનિકેશન (S&T) અને ઓપરેટિંગ કન્ટ્રોલ બિલ્ડિંગનું નિર્માણ કરવામાં આવ્યું છે અને ચોથી લાઈન સહિત સમગ્ર સેકશનનું વિદ્યુતીકરણ પૂર્ણ થયું છે. ગોપાલપુર સ્ટેશનને આધુનિક સ્ટેશન તરીકે વિકસાવવામાં આવ્યું છે. ગાંધીધામ બી કેબિનમાં 16 નવા પોઈન્ટ્સ અને ક્રોસિંગ તેમજ આદિપુર સ્ટેશન પર 21 નવા પોઈન્ટ્સ અને ક્રોસિંગ સાથે 1 લૂપ લાઈન સહિત મહત્વપૂર્ણ યાર્ડ રીમોડેલિંગના કાર્ય કરવામાં આવ્યા છે. ગાંધીધામ-આદિપુર બ્રોડગેજ રેલખંડ કંડલા અને મુન્દ્રા બંદરો સહિત ભુજ, વાયોર તથા અન્ય વિસ્તારોને દેશના વિવિધ ભાગો સાથે જોડતો એક અત્યંત મહત્વપૂર્ણ માલ પરિવહન માર્ગ છે. હાલમાં આ ખંડ અત્યંત વ્યસ્ત હોવાથી સંચાલન પર દબાણ રહે છે, જેને ઘટાડવા માટે બે વધારાની લાઈનોની જરૂરિયાત અનુભવાઈ રહી હતી. આ માર્ગ પરથી મીઠું તથા સામાન્ય માલની પણ મોટા પાયે હેરફેર થાય છે અને મુન્દ્રા બંદરની વધતી ક્ષમતાને ધ્યાનમાં લેતા ભવિષ્યમાં યાતાયાત વધુ વધવાની સંભાવના છે.

આ ખંડ અમદાવાદ મંડળનો સર્વાધિક GMT (ગ્રોસ મિલિયન ટન) લોડિંગ ધરાવતો સેકશન છે, જ્યાંથી દર વર્ષે 70થી વધુ GMT લોડિંગ થાય છે. ચૌહરીકરણથી લાઈન ક્ષમતામાં વધારો થશે, જેના કારણે ટ્રેનોનું સંચાલન વધુ સુરક્ષિત, સમયબદ્ધ અને સુચારુ બનશે. પરિણામે મુસાફર ટ્રેનોની સમયપાલનમાં સુધારો થશે, પીક સમયમાં સંચાલન સરળ બનશે તેમજ નવી ટ્રેનો અથવા વધારાના ફેરાઓની શક્યતાઓ વધશે.

ગોપાલપુર નવા સ્ટેશનના નિર્માણથી અમદાવાદ તરફથી આવતી ગાડીઓને ભુજ જવા માટે ગાંધીધામમાં એન્જિન રિવર્સલ કરવાની જરૂર રહેશે નહીં, જેના કારણે આશરે 20-25 મિનિટનો સમય બચશે. આદિપુર સ્ટેશન પર 'વાય' કનેક્ટિવિટી ઉપલબ્ધ હોવાથી ટ્રેનોને દિશા પરિવર્તન કરવું પડશે નહીં, પરિણામે સમય અને ઈંધણ બંનેની બચત થશે અને સંચાલન વધુ સરળ બનશે.

આ પ્રોજેક્ટથી કંડલા તથા મુન્દ્રા બંદરો સાથે જોડાયેલા કન્ટેનર, પેટ્રોલિયમ, ખાતર, અનાજ તેમજ અન્ય માલના પરિવહનમાં ઝડપ આવશે. માલગાડીઓનો ટર્નઅરાઉન્ડ સમય ઓછો થશે, વેગનોનો વધુ સારો ઉપયોગ શક્ય બનશે તથા લોજિસ્ટિક ખર્ચમાં ઘટાડો થશે, જેના કારણે ઉદ્યોગો અને વેપારને સીધો લાભ મળશે. સાથે સાથે આ પ્રોજેક્ટ કચ્છ વિસ્તારના ઔદ્યોગિક વિકાસને વેગ આપવા, વેપાર, પર્યટન અને રોજગારના અવસર વધારવા તેમજ રોકાણ માટે અનુકૂળ વાતાવરણ ઊભું કરવામાં સહાયક સાબિત થશે. ગાંધીધામ-આદિપુર ચૌહરીકરણ તથા 'વાય' કનેક્ટિવિટી પ્રોજેક્ટ ક્ષેત્રીય વિકાસ અને મજબૂત રેલ અવસંરચનાની દિશામાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે, જે કચ્છ ક્ષેત્રના સામાજિક-આર્થિક વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપશે.

# પશ્ચિમ રેલવેના મહાપ્રબંધકે અમદાવાદ મંડળના 5 કર્મચારીઓને સંરક્ષામાં ઉત્કૃષ્ટ કાર્ય માટે સન્માનિત કર્યા

**અમદાવાદ, તા.09**

પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક (પ્રભારી) પ્રદીપ કુમારે પશ્ચિમ રેલવે મુખ્યાલય, મુંબઈ ખાતે આયોજિત કાર્યક્રમમાં અમદાવાદ મંડળના 5 કર્મચારીઓને રેલ સંરક્ષામાં ઉત્કૃષ્ટ કાર્ય, સતર્કતા તથા સુરક્ષિત ટ્રેન સંચાલનમાં મહત્વપૂર્ણ યોગદાન બદલ "મેન ઓફ દ મન્થ" (ડિસેમ્બર-2025) સંરક્ષા પુરસ્કારથી સન્માનિત કર્યા. કર્મચારીઓની સમયસરની સતર્કતાને કારણે સંભવિત દુર્ઘટનાઓ ટળી અને રેલ સંપત્તિની સુરક્ષા સુનિશ્ચિત થઈ.



સન્માનિત કર્મચારીઓનું વર્ણન: અનિલ કુમાર, ફિટર-III (C&W), ભીલડી: 11 ડિસેમ્બર 2025ના રોજ ફરજ દરમિયાન રોલિંગ-ઈન પરીક્ષણ કરતી વખતે તેમણે એક કોચની એર સ્પ્રિંગ દબાયેલી હોવાનું જોયું. તપાસ દરમિયાન એર પ્રેશર ન હોવું તથા કોક બંધ હોવાનું જાણવા મળ્યું. તેમણે તાત્કાલિક ખામી દુર કરી, લીકેજની તપાસ કરી અને ગાડી સુરક્ષિત રીતે આગળ જઈ શકે તે માટે C&W સ્ટાફ દ્વારા એસ્કોર્ટની વ્યવસ્થા કરી તેમજ કંટ્રોલને જાણ કરી.

ગ્રૈશકુમાર ડી.,લોકો પાયલટ, અમદાવાદ: 8 ડિસેમ્બર 2025ના રોજ ટ્રેન સંખ્યા19223 ચલાવતા સમયે ખોડિયાર સ્ટેશન નજીક ટ્રેક પર ભારે લોખંડનો ક્લેમ્પ પડેલો હોવાનું તેમણે જોયું. તેમણે તરત જ ટ્રેન રોકી. સહાયક લોકો પાયલટ દ્વારા ક્લેમ્પ દૂર કરવામાં આવ્યો. તપાસ બાદ ટ્રેનને અત્યંત સાવચેતી સાથે આગળ ચલાવવામાં આવી. તેમની સતર્કતાના કારણે એક મોટી દુર્ઘટના ટળી.

સાજિદ અહમદ, પોઈન્ટ્સમેન, અમદાવાદ:12 ડિસેમ્બર 2025ના રોજ એક માલગાડી પસાર થતી વખતે તેમણે એક વેગનના બ્રેક શૂમાં આગ અને ચિંગારી જોવા મળી. તેમણે તરત જ લાલ સિગ્નલ બતાવીને ગાડી રોકાવી. સ્ટેશન સ્ટાફની મદદથી આગ બુઝાવવામાં આવી અને જરૂરી કાર્યવાહી બાદ ગાડી રવાના કરવામાં આવી. રવિકુમાર મીના, ગેટમેન, જસાલી: 17 ડિસેમ્બર 2025ના રોજ પસાર થતી ગાડીના એક વેગનમાં તેમને ચિંગારી જોઈ, અને તેમણે તાત્કાલિક જાણ કરી. તપાસ દરમિયાન હોટ એક્સલ હોવાનું જણાયું. સહાયક એન્જિન મંગાવી સુરક્ષિત રીતે ગાડી સ્ટેશન પર લાવવામાં આવી અને સિક વેગન અલગ કરવામાં આવ્યો. તેમની સતર્કતા પ્રશંસનીય રહી. દીપક યાદવ, સ્ટેશન માસ્ટર, ભદ્રેશ્વર રોડ: 18 ડિસેમ્બર 2025ના રોજ રન-થ્રૂ ગાડીનું નિરીક્ષણ કરતી વખતે તેમને એક વેગનમાંથી ચિંગારી અને દુર્ગંધ અનુભવાઈ. તેમણે તરત જ કંટ્રોલ તેમજ આગામી સ્ટેશનને જાણ કરી. તપાસ દરમિયાન બ્રેક બ્લોક જામ થયેલ હોવાનું જાણવા મળ્યું. વેગનને અલગ કરીને સુરક્ષિત સંચાલન સુનિશ્ચિત કરવામાં આવ્યું. પશ્ચિમ રેલવેને તેમના કર્મચારીઓ પર ગર્વ છે, જે કર્તવ્યનિષ્ઠા અને સતર્કતાથી યાત્રીઓની સુરક્ષા તથા રેલ સંચાલનની વિશ્વસનીયતા જાળવી રાખે છે. આવા પ્રયાસો રેલવેમાં સંરક્ષા સંસ્કૃતિને વધુ મજબૂત બનાવે છે.

### ભ્રષ્ટાચારની પોલ ખોલતી ઘટના પ્રકાશમાં આવી:

# ખંભોળજ કુંજરાવ રોડનું 4.66 કરોડના ખર્ચે રિસરફેસિંગનું કામ માત્ર કાગળ પર....

**આણંદ, તા.09**

આણંદ જિલ્લા પંચાયતના માર્ગ મકાન વિભાગ દ્વારા મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ આણંદ તાલુકાના ખંભોળજ થી કુંજરાવ 5 કિમીના માર્ગ રિસરફેસિંગ કામગીરી માટે રૂ 4.66 કરોડ ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી હતી.

જૂન 2025ના અંતિમ સપ્તાહમાં કામગીરી હાથ ધરીને ડિસેમ્બર 2025માં પૂર્ણ કરવાની હતી. પરંતુ આજદિન સુધી કામગીરી માત્ર કાગળ પર જોવા મળી રહી છે. તેમ છતાં કોન્ટ્રાકટર દ્વારા બોર્ડ મુકી દેવામાં આવતાં ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર આણંદ તાલુકાના ખંભોળજ થી કુંજરાવ ગામને જોડતો 5 કિમી માર્ગ બિસ્માર હાલતમાં ફેરવાઇ ગયો હતો જે તે વખતે સ્થાનિકોએ જિલ્લા પંચાયતમાં રજૂઆત કરી હતી.



ત્યારે જિલ્લા પંચાયતના માર્ગ મકાન વિભાગ દ્વારા મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રૂ 4.66 કરોડના ખર્ચે રિસરપફેંસિગ કામ હાથ ધરવામાં આવ્યું હતું.

જે અંગેનો કોન્ટ્રાકટ નીલકંઠ કંપનીને આપવામાં આવ્યો હતો. આ કામ ડિસેમ્બર 2025માં પૂર્ણ કરવાની અવધી આપવામાં આવી હતી. પરંતુ કામગીરી હાથ ધરાઈ નથી આજે પણ કાગળ પર કામગીરી બતાવવામાં આવે છે.

કોન્ટ્રાકટર દ્વારા બોર્ડ પણ લગાવી દેવામાં આવ્યું છે. કામગીરી કર્યા વગર માત્ર કાગળ દેખાડીને નાણાં ચુકવી દીધા હોવાનો આક્ષેપ સ્થાનિકો દ્વારા કવરામાં આવ્યો છે.જેને લઈને ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ખંભોળજ થી કુંજરાવને જોડતો 5 કિમી માર્ગ બિસ્માર હાલતમાં ફેરવાઇ ગયો છે.જેના કારણે વાહનચાલકોને તે રોડ પરથી પસાર થાય તો અકસ્માત થવાનો ભય રહેલો છે. તેમજ વાહનોને નુકશાન પણ થાય છે.જેને લઈને ગ્રામજનોને કુંજરાવ થી ખંભોળજ જવા માટે સારસા થઈને ખંભોળજ જતાં હોવાથી 10 કિમીનો ફેરો ફરવો પડે છે.

# વડોદરામાં કપિરાજને વીજ કરંટ લાગ્યો: વીજળીના ટ્રાન્સફોર્મરને અડી જતાં ઈલેક્ટ્રિક શોકથી કપિરાજ લોહીલુહાણ

**વડોદરા, તા.09**

વડોદરા શહેરના મધ્ય વિસ્તાર રાવપુરા ટાવર પાસે આવેલા મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ (MGVCL)ના ટ્રાન્સફોર્મર પર એક કપિરાજ (લાંગૂર) ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટનો ભોગ બન્યો હતો. આ ઘટનામાં કપિરાજ ટ્રાન્સફોર્મર સાથે જોડાયેલ વાયર સાથે સંપર્કમાં આવતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો અને લોહીલુહાણ થઈને ફસાઈ ગયો હતો.

આ ઘટનાની જાણ થતાં જ વડોદરા વન વિભાગની ટીમે તાત્કાલિક સ્થળે દોડી ગઈ હતી અને વન વિભાગની ટીમે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. વન વિભાગના અધિકારીઓ અને સ્ટાફે સાવચેતીપૂર્વક કપિરાજને ટ્રાન્સફોર્મર પરથી અલગ કરીને સુરક્ષિત રીતે બહાર કાઢ્યો હતો.



રેસ્ક્યુ કરાયેલા કપિરાજને તાત્કાલિક વન વિભાગના સંભાળ કેન્દ્ર ખાતે લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તેને પશુચિકિત્સકો દ્વારા વિસ્તૃત સારવાર આપવામાં આવી રહી છે. ઈજાની તીવ્રતા અને બર્નના નુકસાનને ધ્યાનમાં રાખીને તેની સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે.

નિષ્ણાતોના મતે શહેરી વિસ્તારોમાં ટ્રાન્સફોર્મર અને વીજ તારો પર કપિરાજોના આકસ્મિક સંપર્કને રોકવા માટે વધુ સુરક્ષા ઉપાયો કરવા જરૂરી છે, ટ્રાન્સફોર્મરની ફરતે બારીક જાળી, ઈન્સ્યુલેટર કવર લગાવવા જરૂરી છે. વડોદરા શહેરના મધ્ય વિસ્તાર રાવપુરા ટાવર પાસે આવેલા મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ (MGVCL)ના ટ્રાન્સફોર્મર પર એક કપિરાજ (લાંગૂર) ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટનો ભોગ બન્યો હતો. આ ઘટનામાં કપિરાજ ટ્રાન્સફોર્મર સાથે જોડાયેલ વાયર સાથે સંપર્કમાં આવતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો અને લોહીલુહાણ થઈને ફસાઈ ગયો હતો.

આ ઘટનાની જાણ થતાં જ વડોદરા વન વિભાગની ટીમે તાત્કાલિક સ્થળે દોડી ગઈ હતી અને વન વિભાગની ટીમે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. વન વિભાગના અધિકારીઓ અને સ્ટાફે સાવચેતીપૂર્વક કપિરાજને ટ્રાન્સફોર્મર પરથી અલગ કરીને સુરક્ષિત રીતે બહાર કાઢ્યો હતો.

વડોદરા વન વિભાગના RFO કરણસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, કપિરાજને વીજ કરંટ લાગ્યો હોવાનો કોલ મળતા અમારી ટીમ દોડી ગઈ હતી અને કપિરાજને રેસ્ક્યુ કરીને વન વિભાગ ખાતે લાવવામાં આવ્યો હતો. કપિરાજની હાલત હવે સારી છે.

# જાયન્ટ કિલર નેપાળ પર ક્રિકેટના દિગ્ગજો આફરીન! આ દિગ્ગજે કોચ બનવાની ઓફર આપી




**મુંબઈ, તા.09**

T20 વર્લ્ડ કપના મંચ પર જાયન્ટ કિલર નેપાળના શાનદાર પ્રદર્શને એ સાબિત કરી દીધું કે તે હવે માત્ર એક એસોસિએટ ટીમ નથી રહી. મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં પૂર્વ વિશ્વ ચેમ્પિયન ઈંગ્લેન્ડ સામે નેપાળ જીતની ખૂબ નજીક પહોંચી ગયું હતું અને મેચ અંતિમ ઓવર સુધી રમાઈ. ભલે પરિણામ ઈંગ્લેન્ડના પક્ષમાં ગયું, પરંતુ મેચની સૌથી મોટી સ્ટોરી નેપાળની નિડર ક્રિકેટ રહી.

ટોસ બાદ પ્રથમ બેટિંગ કરતા ઈંગ્લેન્ડે 20 ઓવરમાં 7 વિકેટ પર 184 રન બનાવ્યા હતા. કેપ્ટન હેરી બ્રુકે જવાબદારી સંભાળતા 53 રનની ઈનિંગ રમી, જ્યારે જેકબ બેથેલે પણ 55 રન બનાવીને ટીમને મજબૂત સ્થિતિમાં પહોંચાડી. સ્કોરબોર્ડ જોતાં એવું લાગી રહ્યું હતું કે, ઈંગ્લેન્ડ સરળતાથી મેચ જીતી જશે, પરંતુ નેપાળના ઈરાદા કંઈક અલગ જ હતા.

185 રનના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી નેપાળે શરૂઆતથી જ આક્રમક વલણ દાખવ્યું. કેપ્ટન રોહિત પૌડેલે 39 રન બનાવીને ટીમને શાનદાર શરૂઆત અપાવી. કુશલ ભુર્તેલે ઝડપી 29 રન ફટકાર્યા, જ્યારે દીપેન્દ્ર સિંહ એરીની 44 રનની ઈનિંગે ઈંગ્લેન્ડના ખેલાડીઓમાં ખળભળાટ મચાવી દીધો. સ્ટેડિયમમાં મોટી સંખ્યામાં નેપાળી સમર્થકો હાજર હતા.

મેચની સૌથી રોમાંચક ક્ષણ છેલ્લી ઓવરમાં આવી, જ્યારે નેપાળને જીત માટે માત્ર 10 રનની જરૂર હતી. અહીં ઈંગ્લેન્ડના સેમ કરણે અનુભવ દેખાડ્યો અને શાનદાર બોલિંગ કરીને માત્ર 4 જ રન આપ્યા. આવી સ્થિતિમાં નેપાળની ટીમ 180 રન પર જ અટકી ગઈ અને મેચ 4 રનથી હારી ગઈ. જોકે, તેણે ઈંગ્લેન્ડને જીતનો જશ્ન મનાવવાથી વધુ રાહતનો શ્વાસ લેવા માટે મજબૂર કરી.

નેપાળના આ શાનદાર પ્રદર્શનની ચારેય બાજુ પ્રશંસા થઈ રહી છે. યુવરાજ સિંહે કહ્યું કે, 'નેપાળની ટીમમે દિલથી સન્માન. ઈંગ્લેન્ડ જેવી દિગ્ગજ ટીમ સામે ઝૂક્યા નહીં, તેઓ છેલ્લા બોલ સુધી મેચમાં રહ્યા અને સાબિત કર્યું કે હિંમત અને આત્મવિશ્વાસ શું કરી શકે છે. આવી જ રીતે ટીમો પરિપક્વ બને છે અને અહીંથી જ ભવિષ્યના ચેમ્પિયન ઉભરી આવે છે. આજે સમગ્ર ક્રિકેટ જગત તમને જોઈ રહ્યું છે.'

બીજી તરફ આર અશ્વિને નેપાળને ઉભરતી ટીમોમાં સૌથી મજબૂત ગણાવી. જ્યારે ઈરફાન પઠાણે કહ્યું કે, 'પરિણામ ભલે ઈચ્છા પ્રમાણે ન મળ્યું, પરંતુ દિશા એકદમ યોગ્ય છે. નેપાળે સ્પષ્ટ કરી દીધું કે તેમની ટીમ યોગ્ય રાહ પર છે અને ઈંગ્લેન્ડ જેવી મજબૂત ટીમને દબાણમાં મૂકવી એ પોતાનામાં જ એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે.' આ તમામ વચ્ચે આફ્રિકાના પૂર્વ ક્રિકેટર ડેલ સ્ટેનની પ્રતિક્રિયા ખાસ રહી. તેમણે નેપાળના કોચ બનવાની ઓફર આપતા કહ્યું કે, આ ટીમ સતત ઉપર ઉઠી રહી છે.

નેપાળ હવે 15 ફેબ્રુઆરીએ વેસ્ટ ઈન્ડિઝ સામે ટકરાશે. ઈંગ્લેન્ડ સામેના પ્રદર્શન બાદ એ સ્પષ્ટ છે કે નેપાળ આ મેચમાં પણ મોટા ઉલટફેરથી પીછે હઠ નહીં કરે.

# T20 વર્લ્ડ કપમાં પાકિસ્તાનના બોયકોટ ડ્રામા વચ્ચે BCCIનું મોટું નિવેદન, હવે ICC પર દારોમદાર

**મુંબઈ, તા.09**



T20 વર્લ્ડ કપ 2026માં ભારત અને પાકિસ્તાન વચ્ચે 15 ફેબ્રુઆરીના રોજ કોલંબોમાં યોજાનારી મેચ અંગે અનિશ્ચિતતાના વાદળો મંડરાઈ રહ્યા છે. પાકિસ્તાને ભારત સાથે આ મેચ રમવાનો ઈનકાર કરી દેતા ક્રિકેટ જગતમાં ખળભળાટ મચી ગયો છે. હવે આ ગંભીર મુદ્દા પર BCCIના ઉપાધ્યક્ષ રાજીવ શુક્લાએ રવિવારે BCCIનું સત્તાવાર સ્ટેન્ડ સ્પષ્ટ કરી દીધું છે, જેનાથી એ સ્પષ્ટ થઈ ગયું છે કે, BCCIએ આ સમગ્ર મામલો ICC પર છોડી દીધો છે.

નવી દિલ્હીમાં ભારતીય ટીમના હેડ કોચ ગૌતમ ગંભીરના નિવાસસ્થાન પર આયોજિત ડિનર દરમિયાન રાજીવ શુક્લાએ મીડિયા સાથે વાત કરી હતી. તેમણે સ્પષ્ટપણે કહ્યું કે, 'BCCIએ આખો મામલો ICC પર છોડી દીધો છે. ભારતીય બોર્ડ ICC દ્વારા લેવામાં આવેલા કોઈપણ નિર્ણયનું સંપૂર્ણપણે પાલન કરશે.' BCCIનું આ વલણથી દર્શાવે છે કે, તેઓ આ રાજકીય અને રાજદ્વારી તણાવ વચ્ચે ખુદને સીધા વિવાદથીદૂર રાખીને ટુર્નામેન્ટના આયોજકોના નિર્દેશોની રાહ જોઈ રહ્યા છે.

કોલંબોમાં ભારત સામેની ગ્રુપ સ્ટેજ મેચ ન રમવાના પાકિસ્તાનના નિર્ણયથી ખેલ જગતને મોટો ઝટકો લાગ્યો છે. પાકિસ્તાને બાંગ્લાદેશના સમર્થનમાં આ પગલું ભર્યું હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે, જેણે સુરક્ષા કારણોનો હવાલો આપીને ભારત આવવાનો ઈનકાર કર્યો હતો. જોકે, અહેવાલોમાં એ વાતનો ખુલાસો થયો છે કે, ICC અને PCB વચ્ચેની ચર્ચા બાદ પાકિસ્તાન મેચ રમવા માટે રાજી થઈ ગયું છે. પરંતુ તેમણે ICC સમક્ષ કેટલીક શરતો મૂકી છે.

મેદાનની બહાર ચાલી રહેલા વિવાદો વચ્ચે ભારતીય ટીમ પોતાનું સંપૂર્ણ ધ્યાન રમત પર કેન્દ્રિત કરી રહી છે. રવિવારે સાંજે ટીમના હેડ કોચ ગૌતમ ગંભીરે દિલ્હીમાં તેમના ઘરે આખી ટીમ માટે ડિનરનું આયોજન કર્યું હતું. આ અનૌપચારિક મુલાકાતનો હેતુ નામિબિયા સામેની આગામી મેચ પહેલા ટીમની અંદર તાલમેલ અને ઉત્સાહ વધારવાનો હતો. અમેરિકા સામેની શાનદાર જીત બાદ ભારતીય ટીમ એકદમ સંતુલિત નજર આવી રહી છે અને કેપ્ટન સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપમાં ટીમ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં પોતાની બીજી જીત નોંધાવવા માટે સંપૂર્ણપણે તૈયાર છે.

# પાકિસ્તાનનો 'યુ-ટર્ન': ભારત સામે રમવા માટે ICC સામે 3 મોટી શરતો મૂકી હોવાનો રિપોર્ટમાં દાવો...

**ઈસ્લામાબાદ, તા.09**



ભારત અને પાકિસ્તાન વચ્ચે ટી-20 વર્લ્ડ કપના મહામુકાબલાને લઈને ચાલી રહેલી મડાગાંઠમાં હવે નવો વળાંક આવ્યો છે. અત્યાર સુધી બહિષ્કારની ધમકી આપનાર પાકિસ્તાને હવે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC) સામે શરતો મૂકીને સોદાબાજી શરૂ કરી છે.

રવિવારે રાત્રે લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં ICCના ઉપાધ્યક્ષ ઈમરાન ખ્વાજા, PCB ચીફ મોહસિન નકવી અને બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB)ના અધ્યક્ષ અમીનુલ ઈસ્લામ બુલબુલ વચ્ચે લાંબી બેઠક ચાલી હતી. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય 15 ફેબ્રુઆરીએ કોલંબોમાં યોજાનારી ભારત-પાકિસ્તાન મેચને બચાવવાનો હતો. જોકે, આ મીટિંગમાં કોઈ અંતિમ સમજૂતી થઈ શકી નથી, પણ પાકિસ્તાને તેનો પક્ષ નરમ પાડીને શરતોનું લિસ્ટ પકડાવી દીધું છે. રિપોર્ટ્સ મુજબ, પાકિસ્તાને ભારત સામે મેચ રમવા માટે ICC સામે ત્રણ મુખ્ય માંગણીઓ રાખી છે: BCB માટે વળતર: બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડને થયેલા નુકસાનનું વળતર અપાવવું.

પાર્ટિસિપેશન ફી: ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટેની ફી (Participation Fee) માં વધારો અથવા વિશેષ ભથ્થું. યજમાનીના અધિકાર: ભવિષ્યમાં આયોજિત થનારી ICC ટ્રોફી કે ઈવેન્ટ્સના યજમાનીના અધિકારોની ખાતરી આપવી. જોકે એક રિપોર્ટમાં એવો દાવો કરાયો છે કે પાકિસ્તાને ICC સમક્ષ આવી પણ ત્રણ ડિમાન્ડ મૂકી છે જે નીચે મુજબ છે.

થોડા દિવસો પહેલા જ પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફે જાહેરાત કરી હતી કે પાકિસ્તાન ભારત સામે વર્લ્ડ કપમાં નહીં રમે. પરંતુ એક્સપર્ટ્સ પહેલેથી જ માનતા હતા કે આર્થિક ભીંસમાં ફસાયેલું પાકિસ્તાન આટલું મોટું નુકસાન વેઠી શકે તેમ નથી. હવે પાકિસ્તાન 'કન્ડિશનલ' સહમતી દર્શાવી રહ્યું છે.

# ટી20 વર્લ્ડકપ વિવાદમાં UAEની એન્ટ્રી! પાકિસ્તાનનો કાન આમળ્યો, કહ્યું- જૂના ઉપકાર ના ભૂલો

**મુંબઈ, તા.09**



ભારત અને પાકિસ્તાન વચ્ચે ટી-20 વર્લ્ડ કપમાં થનારા મહામુકાબલા પર તોળાતા સંકટ વચ્ચે હવે સંયુક્ત આરબ અમીરાત (UAE) પણ મેદાનમાં આવ્યું છે. એમિરેટ્સ ક્રિકેટ બોર્ડે પાકિસ્તાનને તેના જૂના અહેસાન યાદ અપાવતા સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે ભારત સામેના બહિષ્કારનો નિર્ણય માત્ર ક્રિકેટ જ નહીં, પરંતુ નાના એસોસિએટ દેશોની આર્થિક સ્થિતિને પણ જોખમમાં મૂકી શકે છે.

અહેવાલ મુજબ, એમિરેટ્સ ક્રિકેટ બોર્ડે પાકિસ્તાનને 'ક્રિકેટ પરિવારનો મહત્ત્વનો સભ્ય' ગણાવતા કહ્યું કે, જ્યારે કોઈ મોટો દેશ પાકિસ્તાનમાં રમવા તૈયાર નહોતો, ત્યારે UAEએ જ તેમને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમવા માટે પ્લેટફોર્મ પૂરું પાડ્યું હતું. બોર્ડનું માનવું છે કે વર્લ્ડ કપ જેવી મોટી ઈવેન્ટમાં સૌથી વધુ જોવાયેલી મેચ રદ થવાથી વૈશ્વિક દર્શકો અને સ્પોન્સર્સ પર નકારાત્મક અસર પડશે. આ નુકસાન માત્ર મોટા દેશો પૂરતું સીમિત નથી, પણ તેનાથી આખા ક્રિકેટ ઈકોસિસ્ટમને ફટકો પડશે.

UAE પહેલા યજમાન શ્રીલંકા ક્રિકેટ (SLC) બોર્ડે પણ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને પત્ર લખીને પોતાનું વલણ બદલવા અપીલ કરી હતી. શ્રીલંકાએ સંભવિત આર્થિક નુકસાન અને મેચની ટિકિટોના વેચાણ પર થનારી અસરનો હવાલો આપીને પીસીબી પર દબાણ વધાર્યું હતું. આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સમુદાય હવે એકસૂરે પાકિસ્તાનને આગ્રહ કરી રહ્યો છે કે તેઓ રમતગમતની ગરિમા જાળવી રાખે.

બીજી તરફ, પાકિસ્તાને પીછેહઠ કરવા માટે આડકતરી રીતે સોદાબાજી શરૂ કરી છે. અહેવાલ મુજબ, પાકિસ્તાને ICC સામે ત્રણ મુખ્ય માંગણીઓ રાખી છે:

ભારત અને પાકિસ્તાન વચ્ચે દ્વિપક્ષીય શ્રેણી ફરી શરૂ કરવા માટે ICC હસ્તક્ષેપ કરે. મેચ દરમિયાન અને મેચ બાદ 'હેન્ડશેક' જેવી પરંપરાઓ અને રમતગમતની ભાવના જાળવી રાખવી.

પાકિસ્તાન સરકાર સાથે પરામર્શ કર્યા બાદ જ અંતિમ નિર્ણય લેવામાં આવશે. પરંતુ UAE જેવી મિત્ર સંસ્થાના કડક વલણ બાદ હવે પાકિસ્તાન પર વહેલી તકે નમતું જોખવાનું દબાણ વધી ગયું છે. આગામી 24 કલાકમાં આ અંગેની સ્થિતિ વધુ સ્પષ્ટ થશે.

# હાર્દિકથી ડિવોર્સ પછી Natasha Stankovic બેરોજગાર? ઈવેન્ટમાં ડાન્સ કરવા બદલ ટ્રોલ થઈ



## નતાશા સ્ટેનકોવિક એક કોલેજ ફંક્શનમાં ડાન્સ કરતી જોવા મળી હતી, અને આ પછી લોકોએ તેને ટ્રોલ કરવાનું શરૂ કર્યું

**મુંબઈ, તા.09**

ક્રિકેટર હાર્દિક પંડ્યાની ભૂતપૂર્વ પત્ની નતાશા સ્ટેનકોવિક સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહી છે. નવી મુંબઈની પિલ્લઈ યુનિવર્સિટીમાં મહેમાન તરીકે પહોંચેલી તેણીનો એક વિડીયો સામે આવ્યો છે. તેણીએ સ્ટેજ પર ડાન્સ કર્યો હતો. નતાશા કોલેજમાં એક યુગલગીત નૃત્ય સ્પર્ધામાં જજ હતી. અભિનેત્રીના ડાન્સ મૂવ્સથી પ્રેક્ષકોએ ખૂબ જ વખાણ કર્યા હતા. ચાહકોએ નતાશાની મોહક શૈલી અને ડાન્સ મૂવ્સની પ્રશંસા કરી હતી, જ્યારે અન્ય લોકોએ કોલેજમાં તેણીને ડાન્સ કરતી જોઈને અપ્રિય લાગ્યું હતું.

એક ફેન્સે લખ્યું કે, 'ડાન્સના આધારે કોઈનું મૂલ્યાંકન કરવું અન્યાયી છે.' બીજાએ લખ્યું કે, 'નતાશાએ કાર્યક્રમમાં હાજરી આપવા માટે કોઈ ભરણપોષણ લીધું ન હતું. તેણીએ કોઈ રિયાલિટી શોમાં સહાનુભૂતિ નાટકનું મંચન કર્યું ન હતું. તેણીએ હાર્દિક સાથે છેતરપિંડી કરી ન હતી. તે ફક્ત તેનું કામ કરી રહી છે. છતાં, તેણીને ફક્ત એટલા માટે નિશાન બનાવવામાં આવી રહી છે કારણ કે તે એક મહિલા છે. નતાશાને સલામ.' યુઝરે ઉમેર્યું, 'બીજાઓ પર ટિપ્પણી કરવાને બદલે, તમારું પોતાનું જીવન સુધારો.'

એકે લખ્યું, 'નતાશા ઓછામાં ઓછી બિગ બોસ કે અન્ય કોઈ ટીવી શોમાં જઈને પીડિત કાર્ડ રમી નથી, હાર્દિક વિરુદ્ધ કોઈ ઈન્ટરવ્યૂ નથી આપ્યો. તે ફક્ત પોતાનું જીવન જીવી રહી છે, છતાં લોકોને સમસ્યા છે.' બીજાએ કહ્યું, 'જો કોઈ સ્ત્રી શાંતિથી જીવી રહી છે, એકલા બાળકનો ઉછેર કરી રહી છે, પોતાના દમ પર કમાઈ રહી છે, તો તેમાં કેવી રીતે સમસ્યા હોઈ શકે?' ફેન્સ કહે છે કે જ્યારે શ્રદ્ધા કપૂર, જાહ્નવી કપૂર, કૃતિ સેનન જેવી અન્ય નાયિકાઓ ઈવેન્ટ્સમાં જઈ શકે છે અને પર્ફોર્મ કરી શકે છે, તો નતાશા કેમ નહીં?

# ભૂતબંગલાએ ખાલી કરેલા સ્લોટમાં પતિ, પત્ની ઔર વો દો ગોઠવાઈ....

## અક્ષય કુમારની ફિલ્મ મે ને બદલે હવે એપ્રિલમાં જ રીલિઝ કરી દેવાશે



**મુંબઈ, તા.09**

અક્ષય કુમારની ફિલ્મ 'ભૂતબંગલા' આગામી ૧૫મી મેએ રીલિઝ થવાની હતી તેને બદલે એક મહિના વહેલી તા. ૧૦મી એપ્રિલે રીલિઝ કરી દેવાશે. તેણે ખાલી કરેલા ૧૫મી મેના સ્લોટમાં હવે આયુષ્માનની 'પતિ, પત્ની ઔર વો દો' ગોઠવાઈ ગઈ છે.

અક્ષય કુમારે પોતે જ 'ભૂતબંગલા' એક મહિનો વહેલી આવશે તેવી જાહેરાત કરી હતી. બીજી તરફ 'પતિ, પત્ની ઔર વોહ દો' તેની આગામી ચોથી માર્ચની નિર્ધારિત રીલિઝ ડેટ નહીં સાચવી શકે તે અગાઉ જ નક્કી થઈ ગયું હતું. આયુષ્માન ઉપરાંત સારા અલી ખાન તથા વામિકા ગબ્બી સહિતના કલાકારોની આ ફિલ્મના નિર્માતાઓ કોઈ નવી અનુકૂળ તારીખ શોધી રહ્યા હતા. તેવામાં 'ભૂતબંગલા'ની તારીખ ખાલી થતાં તેમણે તરત જ આ તક ઝડપી લીધી છે. ઉલ્લેખનીય છે કે 'ભૂતબંગલા'ની તારીખ આ બીજીવાર બદલાઈ છે. મૂળ પ્લાન પ્રમાણે ફિલ્મ એપ્રલનાં પ્રથમ સપ્તાહમાં જ રીલિઝ થવાની હતી. બાદમાં તે મે માસમાં રજૂ કરવાની જાહેરાત કરાઈ હતી. હવે ફિલ્મ ફરી એપ્રિલ માસમાં જ રજૂ કરવાનુ નક્કી થયું છે.

# હૃતિક અને આદિત્ય ચોપરા વચ્ચે બજેટના મતભેદમાં ક્રિશ ફોર અટકી

## હૃતિકે 500 કરોડ બજેટ માગ્યું, આદિત્ય ચોપરાનો 350 કરોડથી વધુ ફાળવવા ઈન્કાર

**મુંબઈ, તા.09**




હૃતિક રોશન તથા આદિત્ય ચોપરા વચ્ચે બજેટ મુદ્દે થયેલા મતભેદમાં 'ક્રિશ ફોર' ફિલ્મ અટવાઈ પડી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ વખતે યશરાજ ફિલ્મ્સ આ ફિલ્મના સહ નિર્માતા છે. હૃતિક રોશન ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવવા ઉપરાંત પોતે જ દિગ્દર્શન પણ કરવાનો છે. હૃતિક રોશને આદિત્યને એમ જણાવ્યું હોવાનું કહેવાય છે કે આ સાઈફાઈ ફિલ્મ માટે ઓછામાં ઓછા ૫૦૦ કરોડનું બજેટ જરુરી બનશે. જોકે, આદિત્યએ એવી દલીલ કરી હતી કે બોલિવુડમાં હાલના આર્થિક સંજોગો જોતાં ફિલ્મ માટે ૫૦૦ કરોડનું બજેટ કાઢ્યા બાદ નફો કરવાનું બહુ મુશ્કેલ રહેશે. આ મુદ્દે બંને વચ્ચે ગંભીર મતભેદો સર્જાયા હોવાનું કહેવાય છે. તેના કારણે ફિલ્મનાં ભાવિ અંગે અનેક શંકાકુશંકાઓ થઈ રહી છે. હજુ થોડા દિવસો પહેલાં જ એમ ચર્ચાયું હતું કે આ ફિલ્મ માટે પ્રિયંકા ચોપરા ફરી લીડ હિરોઈન તરીકે પુનરાગમન કરી રહી છે અને મોટાભાગે આગામી એક-બે મહિનામાં ફિલ્મનું કામ શરુ થઈ જશે.


ત્યાં હવે હૃતિક અને આદિત્ય ચોપરા વચ્ચે મતભેદમાં ફિલ્મ ફસાઈ હોવાના અહેવાલોથી આ ફ્રેન્ચાઈઝીના ચાહકો ચિંતિત બન્યા છે.

# રામાયણમાં પોતાને બદલે રાઘવ જુયાલ ગોઠવાયાનું વિક્રાંત મેસ્સીએ નકાર્યું

## પોતાને ક્યારેય રામાયણમાં કોઈ રોલ ઓફર જ નહિ થયો હોવાનો વિક્રાંતનો દાવો

**મુંબઈ, તા.09**

રણબીર કપૂર અને સાઈ પલ્લવીની ફિલ્મ 'રામાયણ'માં મેઘનાદનો રોલ પહેલાં વિક્રાંત મેસ્સી કરવાનો હતો પરંતુ તેની જગ્યાએ રાઘવ જુયાલ ગોઠવાઈ ગયો છે તેવી ચર્ચા ચાલી છે. વિક્રાંત મેસ્સીએ એક સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ અફવા નકારી હતી. જોકે, બાદમાં તેણે આ પોસ્ટ ડિલીટ કરી દીધી હતી. વિક્રાંત મેસ્સીના જણાવ્યા અનુસાર 'રામાયણ'માં પોતાને ક્યારેય કોઈ રોલ ઓફર કરાયો જ નથી. આથી, રાઘવ જુયાલ મારી જગ્યાએ ગોઠવાયો હોવાનો કોઈ પ્રશ્ન જ નથી. તેણે આવી અફવા કેમ ફેલાઈ છે તે અંગે નવાઈ વ્યક્ત કરી હતી. જોકે, વિક્રાંત મેસ્સીએ કહ્યું હતું કે પોતે આ ફિલ્મને શુભેચ્છા પાઠવે છે અને રીલિઝ થશે ત્યારે પોતે જરુર ટિકિટ ખર્ચીને તે જોવા જશે. ઉલ્લેખનીય છે કે આ ફિલ્મ આગામી દિવાળી વખતે રીલિઝ થવાની છે. તે પહેલાં આગામી રામનવમી ટાણે ફિલ્મના કલાકારોનો કેરેક્ટર લૂક મુંબઈમાં એક જાહેર ઈવેન્ટમાં રજૂ કરાશે.



# G20 દેશોમાં ભારતીય અર્થતંત્રનો વિકાસ સૌથી ઝડપી

## ગ્લોબલ રેટિંગ એજન્સીનું અનુમાન- આગામી નાણાકીય વર્ષમાં ભારતનો GDP 6.4% ના દરે વધશે



નવી દિલ્હી, તા.09

ગ્લોબલ રેટિંગ એજન્સી મૂડીઝે ભારતીય અર્થતંત્રને લઈને લેટેસ્ટ અનુમાન જાહેર કર્યા છે. મૂડીઝ અનુસાર, આગામી નાણાકીય વર્ષ (2026-27)માં ભારતનો GDP 6.4%ના દરે વધી શકે છે.

મૂડીઝે કહ્યું કે આ ગતિ દુનિયાની મુખ્ય અર્થવ્યવસ્થાઓવાળા G20 દેશોના ગ્રુપમાં સૌથી વધુ હશે. એજન્સીએ આ પાછળ મજબૂત ઘરેલું વપરાશ, સરકારના નીતિગત નિર્ણયો અને દેશની સ્થિર બેંકિંગ સિસ્ટમને મુખ્ય કારણ જણાવ્યું. મૂડીઝનું આ અનુમાન ભારત સરકાર અને રિઝર્વ બેંક (RBI)ના અનુમાનની સરખામણીમાં થોડું ઓછું છે. ગયા મહિને સંસદમાં રજૂ થયેલા ઈકોનોમિક સર્વેમાં નાણાકીય વર્ષ 2027 માટે 6.8% થી 7.4% વૃદ્ધિનો અંદાજ જણાવવામાં આવ્યો હતો. જ્યારે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ પણ તાજેતરમાં તેની મોનેટરી પોલિસી મીટિંગમાં નાણાકીય વર્ષ 2027ના પ્રથમ છ મહિના માટે લગભગ 7% વૃદ્ધિની અપેક્ષા વ્યક્ત કરી છે.

મૂડીઝના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સપ્ટેમ્બર 2025માં GSTના નિયમોમાં થયેલા ફેરફારો અને પર્સનલ ઈન્કમ ટેક્સની મર્યાદા વધારવાથી લોકોના ખિસ્સામાં વધુ પૈસા બચશે. તેનાથી બજારમાં માગ વધશે.

રેટિંગ એજન્સીએ તેના બેંકિંગ સિસ્ટમ આઉટલુક રિપોર્ટમાં જણાવ્યું છે કે ભારતીય બેંકોની સ્થિતિ સારી રહેશે.

લોનની માગ: નાણાકીય વર્ષ 2027માં ભારતીય બેંકોની લોન વૃદ્ધિ 11-13% રહેવાનો અંદાજ છે.

NPL પર નિયંત્રણ: બેંકોનું નોન-પર્ફોર્મિંગ લોન લેવલ 2% થી 2.5% ની વચ્ચે રહેવાની અપેક્ષા છે, જે ખૂબ જ સુરક્ષિત સ્તર છે.

MSME પર દબાણ: નાના અને MSME પર થોડું દબાણ જોવા મળી શકે છે, પરંતુ બેંકો પાસે આ નુકસાન સહન કરવા માટે પૂરતી મૂડી છે.

રિપોર્ટમાં એ પણ ઉલ્લેખ છે કે ફેબ્રુઆરી 2026માં ભારત અને અમેરિકા વચ્ચે થયેલી ટ્રેડ ડીલ પછી એક્સપોર્ટ સેક્ટર સાથે સંકળાયેલી કંપનીઓની સ્થિતિમાં સુધારો આવશે. તેનાથી નાના ઉદ્યોગસાહસિકો (MSME)નો તણાવ ઓછો થશે અને રોકાણની નવી સંભાવનાઓ ઊભી થશે.


મૂડીઝનું માનવું છે કે મોંઘવારી હવે નિયંત્રણમાં છે, તેથી રિઝર્વ બેંક વ્યાજ દરોમાં ઘટાડો ચાલુ રાખી શકે છે. જોકે, તે આ વાત પર નિર્ભર કરશે કે અર્થતંત્રમાં મંદીના કોઈ સંકેત તો નથી મળી રહ્યા.

વર્ષ 2025માં RBI પહેલાથી જ વ્યાજ દરોમાં 1.25%નો ઘટાડો કરી ચૂક્યું છે, જેના કારણે હાલમાં રેપો રેટ 5.25% પર છે.

અર્થતંત્રના સ્વાસ્થ્યને ટ્રેક કરવા માટે GDP નો ઉપયોગ થાય છે. તે દેશની અંદર એક નિશ્ચિત સમયગાળામાં ઉત્પાદિત તમામ ચીજવસ્તુઓ અને સેવાઓના મૂલ્યને દર્શાવે છે. આમાં દેશની સીમામાં રહીને વિદેશી કંપનીઓ જે ઉત્પાદન કરે છે તેનો પણ સમાવેશ થાય છે. GDP બે પ્રકારની હોય છે. રિયલ GDP અને નોમિનલ GDP. રિયલ GDP માં ચીજવસ્તુઓ અને સેવાઓના મૂલ્યની ગણતરી આધાર વર્ષના મૂલ્ય અથવા સ્થિર ભાવે કરવામાં આવે છે. હાલમાં GDP ની ગણતરી કરવા માટે આધાર વર્ષ 2011-12 છે. જ્યારે નોમિનલ GDP ની ગણતરી વર્તમાન ભાવે કરવામાં આવે છે.

GDP ની ગણતરી કરવા માટે એક ફોર્મ્યુલાનો ઉપયોગ થાય છે. GDP=C+G+I+NX, અહીં C નો અર્થ પ્રાઈવેટ કન્ઝમ્પ્શન (ખાનગી વપરાશ), G નો અર્થ ગવર્નમેન્ટ સ્પેન્ડિંગ (સરકારી ખર્ચ), I નો અર્થ ઈન્વેસ્ટમેન્ટ (રોકાણ) અને NX નો અર્થ નેટ એક્સપોર્ટ (ચોખ્ખી નિકાસ) છે.

# સેન્સેક્સ 485 પોઈન્ટ વધીને 84,066 પર બંધ: નિફ્ટી 174 પોઈન્ટ વધ્યો......



મુંબઈ, તા.09

9 ફેબ્રુઆરીના રોજ શેરબજારમાં ઉછાળો જોવા મળ્યો. સેન્સેક્સ 485 પોઈન્ટ વધીને 84,066 પર બંધ થયો. નિફ્ટી 174 પોઈન્ટ વધીને 25,867 પર બંધ થયો.

સેન્સેક્સના 30 શેરમાંથી 21 શેર વધ્યા અને 9 શેરોમાં ઘટાડો થયો. મેટલ, બેંકિંગ અને રિયલ્ટી શેરોમાં તેજી જોવા મળી. મજબૂત ત્રિમાસિક પરિણામો જાહેર કર્યા પછી SBI 7.63% વધીને બંધ થયો.

જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 4.73% વધીને 56,820 પર અને દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ 4.44% ઉપર 5,314 પર કારોબાર કરી રહ્યો છે.

હોંગકોંગનો હેંગસેંગ 1.78% વધીને 27,033 પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ 0.25% ઉપર 4,114 પર કારોબાર કરી રહ્યો છે.

6 ફેબ્રુઆરીએ અમેરિકાનો ડાઉ જોન્સ 2.47% ઉપર 50,115 પર બંધ થયો. નાસ્ડેક 2.18% અને S&P 500 1.97% વધીને બંધ થયો.

વિદેશી રોકાણકારો (FII) એ 6 ફેબ્રુઆરીના રોજ 1,950 કરોડના શેર ખરીદ્યા. જ્યારે, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DII) એ 1,265 કરોડનું વેચાણ કર્યું હતું.

ડિસેમ્બર 2025માં FIIs એ કુલ 34,350 કરોડના શેર વેચ્યા હતા. આ સમયગાળા દરમિયાન બજારને સંભાળી રહેલા DIIs એ 79,620 કરોડના શેર ખરીદ્યા હતા.

ગુરુગ્રામ સ્થિત નોન-બેંકિંગ ફાઈનાન્સ કંપની (NBFC) આય ફાઈનાન્સનો IPO આજથી ખુલશે. રોકાણકારો 11 ફેબ્રુઆરી સુધી તેમાં બોલી લગાવી શકશે. કંપની આ ઈશ્યૂ દ્વારા 1,010 રૂપિયા એકત્ર કરવા માંગે છે.

શુક્રવારે બજારમાં તેજી રહી હતી આ પહેલાં ગયા અઠવાડિયે શેરબજારમાં તેજી જોવા મળી હતી. 6 ફેબ્રુઆરી (શુક્રવાર) ના રોજ સેન્સેક્સ 266 પોઈન્ટ વધીને 83,580 ના સ્તરે બંધ થયો હતો. જ્યારે નિફ્ટી 50 પોઈન્ટ વધીને 25,693 ના સ્તરે બંધ થયો હતો.

# સોના-ચાંદીના ભાવમાં ફરી ઉછાળો: કિલો ચાંદીનો ભાવ ₹2.62 લાખે પહોંચ્યો, સોનામાં 3500નો વધારો



નવી દિલ્હી, તા.09

સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે 9 ફેબ્રુઆરીએ વધારો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 3,515 રૂપિયા વધીને 1,55,593 રૂપિયા થયો છે. આ પહેલાં એ 1,52,078 રૂપિયા પર હતો. ચાંદી 16,826 રૂપિયા વધીને 2,61,755 રૂપિયા પ્રતિ કિલો પર પહોંચી ગઈ છે. આ પહેલાં એ 2,44,929 રૂપિયા પર હતી. ઝવેરીબજારમાં સોનાએ 29 જાન્યુઆરીએ 1,76,121 અને ચાંદી 3,85,933 રૂપિયા ઓલટાઈમ હાઈ પર પહોંચી હતી. છેલ્લા ત્રણ કારોબારી સત્રોમાં સોના-ચાંદીના ભાવમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો. આ સમયગાળા દરમિયાન સોનું લગભગ 15% સુધી સસ્તું થયું હતું. હવે ભાવ સ્થિર થતાં જ રોકાણકારોએ નીચલા સ્તરે ખરીદી શરૂ કરી દીધી છે, જોકે નિષ્ણાતોનું કહેવું છે કે હાલ સોના-ચાંદીમાં એકસાથે પૈસા રોકવાનું ટાળવું જોઈએ. એના બદલે ધીમે ધીમે રોકાણ કરવું વધુ ફાયદાકારક રહેશે. 2025માં સોનું 57 હજાર રૂપિયા (75%) વધ્યું છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે 31 ડિસેમ્બર 2025ના રોજ 1,33,195 રૂપિયા થઈ ગયું. આ સમયગાળા દરમિયાન ચાંદી 1.44 લાખ રૂપિયા (167%) વધી. 31 ડિસેમ્બર 2024ના રોજ એક કિલો ચાંદી 86,017 રૂપિયાની હતી, જે વર્ષના છેલ્લા દિવસે 2,30,420 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ. પ્રમાણિત સોનું જ ખરીદો: હંમેશાં બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS)નો હોલમાર્ક લગાવેલું પ્રમાણિત સોનું જ ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક, એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદીના દિવસે એની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ પ્રમાણે અલગ-અલગ હોય છે.

# FPIએ ફેબ્રુઆરીમાં અત્યાર સુધીમાં ₹8,129 કરોડની ખરીદી કરી

## ભારત-US ટ્રેડ ડીલ પર અપડેટથી સપોર્ટ મળ્યો, વિદેશી રોકાણકારોએ જાન્યુઆરીમાં ₹35,962 કરોડ પાછા ખેંચ્યા હતા



મુંબઈ, તા.09

ફેબ્રુઆરીના પહેલા અઠવાડિયામાં વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPI) ભારતીય શેરબજારમાં નેટ ખરીદદાર બન્યા છે. તેમણે એક અઠવાડિયામાં 8,100 કરોડથી વધુનું રોકાણ કર્યું છે. આ ખરીદી ઈન્ડિયા-યુએસ ટ્રેડ ડીલને કારણે થઈ છે, જેનાથી બજારમાં સકારાત્મક સેન્ટિમેન્ટ આવ્યું છે. છેલ્લા ત્રણ મહિનાથી FPI સતત વેચવાલી કરી રહ્યા હતા, પરંતુ હવે ટ્રેન્ડ બદલાઈ ગયો છે.

NSDLના ડેટા અનુસાર, ફેબ્રુઆરીના પહેલા 6 દિવસ સુધી FPIએ ભારતીય ઈક્વિટીમાં 8,129 કરોડનું રોકાણ કર્યું. આ આંકડો 6 ફેબ્રુઆરી સુધીનો છે. આ પહેલા જાન્યુઆરીમાં FPIએ 35,962 કરોડ પાછા ખેંચ્યા હતા.

ડિસેમ્બરમાં 22,611 કરોડ અને નવેમ્બરમાં 3,765 કરોડની વેચવાલી કરી હતી. 2025ના આખા વર્ષમાં FPIએ નેટ 1.71 લાખ કરોડ રૂપિયા પાછા ખેંચ્યા હતા, જે ઘણા લાંબા સમયનો સૌથી ખરાબ સમયગાળો હતો.

ભારત અને યુએસ વચ્ચે વેપાર સોદા પર સફળતા મળવાથી વૈશ્વિક અનિશ્ચિતતા ઓછી થઈ છે. યુએસએ ભારતીય માલસામાન પર ટેરિફ ઘટાડવાની વાત કરી છે, જેનાથી બજારમાં જોખમ લેવાની વૃત્તિમાં સુધારો થયો છે.

રૂપિયામાં પણ સુધારો આવ્યો છે, જે અગાઉ રેકોર્ડ નીચા સ્તરે 90.30 પર પહોંચ્યો હતો, પરંતુ હવે સ્થિર થઈ રહ્યો છે. નિષ્ણાતોનું કહેવું છે કે આ સોદો વૈશ્વિક વેપાર તણાવ ઘટાડવામાં મદદરૂપ સાબિત થશે.

મોર્નિંગસ્ટાર ઈન્વેસ્ટમેન્ટ રિસર્ચ ઈન્ડિયાના હિમાંશુ શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, "તાજેતરની ખરીદીથી જોખમ લેવાની વૃત્તિમાં સુધારો અને ભારતના વૃદ્ધિના દૃષ્ટિકોણ પર નવી આશા દેખાઈ રહી છે. વૈશ્વિક અનિશ્ચિતતા ઘટવા, સ્થાનિક વ્યાજ દરોમાં સ્થિરતા અને ભારત-યુએસ વેપાર વિકાસથી સેન્ટિમેન્ટ મજબૂત થયું છે."

એન્જલ વનના વકારજાવેદ ખાને જણાવ્યું હતું કે, "ભારત-યુએસ વેપાર વાટાઘાટોમાં સફળતાથી ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતા ઘટી અને બજારમાં તેજી આવી. યુએસ યીલ્ડ્સ સ્થિર થવા અને FY26 બજેટમાં નાણાકીય પ્રોત્સાહનથી પણ મદદ મળી."

જિયોજિત ઈન્વેસ્ટમેન્ટ્સના વીકે વિજયકુમારે જણાવ્યું હતું કે, "રૂપિયાના મજબૂત થવાથી પણ સેન્ટિમેન્ટ સુધર્યું. રૂપિયો માર્ચ 2026ના અંત સુધીમાં 90થી નીચે આવી શકે છે, જેનાથી વધુ FPI ઈનફ્લો આવી શકે છે, પરંતુ તે વૈશ્વિક વેપાર અને AI વિકાસ પર નિર્ભર રહેશે."

છેલ્લા મહિનાઓમાં FPI એ રૂપિયાની વોલેટિલિટી, ગ્લોબલ ટ્રેડ ટેન્શન, US ટેરિફની આશંકા અને હાઈ વેલ્યુએશનને કારણે વેચાણ કર્યું. જાન્યુઆરીમાં વૈશ્વિક માહોલ અને US બોન્ડ યીલ્ડ્સ ઊંચા હોવાને કારણે આઉટફ્લો વધ્યો. નિષ્ણાતોનું માનવું છે કે જો કોર્પોરેટ અર્નિંગ્સ મજબૂત રહે અને વૈશ્વિક વેપાર તણાવ નિયંત્રણમાં રહે તો વધુ ઈનફ્લો આવી શકે છે.

# બેંક ઓક્શનમાં 2BHKની કિંમતમાં ખરીદો 3BHK ઘર: માર્કેટ રેટ કરતાં 25% સુધી સસ્તા મળી શકે છે



નવી દિલ્હી, તા.09

જો તમે ઓછા બજેટમાં ઘર ખરીદવા માંગો છો, તો બેંક ઓક્શન એક સારો વિકલ્પ છે. ઘણીવાર બેંકોની હરાજીમાં 3BHK ફ્લેટ તે જ કિંમતે મળી જાય છે, જેટલી કિંમતમાં તે વિસ્તારમાં 2BHK મળતો હોય છે. આ તક ત્યારે મળે છે જ્યારે કોઈ દેવાદાર તેના હોમ લોનની EMI ચૂકવી શકતો નથી અને બેંક તે પ્રોપર્ટી જપ્ત કરીને હરાજી દ્વારા વેચી દે છે.

જ્યારે કોઈ લોન ડિફોલ્ટ કરે છે ત્યારે બેંક 'સરફેસી એક્ટ' હેઠળ પ્રોપર્ટી કબજામાં લઈ લે છે. બેંકનો હેતુ નફો કમાવવાનો નથી, પરંતુ બાકી લોન વસૂલવાનો હોય છે. એટલા માટે બેંક આ ઘરોની 'રિઝર્વ પ્રાઈસ' બજાર ભાવથી 25% સુધી ઓછી રાખે છે જેથી ખરીદદારો ઝડપથી મળી શકે.

માર્કેટમાં 2BHKની ડિમાન્ડ સૌથી વધુ છે, તેથી તેની કિંમતો ઝડપથી વધે છે. તેનાથી વિપરીત, 3BHKની કિંમત વધુ હોવાથી ખરીદદારો ઓછા હોય છે. હરાજી દરમિયાન ઓછી સ્પર્ધાનો લાભ ઉઠાવીને તમે મોટા ફ્લેટ્સને 2BHKના ભાવે ખરીદી શકો છો.

પ્રોપર્ટી સર્ચ: બેંકોની સત્તાવાર વેબસાઈટ્સ અથવા 'ઈ-ઓક્શન' પોર્ટલ પર જઈને તમારા શહેરની લિસ્ટેડ પ્રોપર્ટીઝ જુઓ.

વેલ્યુ ચેક: જે વિસ્તારમાં ઘર છે, ત્યાંના વર્તમાન બજાર ભાવ જાણો જેથી તમને સાચા ડિસ્કાઉન્ટનો અંદાજ આવી શકે.

રજીસ્ટ્રેશન: હરાજીમાં ભાગ લેવા માટે તમારે પોર્ટલ પર રજીસ્ટર કરવું પડશે અને 'અર્નેસ્ટ મની ડિપોઝિટ' (EMD) જમા કરાવવી પડશે.

બોલી લગાવવી: હરાજીના દિવસે તમારી નિર્ધારિત મર્યાદામાં બોલી લગાવો. સૌથી વધુ બોલી લગાવનાર વિજેતા જાહેર થાય છે.

બેંકો આ પ્રોપર્ટીઝને 'જેમ છે તેમ' (As-is-where-is) ધોરણે વેચે છે. એનો અર્થ એ છે કે ઘર જે સ્થિતિમાં છે, તમને તેવું જ મળશે. ખરીદતા પહેલા આ બાબતોનું ધ્યાન રાખો:

ફિઝિકલ વિઝિટ: પ્રોપર્ટી પર જાતે જઈને જુઓ કે ક્યાંય કોઈ તૂટફૂટ કે કબજો તો નથી ને.

બાકી લેણાં: સોસાયટીના ચાર્જિસ, વીજળી બિલ જેવા બાકી લેણાંની તપાસ કરી લો.

લીગલ ચેક: પ્રોપર્ટીના કાગળોની તપાસ કોઈ પ્રોફેશનલ વકીલ પાસે ચોક્કસ કરાવો.

હરાજી જીત્યા પછી 15 થી 30 દિવસની અંદર પૂરી રકમ ચૂકવવી પડશે. જો તમે લોન લેવા માંગો છો, તો પ્રી-એપ્રુવ્ડ લોનનો વિકલ્પ રાખો. વિલંબ થવા પર જમા રકમ જપ્ત કરી શકાય છે. 50 લાખથી વધુની પ્રોપર્ટી પર 1% TDS કાપીને સરકારને જમા કરાવવું પણ ફરજિયાત છે.

તમારી મહત્તમ બોલી અગાઉથી નક્કી કરો અને ભાવુક થઈને તેનાથી વધુ પૈસા ન લગાવો.

પ્રોપર્ટીનું લોકેશન અને ભવિષ્યમાં ત્યાં થનારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટની તપાસ કરો.

જૂના માલિકનો કોઈ કાનૂની વિવાદ તો નથી ચાલી રહ્યો, તેની જાણકારી મેળવો.

આ કાયદો બેંકોને એ અધિકાર આપે છે કે જો કોઈ લોન ન ચૂકવે, તો બેંક કોર્ટમાં ગયા વિના તેની ગીરવે રાખેલી પ્રોપર્ટીને જપ્ત કરીને તેને વેચી શકે છે. ખરીદનાર માટે આ સુરક્ષિત હોય છે કારણ કે બેંક પોતે ટાઈટલની જવાબદારી લે છે.

# દુનિયામાં અનેક પ્રકારની ધાતુઓ છતાં લોકોને સોના-ચાંદી જ કેમ પસંદ....?

મુંબઈ, તા.09

દુનિયામાં લોખંડ, તાંબુ અને એલ્યુમિનિયમ જેવી અંદાજે 95 ધાતુઓ હોવા છતાં, હજારો વર્ષોથી માનવ સભ્યતામાં સોના અને ચાંદીનું સ્થાન અતુલ્ય રહ્યું છે. ઈજિપ્ત, રોમ, ભારત અને ચીન જેવી પ્રાચીન સંસ્કૃતિઓથી લઈને આજના આધુનિક યુગ સુધી, આ બે ધાતુઓ માત્ર સુંદરતા જ નહીં પણ સંપત્તિનું પણ પ્રતીક ગણાય છે. આજે પણ લગ્નપ્રસંગો હોય કે રોકાણ, સોના-ચાંદીની માંગ સૌથી વધુ રહે છે. તેની લોકપ્રિયતા પાછળનું સૌથી મોટું કારણ તેની 'રાસાયણિક સ્થિરતા' છે. સોનું અને ચાંદી 'નોબલ મેટલ્સ' ગણાય છે, જેનો અર્થ છે કે તે હવા, પાણી કે ભેજ સાથે પ્રતિક્રિયા કરીને ખરાબ થતા નથી. જ્યાં લોખંડને કાટ લાગે છે અને તાંબુ લીલું પડી જાય છે, ત્યાં સોનું હજારો વર્ષો પછી પણ તેટલું જ ચમકદાર રહે છે.

પ્રાચીન સમયમાં જ્યારે ધાતુ ઓગાળવાની આધુનિક ટેકનોલોજી નહોતી, ત્યારે સોનું અને ચાંદી ઘણીવાર નદીઓ કે ખડકોમાં શુદ્ધ સ્વરૂપે મળી આવતા હતા. તેને માત્ર હથોડાથી ટીપીને ઈચ્છિત આકાર આપી શકાતો હતો. ઈતિહાસ મુજબ, ઈ.સ. પૂર્વે 5000-6000ના સમયથી સોનાનો ઉપયોગ શરૂ થયો હોવાના પુરાવા મળે છે. સોનાની નરમાશ(Malleability) એટલી અદભૂત છે કે માત્ર 1 ગ્રામ સોનાને ટીપીને 1 ચોરસ મીટર જેટલી પાતળી શીટ બનાવી શકાય છે. આ જ કારણ છે કે પ્રાચીન કાળમાં જ્યારે રાજા-મહારાજાઓના મૃતદેહો સાથે દાગીના દફનાવવામાં આવતા, ત્યારે સદીઓ પછી પણ તે દાગીના તેટલી જ ચમક સાથે મળી આવતા હતા.

સોનું અને ચાંદી દુર્લભ છે, પણ એટલા પણ નથી કે તે મળી જ ના શકે. આ સંતુલનને કારણે તે મજબૂત કરન્સી તરીકે ઉભરી આવ્યા. ઈ.સ. પૂર્વે 600માં આધુનિક તૂર્કીયેમાં સોના-ચાંદીના પ્રથમ સિક્કા બન્યા હતા. ભારતમાં પણ પ્રાચીન સમયથી 'રૂપ્ય'(ચાંદી) અને 'હિરણ્ય'(સોનું)નો ઉપયોગ થતો રહ્યો છે.

આ ધાતુઓ ટકાઉ છે, નાના ટુકડાઓમાં વહેંચી શકાય છે અને તેને ઓળખવી સરળ હોવાથી તે નકલી બનાવવી મુશ્કેલ છે. આજે પણ ભારત જેવા દેશમાં વાર્ષિક 600-800 ટન સોનું માત્ર દાગીનામાં વપરાય છે, કારણ કે તે મુશ્કેલીના સમયમાં સૌથી સુરક્ષિત રોકાણ માનવામાં આવે છે.

માત્ર દાગીના જ નહીં, પરંતુ વિજ્ઞાન અને ઉદ્યોગોમાં પણ આ બંને ધાતુઓ અનિવાર્ય છે. ચાંદી એ વીજળી અને ગરમીની શ્રેષ્ઠ વાહક હોવાથી ઈલેક્ટ્રોનિક્સ, સોલર પેનલ અને બેટરીમાં વપરાય છે. જ્યારે સોનું કાટ ન લાગવાના ગુણને કારણે અવકાશયાન(Spacecraft), ટેલિફોન કનેક્ટર્સ અને ડેન્ટિસ્ટ્રીમાં વપરાય છે. આમ, સોનું અને ચાંદી એ માત્ર ધાતુના ટુકડા નથી, પરંતુ વિજ્ઞાન, કુદરત અને માનવ ઈતિહાસનું એક અદભૂત મિશ્રણ છે, જેની ચમક હજારો વર્ષો પછી પણ ક્યારેય ઓછી થવાની નથી.

# ફેબ્રુઆરીમાં 14થી વધુ સ્માર્ટફોન લોન્ચ થશે: સેમસંગ પ્રીમિયમ ગેલેક્સી s26 સિરીઝ લાવશે

નવી દિલ્હી, તા.09

સ્માર્ટફોન લવર્સ માટે ફેબ્રુઆરી મહિનો ખૂબ જ ખાસ રહેવાનો છે. આ મહિને સેમસંગ તેની સૌથી પ્રીમિયમ નેક્સ્ટ જનરેશન ગેલેક્સી S26 સિરીઝ લોન્ચ કરશે. આ સાથે જ વિવો, રિયલમી, પોકો અને મોટોરોલા જેવી મોટી બ્રાન્ડ્સ પણ પોતાના નવા ફોન બજારમાં ઉતારવાની તૈયારીમાં છે.

આ મહિને બજેટ ફોનથી લઈને પાવરફુલ ફ્લેગશિપ ડિવાઈસ સુધી 14થી વધુ નવા સ્માર્ટફોન આવશે. તેમાં 9000mAh જેવી મોટી બેટરી અને 200MP કેમેરા જેવા ફીચર્સ જોવા મળી શકે છે.

ઓપ્પો તેની K-સિરીઝમાં નવો 5G સ્માર્ટફોન 'ઓપ્પો K14x' ભારતમાં 10 ફેબ્રુઆરી, 2026ના રોજ લોન્ચ કરશે. 'K14x'ને વિદ્યાર્થીઓ, ગેમર્સ અને વેલ્યુ-ફોકસ્ડ યુઝર્સને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવ્યો છે.

તેની સૌથી મોટી તાકાત 6500mAhની મોટી બેટરી છે. કંપનીનો દાવો છે કે એકવાર ચાર્જ કરવા પર તમે કલાકો સુધી ગેમિંગ, વીડિયો અને કોલિંગ કરી શકશો. તેની સાથે 45W નો ફાસ્ટ ચાર્જર પણ મળશે.

કેમેરાની વાત કરીએ તો, તેમાં 50MPનો રિયર કેમેરા આપવામાં આવ્યો છે, જે AI ઈરેઝર, AI અનબ્લર, AI રિફ્લેક્શન રિમૂવર અને AI બેસ્ટ શોટ જેવા ફીચર્સ સાથે આવશે.

ફોનમાં 6.75-ઈંચનો HD+ ડિસ્પ્લે મળી શકે છે, જેમાં 120Hz રિફ્રેશ રેટ અને 1125 nits સુધીની પીક બ્રાઈટનેસ હોઈ શકે છે. પરફોર્મન્સ માટે OPPO K14xમાં મીડિયાટેક ડાયમેન્સિટી 6300 પ્રોસેસર મળશે.

iQOO 15R આ મહિને લોન્ચ થનારા સૌથી પાવરફુલ સ્માર્ટફોન્સમાંથી એક હશે. આ ચીનમાં લોન્ચ થયેલા iQOO Z11 ટર્બોનું રીબ્રાન્ડેડ વર્ઝન હોઈ શકે છે. સ્માર્ટફોનમાં 6.59-ઈંચની 1.5K AMOLED ડિસ્પ્લે મળવાની અપેક્ષા છે, જે 144Hz રિફ્રેશ રેટ અને અત્યંત ઉચ્ચ પીક બ્રાઈટનેસ સાથે આવશે.

પર્ફોર્મન્સ માટે તેમાં સ્નેપડ્રેગન 8 જનરલ 5 પ્રોસેસર આપવામાં આવી શકે છે, જેને એન્ડ્રોઈડ 16 પર આધારિત OriginOS 6 સાથે રજૂ કરવામાં આવશે. ફોન 16GB રેમ અને 1TB સ્ટોરેજ સુધી સપોર્ટ કરી શકે છે.

કેમેરાની વાત કરીએ તો, iQOO 15R માં OIS સાથે 200MPનો પ્રાઈમરી કેમેરા આપવામાં આવી શકે છે, જેની સાથે 8MPનો અલ્ટ્રા-વાઈડ કેમેરા મળશે. સેલ્ફી માટે તેમાં 32MPનો ફ્રન્ટ કેમેરા મળવાની અપેક્ષા છે.

ફોનમાં 7600mAhની સિલિકોન-કાર્બન બેટરી અને 100W ફાસ્ટ ચાર્જિંગ સપોર્ટ આપી શકાય છે. આ ઉપરાંત, IP68 અને IP69 રેટિંગ તેને પ્રીમિયમ અને રગ્ડ સ્માર્ટફોનની કેટેગરીમાં પણ મૂકે છે. ભારતમાં તેની કિંમત 50,000 રૂપિયાથી ઓછી રહેવાની અપેક્ષા છે. કોરિયન ટેક કંપની સેમસંગ તેની નેક્સ્ટ જનરેશન પ્રીમિયમ ગેલેક્સી S26 સ્માર્ટફોન સિરીઝ ફેબ્રુઆરી 2026માં લોન્ચ કરશે. જોકે, કંપનીએ લોન્ચ ડેટની સત્તાવાર જાહેરાત કરી નથી. આ ફ્લેગશિપ સિરીઝમાં ગેલેક્સી S26, ગેલેક્સી S26+ અને ગેલેક્સી S26 અલ્ટ્રા સ્માર્ટફોન રજૂ કરવામાં આવશે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સેમસંગ આ વખતે ગેલેક્સી S26 અને S26+ ના કેમેરા હાર્ડવેરમાં ફેરફાર કરી રહ્યું છે. બંને મોડલમાં જૂના 10MP ટેલિફોટો સેન્સરની જગ્યાએ નવું 12MP સેમસંગ ISOCELL S5K3LD ટેલિફોટો સેન્સર આપી શકાય છે, જ્યારે 12MP સોની IMX564 અલ્ટ્રા-વાઈડ સેન્સર પહેલાની જેમ જ ઉપયોગમાં લેવાશે.

આ ઉપરાંત, પ્રાઈમરી કેમેરાને પણ નવા 50MP સેમસંગ ISOCELL S5KGNG સેન્સરથી અપગ્રેડ કરી શકાય છે. જોકે, તેની રિયલ-વર્લ્ડ ઈમેજ ક્વોલિટી પર કેટલી અસર થશે, તે લોન્ચ થયા પછી જ ખબર પડશે.

વિડિયોના શોખીનો માટે ગેલેક્સી S26 સિરીઝમાં મોટો અપગ્રેડ જોવા મળી શકે છે. રિપોર્ટ્સ અનુસાર, ફ્રન્ટ અને રિયર બંને કેમેરાથી 4K 60fps વિડિયો રેકોર્ડિંગ સપોર્ટ મળશે, જે સેમસંગના ઈન-હાઉસ APV કોડેકની મદદથી શક્ય બનશે.

બેટરીની વાત કરીએ તો, ગેલેક્સી S26 માં 4300mAh અને ગેલેક્સી S26+ માં 4900mAh બેટરી આપી શકાય છે. પ્રોસેસર માટે અલગ-અલગ રીજન પ્રમાણે સ્નેપડ્રેગન 8 એલાઈટ જનરલ 5 અથવા એક્ઝીનોસ 2600 SoC ચિપસેટ મળવાની અપેક્ષા છે.

ગેલેક્સી S26 અલ્ટ્રામાં ચાર્જિંગ સ્પીડને અપગ્રેડ કરી શકાય છે, જ્યારે બાકીના મોડલ્સમાં તે જ ચાર્જિંગ સ્પીડ ચાલુ રહી શકે છે.

વીવોની કેમેરા અને ડિઝાઈન-ફોકસ્ડ સ્માર્ટફોન્સની V70-સિરીઝ મધ્ય ફેબ્રુઆરીમાં ભારતમાં લોન્ચ થઈ શકે છે અને તેમાં બહેતર પ્રોસેસર, ઝાઈસ ઓપ્ટિક્સ અને નવા સોફ્ટવેર ફીચર્સ જોવા મળશે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, Vivo V70 અને V70 એલાઈટ મોડલ ઓરિજનOS 6 સાથે આવી શકે છે, જ્યારે કેમેરા સેટઅપમાં સોનીના મોટા સેન્સર અને ઝાઈસ ટ્યુનિંગ જોવા મળી શકે છે.

# એક ટીપ અને 120 કિલો ચાંદીની ચોરી, જાણો કેવી રીતે વડોદરામાં રહેતા આરોપીએ રાજકોટમાં ચોરીને આપ્યો અંજામ





**અમદાવાદ, તા.09**

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે ગુનાના ગણતરીના દિવસોમાં રાજકોટમાં નોંધાયેલા 120 કિલોથી વધુ ચાંદીના દાગીના સાથે સંકળાયેલી મોટી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે, જેમાં એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે અને 40.738 કિલો વજનના ચાંદીના દાગીના જપ્ત કરવામાં આવ્યા છે. મુખ્ય આરોપી મુકેશ હજુ પણ ફરાર છે, જેને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસના જણાવ્યા અનુસાર, રાજકોટના પંચકનગર વિસ્તારમાં આવેલી શક્તિ સિલ્વર નામની પેઢીમાં 3 ફેબ્રુઆરીના રોજ સાંજે 4.30 થી 4 ફેબ્રુઆરીના રોજ સવારે 8.45 વાગ્યાની વચ્ચે ચોરી થઈ હતી. ફરિયાદ બાદ, રાજકોટ શહેર 'બી' ડિવિઝન પોલીસે 4 ફેબ્રુઆરીના રોજ FIR નોંધી હતી. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમોએ ગુપ્ત માહિતી અને ટેકનિકલ દેખરેખનો ઉપયોગ કરીને કેસની સમાંતર તપાસ શરૂ કરી. તપાસ દરમિયાન, ક્રાઈમ બ્રાન્ચે અમદાવાદ શહેરના નરોડાના રહેવાસી અને મૂળ રાજસ્થાનના સિરોહી જિલ્લાના વતની પ્રદીપ ચંપાલાલ પ્રજાપતિ(હાલ નરોડા, ઉંમર વર્ષ 24)ને શોધી કાઢ્યો અને તેની ધરપકડ કરી, જે 40.738 કિલો વજનના ચોરાયેલા ચાંદીના દાગીના કબજે કરવામાં આવ્યા હતા.


અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને બે દિવસ અગાઉ ગુપ્ત રાહે માહિતી મળી હતી કે રાજકોટમાં જે ચાંદીની ચોરી થઈ છે તેનો એક જથ્થો અમદાવાદમાં આવ્યો છે. ગીતામંદિર પાસે એક મોબાઈલ શોપ છે ત્યાં મોબાઈલ રિપેરિંગનું કામ કરતાં પ્રદીપ નામના શખસ પાસે તે જથ્થો છે. માહિતીની ખરાઈ કર્યા બાદ પ્રદીપ પ્રજાપતિની અટક કરી પૂછપરછ કરવામાં આવી હતી.

ચોરી કરવાનો જે પ્લાન હતો તે મુખ્ય આરોપી મુકેશે ઘડ્યો હતો, તે અગાઉ ડ્રાઈવિંગનું કામ કરતો હતો જે દરમિયાન એક ટીપ મળેલી હતી કે શક્તિ સિલ્વરમાંથી અમુક દાગીના છે તેમાં ઘણી વખત ચાંદીનો મોટો જથ્થો ઘરે પણ રાખવામાં આવતો હોય છે. એ બાતમીને આધારે મુકેશે રેકી કરી આ ગુનાને અંજામ આપ્યો હતો. રાજકોટમાં ચોરી કરી તમામ મુદ્દામાલ અમદાવાદ લાવવામાં આવ્યો હતો, જેમાંથી 40 કિલો પ્રદીપને રાખવા માટે આપ્યો હતો. પ્રદીપ રાજકોટ ચોરી કરવા ગયો ન હતો, આ ચોરીનો મુખ્ય સૂત્રધાર મુકેશ પ્રજાપતિ છે, જે પ્રદીપના મામાનો દીકરો થાય છે. તેને ચોરેલો માલ હાલમાં ધરપકડ કરાયેલ પ્રદીપને થોડા દિવસ માટે સંતાડીને રાખવા આપ્યો હતો. બાકીનો માલ મુકેશે ક્યાંક સંતાડેલો છે તેની પૂરતી માહિતી પોલીસને હજુ સુધી મળી નથી. અન્ય બે ત્રણ વ્યક્તિ પણ આ ગુનામાં સંડોવાયેલા છે. પોલીસે જણાવ્યું હતું કે જપ્ત કરાયેલી વસ્તુઓમાં બાળકો માટે બનાવાયેલા ચાંદીની બંગડીઓ અને ચાંદીના હારનો સમાવેશ થાય છે. રિકવરી બાદ આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.ભારતીય ન્યાય સંહિતા, 2023ની સંબંધિત કલમો હેઠળ રાજકોટ શહેર 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

વધુ તપાસમાં જાણવા મળ્યું કે ચોરીનો મુખ્ય આરોપી મુકેશ રામારામ પ્રજાપતિ જે પ્રદીપના મામાનો દીકરો છે, જે રાજસ્થાનના સિરોહી જિલ્લાનો વતની હતો અને હાલમાં વડોદરાના તરસાલી વિસ્તારમાં રહેતો હતો. મુકેશ પ્રજાપતિ એક રીઢો ગુનેગાર છે જેની અગાઉ અમદાવાદના રામોલ, ઈસનપુર અને નિકોલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અનેક ઘરફોડ ચોરીના કેસોમાં ધરપકડ કરવામાં આવી હતી. આરોપીની પૂછપરછ દરમિયાન ખુલાસો થયો છે કે મુકેશ પ્રજાપતિએ રાજકોટમાં ચોરી કરી હતી અને લગભગ 40 કિલો ચાંદીના દાગીનાવાળી બેગ પ્રદીપ પ્રજાપતિને સુરક્ષિત રાખવા આપી હતી. ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરાયેલા આરોપીને કેસ પેપર્સ સાથે રાજકોટ શહેર 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં વધુ તપાસ માટે ટ્રાન્સફર કરવા માટે પગલાં શરૂ કર્યા છે. ફરાર આરોપી મુકેશ રામારામ પ્રજાપતિને શોધી કાઢવા અને ધરપકડ કરવા માટે પણ પ્રયાસો ચાલુ છે. શું બાકીની 80 કિલોથી વધુ ચાંદી અમદાવાદના બજારમાં વેચાઈ ગઈ છે? તપાસમાં જાણવા મળ્યું છે કે ચોરાયેલા ચાંદીના દાગીનાનો એક ભાગ અમદાવાદના એક બુલિયન ડીલરને વેચવામાં આવ્યો હતો. બાકીની ચોરાયેલી મિલકત રિકવર કરવા અને ગુનામાં સંડોવાયેલા અન્ય બે ત્રણ વ્યક્તિઓને ઓળખવા માટે ક્રાઈમ બ્રાન્ચની અનેક ટીમો તૈનાત કરવામાં આવી છે.

# AMCની વેસ્ટ ટુ આર્ટ પહેલ, 1200 કિલો વેસ્ટ દોરીમાંથી 'કોમનવેલ્થ ગેમ્સ-2030'નો લોગો તૈયાર કરાયો.....




**અમદાવાદ, તા.09**

દર વર્ષે ઉત્તરાયણ બાદ રસ્તાઓ અને ઝાડ પર લટકતી પતંગની દોરીઓ પર્યાવરણ અને પક્ષીઓ માટે જોખમ ઊભું કરે છે. પરંતુ આ વર્ષે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગે આ જોખમી કચરાને કલામાં પરિવર્તિત કરી એક નવી મિસાલ કાયમ કરી છે. 'વેસ્ટ ટુ આર્ટ' અભિગમ હેઠળ, શહેરમાંથી એકત્ર કરાયેલી 1200 કિલો પતંગની દોરીમાંથી 'કોમનવેલ્થ ગેમ્સ-2030' નો આકર્ષક લોગો તૈયાર કરવામાં આવ્યો છે.

અમદાવાદમાં આગામી વર્ષોમાં યોજાનાર 'કોમનવેલ્થ ગેમ્સ-2030' અંગે નાગરિકોમાં અત્યારથી જ ઉત્સાહ અને જાગૃતિ વધે તે હેતુથી આ નવતર પ્રયોગ કરવામાં આવ્યો છે. પતંગની દોરીને ફેંકી દેવાને બદલે તેને કલાત્મક સ્વરૂપ આપીને ખેલ જગતના મહાકુંભના પ્રતીક તરીકે કંડારવામાં આવી છે. લોગો બનાવ્યા બાદ વધેલી દોરીને વેસ્ટ ગણીને ફેંકવામાં નથી આવી, પરંતુ તેને AMCના 'વેસ્ટ ટુ એનર્જી' પ્લાન્ટમાં મોકલી ઈંધણ તરીકે વીજળી ઉત્પાદન માટે ઉપયોગમાં લેવામાં આવી છે.

આ દોરી એકત્ર કરવા માટે ઉત્તરાયણ પર્વ દરમિયાન વિશેષ 'કરૂણા અભિયાન' ચલાવવામાં આવ્યું હતું. શહેરના 7 ઝોન અને 48 વોર્ડમાં 150થી વધુ લિટર પીકઅપ વાહનો અને વિશેષ ટીમો દ્વારા જાહેર રસ્તાઓ પરથી દોરીનો કચરો વીણવામાં આવ્યો હતો. આ અભિયાનમાં રાંદલ માતા સમિતિ, ધી ઈક્વલ સોસાયટી, પક્ષી બચાવો-પારેવડા ગ્રુપ અને ખોખરા યુથ ફેડરેશન જેવી સંસ્થાઓએ ખભેખભા મિલાવી કામગીરી કરી હતી.

AMCની આ પહેલથી માત્ર રસ્તાઓ સાફ નથી થયા, પરંતુ રખડતી દોરીથી પક્ષીઓ અને ટુ-વ્હીલર ચાલકોને થતી ઈજાઓમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. કચરાના વ્યવસ્થિત નિકાલ અને તેમાંથી કલાના સર્જનના આ મોડેલની શહેરભરમાં પ્રશંસા થઈ રહી છે. AMC સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગનો ઉદ્દેશ્ય જોખમી કચરાને રિસાયકલ કરી તેનો સર્જનાત્મક ઉપયોગ કરવાનો છે. આ લોગો રમતગમત પ્રત્યેના પ્રેમને દર્શાવવાની સાથે પર્યાવરણ પ્રત્યેની જવાબદારીનું પણ પ્રતીક છે.

# 6 સેકન્ડમાં કારનો કાચ તોડી 2 લાખની ચોરી, અમદાવાદના સાઉથ બોપલના CCTV વાઈરલ



**અમદાવાદ, તા.09**

અમદાવાદના સાઉથ બોપલ વિસ્તારમાં તસ્કરોએ ડર વગર ચોરી કરી છે. સાનવી સ્ટેરા ફ્લોરા બિલ્ડિંગ પાસે પાર્ક કરેલી એક કારને નિશાન બનાવીને ટુ વ્હીલર પર આવેલા બે શખ્સોએ ગણતરીની જ સેકન્ડોમાં કારનો કાચ તોડી નાખ્યો હતો. લોકોની અવરજવર હોવા છતાં, આ તસ્કરો કારમાં રાખેલી 2 લાખ રૂપિયાની રોકડ ભરેલી બેગ લઈને ફરાર થઈ ગયા હતા.

મળતી માહિતી અનુસાર, સાઉથ બોરલમાં પ્રિન્સ નામના વેપારી પોતાની કાર રોડની સાઈડમાં પાર્ક કરીને કામ અર્થે બિલ્ડિંગમાં ગયા હતા. તેમણે રૂપિયા ભરેલી બેગ ડ્રાઈવરની બાજુની સીટ પર રાખી હતી. આનો લાભ લઈને હેલ્મેટ પહેરેલા બે શખ્સોએ બાઈક પર ત્યાં આવી પહોંચ્યા હતા. સીસીટીવી ફૂટેજમાં જોઈ શકાય છે કે, બાઈક પાછળ બેઠેલા શખસે ત્રણ 6 સેકન્ડમાં કાચ તોડીને બેગની ચોરી કરી હતી. જ્યારે વેપારી પરત આવ્યા ત્યારે કાચ તૂટેલી હાલતમાં જોઈને તેમના હોશ ઉડી ગયા હતા.

ચોરીની જાણ થતાં જ વેપારીએ તાત્કાલિક 112 નંબર પર કોલ કરીને પોલીસને જાણ કરી હતી. બોપલ પોલીસે ઘટનાસ્થળે પહોંચી આસપાસના સીસીટીવી ફૂટેજ કબજે કર્યા છે, જેમાં બંને શખ્સોની હિલચાલ સ્પષ્ટપણે કેદ થઈ છે.

# ઉગ્ર વિરોધ બાદ અમદાવાદમાં 'હું નથુરામ' નાટક રદ: NSUIના કાર્યકરોએ સૂત્રો દીવાલો પર સૂત્રો લખી વ્યક્ત કર્યો હતો આક્રોશ







**અમદાવાદ, તા.09**

રાજકોટ અને જામનગર બાદ હવે અમદાવાદમાં પણ 'હું નથુરામ' નાટકને લઈને વિવાદ વકર્યો છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની નિર્વાણ તિથિના માસમાં જ આ નાટકનું આયોજન થતાં કોંગ્રેસ પક્ષની પાંખ NSUI અને યુથ કોંગ્રેસ મેદાને આવી છે. અમદાવાદના બોડકદેવ અને સિંધુભવન રોડ જેવા વિસ્તારોમાં આ નાટક સામે ઉગ્ર વિરોધ પ્રદર્શિત કરવામાં આવી રહ્યો છે. આ વિરોધને પગલે આયોજકોએ આ નાટક રદ કરવાનો નિર્ણય લીધો છે.

મળતી માહિતી અનુસાર, સોમવારે (નવમી ફેબ્રુઆરી) સિંધુભવન રોડ પર આવેલા પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમમાં 'હું નથુરામ' નાટકનું આયોજન કરાયું હતું. આ અગાઉ NSUIના કાર્યકરોએ ઓડિટોરિયમની આસપાસની જાહેર દીવાલો પર 'ગોડસે મુર્દાબાદ' અને 'ગાંધીજી અમર રહો' જેવા સૂત્રો લખી પોતાનો રોષ ઠાલવ્યો હતો. કાર્યકરોએ સ્પષ્ટ ચીમકી આપી છે કે ગાંધીની ભૂમિ પર ગોડસેના મહિમામંડન સમાન નાટક ચલાવી લેવામાં આવશે નહીં. વિરોધ દરમિયાન નથુરામ ગોડસેના ફોટા પર કાળી શાહી લગાવીને પ્રતીકાત્મક વિરોધ પણ નોંધાવવામાં આવ્યો હતો. જો કે, આ ભારે વિરોધના પગલે આ નાટક રદ કરવામાં આવ્યું છે.

હાલમાં આ નાટકની ટિકિટો ઓનલાઈન પ્લેટફોર્મ પર વેચાઈ રહી છે, પરંતુ NSUI દ્વારા આ પ્રદર્શનને રોકવાની પ્રબળ માંગ કરવામાં આવી રહી છે. અગાઉ સૌરાષ્ટ્રના શહેરોમાં થયેલા વિરોધ પ્રદર્શનની જેમ જ અમદાવાદમાં પણ નાટક દરમિયાન હંગામો થવાની પૂરી શક્યતા હતી. નોંધનીય છેકે, આ શોની 75 ટકા ટિકિટ વેચાઈ ગઈ હતી. ટિકિટનો ભાવ 275 રૂપિયા રાખવામાં આવ્યો હતો.

# સવારે ઠંડી અને બપોરે ગરમી...રાજ્યભરમાં બેવડી ઋતુ યથાવત્ રહેશે, હવામાન વિભાગની આગાહી

**અમદાવાદ, તા.09**

ગુજરાતમાં હાલ શિયાળો વિદાય લેવાની તૈયારીમાં હોય તેમ વાતાવરણમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં અત્યારે 'ડબલ સીઝન' એટલે કે બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. વહેલી સવારે અને રાત્રે ઠંડીનો ચમકારો અનુભવાય છે, જ્યારે બપોરે આકરો તડકો ઉનાળાની શરૂઆતનો અહેસાસ કરાવી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી એક સપ્તાહ સુધી રાજ્યમાં આવું જ મિશ્ર વાતાવરણ યથાવત્ રહેશે.

હવામાન વિભાગની લેટેસ્ટ આગાહી અનુસાર, આગામી સાત દિવસ રાજ્યમાં હવામાન સૂકું રહેશે અને લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો વધારો કે ઘટાડો થવાની સંભાવના નથી. હાલમાં નીચલા સ્તરે ઉત્તર-પૂર્વથી પૂર્વ દિશાના પવનો ફૂંકાઈ રહ્યા છે, જેના કારણે ઠંડીનું જોર ઘટ્યું છે. નોંધનીય છે કે, આ વર્ષે ઉત્તર દિશાના ઠંડા પવનો લાંબો સમય ટકી શક્યા નથી. ઠંડા પવનો માત્ર એકાદ દિવસ પૂરતા જ રહેતા હોવાથી તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો નથી.

હવામાનની સિસ્ટમ અંગે વિગતો આપતા હવામાન વિભાગના અધિકારીઓએ જણાવ્યું કે, મન્નારના અખાત પર સક્રિય થયેલું 'અપર લેવલ સાયક્લોનિક સર્ક્યુલેશન' હવે નબળું પડી ગયું છે. દક્ષિણ અને પશ્ચિમ-મધ્ય અરબી સમુદ્ર, માલદીવ અને કોમોરિન વિસ્તારોમાં છૂટાછવાયા નીચાથી મધ્યમ વાદળો છવાયેલા છે. જોકે, તેની કોઈ મોટી અસર ગુજરાતના તાપમાન પર જોવા મળે તેવી શક્યતા ઓછી છે.

આગામી દિવસોમાં આકાશ મુખ્યત્વે સાફ રહેશે અને ગરમીનો પારો ધીમે ધીમે ઊંચકાશે, જે ઉનાળાના વહેલા આગમનનો સંકેત આપી રહ્યો છે.

# ડોક્ટરને બ્લેકમેલ કરનાર CCTV ટેકનિશિયન ઝડપાયો, વીડિયો વાઈરલ કરવાની આપી હતી ધમકી



**અમદાવાદ, તા.09**

અમદાવાદના પાલડીમાં બ્લેકમેલિંગની એક ઘટના સામે આવી છે. ક્લિનિક ચલાવતા એક ડોક્ટરને સોશિયલ મીડિયા પર બદનામ કરવાની અને સીસીટીવી ફૂટેજ વાઈરલ કરવાની ધમકી આપી રૂપિયા પડાવનાર અબ્દુલ વહાબ સૈયદ નામના શખસની પોલીસે ધરપકડ કરી છે. આરોપીએ ડોક્ટરની અંગત પળોના સીસીટીવી ફૂટેજ ચોરી મોટી રકમની માંગણી કરી હતી, જે મામલે હવે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

થોડા દિવસો અગાઉ આ ડોક્ટરે પોતાના ક્લિનિક પર મસાજ માટે એક વ્યક્તિને બોલાવ્યો હતો. આ સમયના સીસીટીવી ફૂટેજ આરોપી અબ્દુલ વહાબ પાસે પહોંચી ગયા હતા. આરોપીએ આ ફૂટેજ ડોક્ટરને મોકલી આપી તેમને સોશિયલ મીડિયામાં બદનામ કરવાની ધમકી આપી હતી. આરોપીએ ડોક્ટર પાસેથી કુલ 40 હજાર રૂપિયાની ખંડણી માંગી હતી. સમાજમાં પ્રતિષ્ઠા ખરડાવાના ડરથી ડોક્ટરે શરૂઆતમાં આરોપીને 5 હજાર રૂપિયા આપી દીધા હતા, પરંતુ બ્લેકમેલિંગ ચાલુ રહેતા અંતે તેમણે પોલીસનો સંપર્ક કર્યો હતો.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આરોપી અબ્દુલ વહાબ અગાઉ સીસીટીવી ઈન્સ્ટોલેશનનું કામ કરતો હતો. આ ડોક્ટરના ક્લિનિકમાં પણ સીસીટીવી તેણે જ લગાવ્યા હોવાથી તેની પાસે સીસ્ટમનો પાસવર્ડ હતો, જેનો તેણે ચોરી કરવા માટે દુરુપયોગ કર્યો હતો. હાલમાં મજૂરી કામ કરતા આરોપીએ પોલીસ સમક્ષ એવી કબૂલાત કરી હતી કે તેના બાળકો બીમાર હોવાથી તેને પૈસાની જરૂર હતી, જેના કારણે તેણે આ ગુનો કર્યો હતો. હાલ પાલડી પોલીસે આરોપીની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

# અમદાવાદ એરપોર્ટ પર દુબઈથી આવેલા પેસેન્જર પાસેથી 96 લાખનું સોનું ઝડપાયું, લગડી અન્ડરવિયરમાં છુપાવી



**અમદાવાદ, તા.09**

અમદાવાદના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ વિભાગે સોનાની હેરાફેરીનું એક મોટું રેકેટ ઝડપ્યું છે. સોમવારે (નવમી ફેબ્રુઆરી) વહેલી સવારે દુબઈથી આવેલી એક ફ્લાઈટમાં ભારતીય પેસેન્જરની શંકાસ્પદ હિલચાલને આધારે અટકાયત કરવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં જ પેસેન્જર પાસેથી આશરે 96 લાખની કિંમત ધરાવતી સોનાની લગડીઓ મળી આવતા એરપોર્ટ પર ફફડાટ મચી ગયો હતો.

પેસેન્જરે કસ્ટમ અધિકારીઓની નજરથી બચવા માટે ચાલાકીપૂર્વક સોનું છુપાવ્યું હતું. તેણે પોતાના અન્ડરવિયરમાં ખાસ ખિસ્સા બનાવીને બે ગોલ્ડ બાર સંતાડ્યા હતા, પરંતુ જ્યારે અધિકારીઓએ તેની તપાસ કરી ત્યારે ચોંકાવનારી વિગત સામે આવી હતી. પેસેન્જરે બાકીનું સોનું પોતાના અંડરવેરની અંદર છુપાવી રાખ્યું હતું. કુલ 324.14 ગ્રામ વજન ધરાવતી ત્રણ સોનાની લગડીઓ જપ્ત કરવામાં આવી છે, જેની શુદ્ધતાની ચકાસણી બાદ કસ્ટમ એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

હાલમાં કસ્ટમ વિભાગ દ્વારા પકડાયેલા પેસેન્જરની કડક પૂછપરછ કરવામાં આવી રહી છે. અધિકારીઓ એ જાણવાનો પ્રયાસ કરી રહ્યા છે કે આ સોનાનો જથ્થો કોને પહોંચાડવાનો હતો અને શું આની પાછળ કોઈ ઈન્ટરનેશનલ સ્મગલિંગ ગેંગ સક્રિય છે કે નહીં. અંડરવેરમાંથી મળી આવેલા વધારાના સોનાના જથ્થાનું મૂલ્ય નક્કી કરવા માટે પણ તપાસ કરવામાં આવી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !
CNN CHANNEL NINE NETWORK GUJARAT Gujarati Daily News Paper
CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ
LIVE cnngujarat.co.in
આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

